# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654


09 JULY-2026 THURSDAY

વર્ષ-15 । અંક-236 । વિક્રમ સંવત-2082 । જેઠ વદ - 10 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08
રિશી કપૂર સાથેનું અફેર પકડાતાં માતાએ ઝીંકી થપ્પડ!


પેજ-09
સંજુ સેમસન મુદ્દે કોચ ગૌતમ ગંભીરે કરી સ્પષ્ટતા


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 37.00 | 29.00 |
| વડોદરા | 35.00 | 29.00 |
| સુરત | 32.00 | 28.00 |


પેજ 5




ચોમાસુ સક્રિય બનતા ખરીફ વાવણીની કામગીરીમાં જુલાઈના પ્રારંભમાં ગતિ

અરબ સાગરમાં પાકિસ્તાનનું કાર્ગો વિમાન ક્રેશ




પેજ 10


**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 76503.60 ▼ | 1677.12 |
| નિફ્ટી | 23882.05 ▼ | 516.65 |
| સોનું | 142696.00 ▼ | 2696.0 |
| ચાંદી | 221204.00 ▼ | 9653.0 |

### 31 માર્ચ 2026 સુધીમાં ટ્રસ્ટને હજારો કરોડ રૂપિયાનું ભંડોળ પ્રાપ્ત થયું : રામ મંદિર ટ્રસ્ટનો હિસાબ સામે આવ્યો

# 32 કિલો સોનું, 1500 કિલો ચાંદી અને 582 કરોડ રોકડ દાન

(એજન્સી) અયોધ્યા | તા.08

રામ જન્મભૂમિ ટ્રસ્ટને 2020થી 31 માર્ચ, 2026 સુધીમાં 3,264 કરોડ રૂપિયાનું દાન મળ્યું છે. જેમાંથી 2,370 કરોડ મંદિર નિર્માણ પાછળ ખર્ચાયા. હાલ ટ્રસ્ટ પાસે 1,876.30 કરોડનું ભંડોળ છે. ટ્રસ્ટના રેકોર્ડ મુજબ 32.259 કિલોગ્રામ સોનું અને 1,518.925 કિલોગ્રામ ચાંદી પણ દાનમાં મળી છે. ચાંદી ગુમ થવાના આક્ષેપો ખોટા ઠર્યા.

રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની નાણાકીય સ્થિતિ અને દાનમાં મળેલા સોના-ચાંદીના રેકોર્ડ સાથે સબંધિત એક મહત્વની માહિતી સામે આવી છે. SITના પ્રારંભિક અહેવાલ અને ટ્રસ્ટના ઉપલબ્ધ નાણાકીય વિવરણ પ્રમાણે 31 માર્ચ 2026 સુધીમાં ટ્રસ્ટને હજારો કરોડ રૂપિયાનું ભંડોળ પ્રાપ્ત થયું છે. આ રિપોર્ટમાં રોકડ દાન, મંદિર નિર્માણ પાછળ થયેલા ખર્ચ, ટ્રસ્ટના વર્તમાન ભંડોળ, જમીનની ખરીદી અને દાનમાં મળેલા સોના-ચાંદીની વિગતવાર માહિતી આપવામાં આવી છે.રિપોર્ટ પ્રમાણે વર્ષ 2020થી 31 માર્ચ 2026 સુધીમાં નિધિ સમર્પણ અભિયાન અને કોર્પસ ડોનેશનના માધ્યમથી ટ્રસ્ટને કુલ રૂ. 3,264 કરોડ પ્રાપ્ત થયા છે.



### 32.259 કિલોગ્રામ સોનાનો રેકોર્ડ

દાનમાં મળેલા સોના અંગે અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, 31 માર્ચ 2026 સુધીમાં ટ્રસ્ટના રેકોર્ડ પર 32.259 કિલોગ્રામ સોના જેવી વસ્તુઓ નોંધાયેલી છે. જ્યારે ચાંદી અંગેના રિપોર્ટ પ્રમાણે ટ્રસ્ટને દાનમાં મળેલી ચાંદીની વસ્તુઓને 'સિક્યોરિટી પ્રિન્ટિંગ એન્ડ મિન્ટિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા' (SPMCIL) મોકલવામાં આવી હતી, જ્યાં તેને શુદ્ધ કરીને સિલ્વર બારમાં ફેરવવામાં આવી છે. 31 માર્ચ 2026 સુધીમાં ટ્રસ્ટના રેકોર્ડમાં 849.272 કિલોગ્રામ 99.99 ટકા શુદ્ધ ચાંદી અને 669.653 કિલોગ્રામ અન્ય ચાંદી જેવી ધાતુ નોંધાયેલી છે. આ પ્રકારે ટ્રસ્ટ પાસે કુલ 1,518.925 કિલોગ્રામ ચાંદીનો રેકોર્ડ ઉપલબ્ધ છે. રિપોર્ટમાં જણાવાયું છે કે, સોશિયલ મીડિયા પર દાનમાં મળેલી ચાંદીની સિલ્લી ગાયબ થઈ હોવાના જે આક્ષેપો થયા હતા, તેની પણ તપાસ કરવામાં આવી હતી. આ તપાસમાં 'ઈન્ડિયન બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન' તેમજ 'વિશ્વ સિંધી સેવા સમાજ' દ્વારા દાનમાં આપવામાં આવેલી ચાંદી અંગે કરાયેલા આક્ષેપો ખોટા સાબિત થયા છે. રિપોર્ટ પ્રમાણે તમામ વસ્તુઓ સરકારી ટંકશાળના રેકોર્ડ અને ટ્રસ્ટના દસ્તાવેજોમાં નોંધાયેલી મળી આવી છે.

### 582 કરોડ રોકડ દાન

રિપોર્ટ પ્રમાણે ટ્રસ્ટને 31 માર્ચ 2026 સુધીમાં રૂ. 582 કરોડ રોકડ દાન પ્રાપ્ત થયું છે. આ રકમમાંથી રૂ. 391 કરોડ સંચાલન અને રાજસ્વ સબંધિત ખર્ચ પાછળ વાપરવામાં આવ્યા છે. 31 માર્ચ 2026 સુધીની અન-ઓડિટેડ કામચલાઉ નાણાકીય સ્થિતિ પ્રમાણે ટ્રસ્ટ પાસે હાલ રૂ. 1,876.30 કરોડનું કુલ ભંડોળ ઉપલબ્ધ હતું. આ રકમ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (SBI), બેન્ક ઓફ બરોડા (BOB) અને પંજાબ નેશનલ બેન્ક (PNB)ની ફિક્સ્ડ ડિપોઝિટ (FD), મ્યુચ્યુઅલ ફંડ અને બેંક ખાતાઓ અનામત રાખવામાં આવી છે.

### 2.57 એકર જમીન પણ ખરીદી

રિપોર્ટ પ્રમાણે 1 એપ્રિલ 2025થી 31 માર્ચ 2026 વચ્ચે ટ્રસ્ટે વિવિધ સ્થળો પર 2.57 એકર જમીન ખરીદી છે અથવા તેના માટે કરાર કર્યા છે. આ જમીન પાછળ કુલ રૂ. 20.16 કરોડ ખર્ચવામાં આવ્યા છે. રિપોર્ટમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે, આ સંપૂર્ણ નાણાકીય પત્રક 31 માર્ચ 2026 સુધીની સ્થિતિ પર આધારિત છે, જેમાં ટ્રસ્ટની આવક, ખર્ચ, રોકડ દાન, બાંધકામ પાછળ થયેલો ખર્ચ, જમીનની ખરીદી અને દાનમાં મળેલી કિંમતી ધાતુઓનો સત્તાવાર રેકોર્ડ સામેલ છે.

## રામ મંદિરમાં ચોરી : પોલીસે જેલમાંથી 3 આરોપીઓને લઈ ગઈ

### CCTVમાં નોટો ખિસ્સામાં ભરતા દેખાયા હતા; ગોવિંદ દેવ ચંપત રાયને મળવા પહોંચ્યા

(એજન્સી) અયોધ્યા | તા.08

અયોધ્યા રામ મંદિર ચઢાવા ચોરીના ત્રણ આરોપીઓ લવકુશ, અનુકલ્પ અને કરુણેશને પોલીસે 40 કલાકના રિમાન્ડ પર લીધા છે. પોલીસ ટીમ સવારે 7:36 વાગ્યે ફૈઝાબાદ જેલ પહોંચી અને ત્રણેય આરોપીઓને પોલીસ લઈ ગઈ.

આ તરફ, SIT એ હવે શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મોટા કાર્યક્રમોના ખર્ચની તપાસ શરૂ કરી દીધી છે. SIT 22 જાન્યુઆરી 2024ના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ અને 25 નવેમ્બર 2025ના ધ્વજારોહણના બિલ અને વાઉચર ચકાસી રહી છે.

રેકોર્ડ મુજબ, 'પ્રાણ પ્રતિષ્ઠા' સમારોહ પાછળ 113 કરોડનો ખર્ચ થયો હતો અને તેમાં આશરે 8,000 મહેમાનોએ હાજરી આપી હતી. ધ્વજારોહણ સમારોહનો ખર્ચ 10.12 કરોડ હતો અને તેમાં 6,000 મહેમાનો સામેલ થયા હતા. જોકે 'પ્રાણ પ્રતિષ્ઠા' સમારોહમાં માત્ર 2,000 મહેમાનો વધુ હતા, તેમ છતાં તેનો ખર્ચ લગભગ 11 ગણો વધારે હતો.

રામ મંદિરમાંથી દાનની ચોરીના મામલે પોલીસે અયોધ્યાના મિલ્કીપુર વિસ્તારમાં દરોડા પાડ્યા હતા. આરોપી અનુકલ્પ મિશ્રાના કાકાના સ્થળ ઉપરાંત, પોલીસે ઈનાયતનગર ખાતે એક બુલિયન વેપારી (સોના-ચાંદીના વેપારી) અને બાંધકામ સામગ્રીના વેપારીના સ્થળો પર પણ દરોડા પાડ્યા હતા. તપાસ ટીમ ખરીદવામાં આવેલી સંપત્તિ કે સામાન માટે કઈ રીતે ચૂકવણી કરવામાં આવી હતી, તે જાણવાનો પ્રયાસ કરી રહી છે.

## બાળકી પર બળાત્કાર-હત્યાનો આરોપી એન્કાઉન્ટરમાં ઠાર

### બંગાળ પોલીસનો દાવો, રાઈફલ છીનવીને ભાગવાની કોશિશ કરી હતી ; તળાવમાંથી સગીરાનો મૃતદેહ મળ્યો હતો

(એજન્સી) પશ્ચિમ બંગાળ | તા.08

પશ્ચિમ બંગાળના દક્ષિણ 24 પરગણા જિલ્લાના બારુઈપુરમાં સગીરા પર બળાત્કાર અને હત્યાનો એક આરોપી પ્રભાસ મંડલ પોલીસ એન્કાઉન્ટરમાં માર્યો ગયો. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી પૂછપરછ દરમિયાન પોલીસ કસ્ટડીમાંથી ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

પોલીસે દાવો કર્યો છે કે પ્રભાસ મંડલે એક પોલીસકર્મીની રાઈફલ છીનવી લીધી હતી. આ પછી પોલીસ અને આરોપી વચ્ચે એન્કાઉન્ટર થયું, જેમાં પ્રભાસ મંડલને ગોળી વાગી. તેને તરત જ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, જ્યાં ડોકટરોએ તેને મૃત જાહેર કર્યો.

બારુઈપુરમાં 12 વર્ષની છોકરી 4 જુલાઈએ ગુમ થઈ ગઈ હતી. 5 જુલાઈએ એક તળાવમાંથી તેનો મૃતદેહ મળ્યો. પોસ્ટમોર્ટમમાં બળાત્કારની પુષ્ટિ થઈ. પોલીસે બળાત્કાર-હત્યાના આરોપમાં પ્રભાસ મંડલ સહિત ત્રણ લોકોની ધરપકડ કરી હતી. આમાંથી એક આરોપીનું નામ આનંદ સરદાર છે.

### NCWએ એક અઠવાડિયામાં રિપોર્ટ માંગ્યો

**રાષ્ટ્રીય મહિલા આયોગ (NCW) એ 6 જુલાઈએ બંગાળના DGP સિદ્ધાર્થ નાથ ગુપ્તા પાસેથી એક અઠવાડિયાની અંદર વિગતવાર કાર્યવાહી રિપોર્ટ (ATR) માંગી છે. આયોગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ATR માં ફક્ત આ ભયાનક અપરાધની માહિતી જ નહીં, પરંતુ ત્યારબાદ થયેલી ભીડની હિંસાની ઘટનાઓનો પણ ઉલ્લેખ હોવો જોઈએ, જેમાં અપરાધમાં સામેલ હોવાના શકમાં એક વ્યક્તિને માર મારીને હત્યા કરી દેવામાં આવી, કેન્દ્રીય દળોના જવાનો પર હુમલો કરવામાં આવ્યો અને પોલીસની ગાડીઓમાં આગ લગાડી દેવામાં આવી. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો અનુસાર, ભારતમાં દર વર્ષે POCSO ના લગભગ 70,000 કેસ નોંધાય છે. દર મહિને તેમની સંખ્યા લગભગ 5,766 હોય છે. જ્યારે દરરોજ લગભગ 190 કેસ નોંધાય છે.**

### એક આરોપીને ભીડે માર મારીને મારી નાખ્યો હતો

**5 જુલાઈના રોજ તળાવમાંથી યુવતીનો મૃતદેહ મળ્યા બાદ તરત જ ભીડે એક આરોપીને માર મારીને હત્યા કરી દીધી હતી. તેના પર બાળકીના બળાત્કાર અને હત્યામાં સામેલ હોવાની શંકા હતી. મૃતકની ઓળખ ઈન્દ્રજીત તાંતી તરીકે થઈ હતી. પોલીસે વિસ્તારના CCTV ફૂટેજની પણ તપાસ કરી, જેમાં ચાર લોકો છોકરીને પોતાની સાથે લઈ જતા જોવા મળ્યા હતા. પોલીસે જણાવ્યું કે પ્રારંભિક પોસ્ટમોર્ટમમાં છોકરીના માથા અને પ્રાઈવેટ પાર્ટ્સ પર ઈજાના નિશાન મળ્યા હતા. છોકરીના માથા પર કાં તો કોઈ ભારે વસ્તુથી હુમલો કરવામાં આવ્યો હતો અથવા તેને કોઈ સખત સપાટી પર પછાડવામાં આવી હતી. શરીરના અલગ-અલગ ભાગો પર ઉઝરડા અને કાપવાના નિશાન હતા. તેના ફેફસાં અને પેટમાં પાણી મળ્યું. આરોપીઓએ તેને જીવતી જ તળાવમાં ફેંકી દીધી હતી. ડૂબી જવા અને વધુ પડતા રક્તસ્રાવને કારણે તેનું મૃત્યુ થયું.**

## પૂર્વ CM કેજરીવાલનો બંગલો ગેસ્ટ હાઉસમાં રૂપાંતરિત થશે

### દિલ્હી સરકાર ટૂંક સમયમાં મંજૂરી આપશે, મંત્રીઓ-અધિકારીઓ રોકાશે

(એજન્સી) નવી દિલ્હી | તા.08

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના સત્તાવાર નિવાસસ્થાન રહેલા સિવિલ લાઈન્સ સ્થિત ફ્લેગસ્ટાફ રોડના બંગલાને રાજ્ય સરકાર સ્ટેટ ગેસ્ટ હાઉસમાં બદલવાની તૈયારી કરી રહી છે. સત્તાવાર સૂત્રો અનુસાર, આ પ્રસ્તાવ પર સરકાર અંતિમ નિર્ણય લેવાની નજીક છે.

બંગલો નંબર-6 ને અન્ય રાજ્ય અતિથિ ગૃહોની જેમ વિકસાવવામાં આવશે. અહીં બહારથી આવતા મંત્રીઓ અને સરકારી અધિકારીઓ રોકાશે. આ માટે ફી પણ લેવામાં આવશે.

પ્રસ્તાવમાં પાર્કિંગ, વેઈટિંગ હોલ અને અન્ય જરૂરી સુવિધાઓ વિકસાવવાની યોજના છે. જોકે, આ પ્રસ્તાવને હજુ ઉચ્ચ સ્તરેથી અંતિમ મંજૂરી મળવી બાકી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, પૂર્વ મુખ્યમંત્રીનું આ આવાસ હાલ ખાલી પડ્યું છે. તેની જાળવણી માટે લગભગ 10 કર્મચારીઓ તૈનાત છે, જેઓ રોજિંદા સફાઈની સાથે રેફ્રિજરેટર, એર કંડિશનર સહિતના અન્ય ઉપકરણોની જાળવણી કરે છે. કેજરીવાલ મુખ્યમંત્રી હતા ત્યારે આ બંગલાના નવીનીકરણને લઈને મોટો વિવાદ થયો હતો. ભાજપે તેના મોંઘા અને ભવ્ય રેનોવેશનને લઈને તેને 'શીશમહેલ' નામ આપ્યું હતું. નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (CAG)ના રિપોર્ટમાં પણ ખુલાસો થયો કે રિનોવેશન પર નિર્ધારિત અંદાજ કરતાં લગભગ 342% વધુ ખર્ચ કરવામાં આવ્યો હતો.

## મુંબઈ એરપોર્ટમાં રનવે પર સામસામે આવ્યા પ્લેન

### એર ઈન્ડિયા એક્સપ્રેસનું વિમાન લેન્ડિંગ પછી ઊભું હતું, એર ઈન્ડિયા પ્લેને ટેક-ઓફ રન શરૂ કરી દીધો

(એજન્સી) મુંબઈ | તા.08

મુંબઈ એરપોર્ટ પર મંગળવારે રાત્રે એક મોટી દુર્ઘટના ટળી ગઈ. એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસના બે વિમાનો એક જ રનવે પર સામસામે આવી ગયા હતા. આ ઘટના રાત્રે 10 વાગ્યાની હોવાનું જણાવાયું છે. ન્યૂઝ એજન્સી PTI અનુસાર, એર ઈન્ડિયાના વિમાને એર ટ્રાફિક કંટ્રોલરના નિર્દેશ પર ટેક-ઓફ રન રોકી દીધો, જેના કારણે મોટી દુર્ઘટના ટળી ગઈ.

સૂત્રોએ જણાવ્યું કે એર ઈન્ડિયા એક્સપ્રેસનું વિમાન લેન્ડિંગ પછી રનવે પરથી હટ્યું ન હતું, ત્યારે જ દિલ્હી જતું એર ઈન્ડિયાનું વિમાન તે જ રનવે પરથી ઉડાન ભરવાની તૈયારી કરી રહ્યું હતું.




એર ઈન્ડિયાના પ્રવક્તાએ જણાવ્યું કે સિલિગુડીથી આવેલી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ રનવે ખાલી કરી રહી હતી. જ્યારે દિલ્હી જતી ફ્લાઈટ AI816ના ક્રૂએ ATCના નિર્દેશ મળતા જ ટેકઓફ રન તરત રોકી દીધો અને વિમાનને પાછું પાર્કિંગ એરિયામાં લઈ જવામાં આવ્યું.

એરલાઈન અનુસાર, વિમાનની સ્ટાન્ડર્ડ ઓપરેશન પ્રોસિજર હેઠળ તપાસ કરવામાં આવશે. મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાન સુધી પહોંચાડવા માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે. સામાન્ય રીતે, ટેક-ઓફ રનનો અર્થ છે ટેક-ઓફની ગતિ પકડતા પહેલા વિમાનનું જમીન પર દોડવું.

## ઉત્તરાખંડમાં ફોરલેન પ્રોજેક્ટના વિરોધમાં 'બ્લેક હરેલા' મનાવાશે

(એજન્સી) ઉત્તરાખંડ | તા.08

ઋષિકેશ-ભાનિયાવાલા ફોરલેન પરિયોજનાને લઈને વિરોધ ઉગ્ર બન્યો છે. એલિફન્ટ કોરિડોરમાંથી પસાર થઈ રહેલા આ રસ્તાના પહોળા કરવા માટે 4,475 વૃક્ષો કાપવાનું શરૂ થતાં પર્યાવરણવિદો, સામાજિક સંગઠનો અને સ્થાનિક નાગરિકોએ ગંભીર વાંધો ઉઠાવ્યો છે. તેમનું કહેવું છે કે એલિફન્ટ કોરિડોર સંબંધિત મામલો સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે, તેમ છતાં મોટા પાયે વૃક્ષો કાપવામાં આવી રહ્યા છે. વિરોધમાં 8 જુલાઈએ NHAI કાર્યાલય બહાર પ્રદર્શન થશે, જ્યારે વૃક્ષો કાપવાના વિરોધમાં આ વખતે હરેલા પર્વ (16 જુલાઈ)ને 'બ્લેક હરેલા' તરીકે ઉજવવામાં આવશે.

20 કિમી લાંબો રસ્તો, 743 કરોડનો ખર્ચ નેશનલ હાઈવે-7 (NH-7) પર ભાનિયાવાલાથી ઋષિકેશ સુધી લગભગ 20 કિમી લાંબો ફોરલેન રસ્તો બનાવવામાં આવી રહ્યો છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) તેને હાઈબ્રિડ એન્યુટી મોડેલ (HAM) હેઠળ 743 કરોડના ખર્ચે વિકસાવી રહ્યું છે.

એરપોર્ટ અને ચારધામ યાત્રાને મળશે ફાયદો NHAIનો દાવો છે કે પ્રોજેક્ટ પૂર્ણ થવા પર જૌલીગ્રાન્ટ એરપોર્ટથી ઋષિકેશની યાત્રા લગભગ 30 મિનિટમાં પૂરી થશે.

## ભારતથી કૈલાશ પર્વત દર્શન માટે રાહ જોવી પડશે

પિથોરાગઢ : તિબેટમાં આવેલા પવિત્ર કૈલાસ પર્વતના ભારતમાં રહીને દર્શન કરવા માટે શ્રદ્ધાળુઓને હજુ લગભગ બે મહિના રાહ જોવી પડશે. હાલમાં ઈનર લાઈન પરમિટ (ILP) જારી કરવામાં આવી રહી નથી. જિલ્લા પ્રશાસનનું કહેવું છે કે સપ્ટેમ્બરની આસપાસ પરમિટ શરૂ થતાં, આદિ કૈલાસ અને ઓમ પર્વત આવનારા શ્રદ્ધાળુઓ 17 હજાર ફૂટની ઊંચાઈ પર આવેલા ઓલ્ડ લિપુલેખ (ઓલ્ડ લિપુપાસ) જઈને ભારતની સરહદ પરથી કૈલાસ પર્વતના દર્શન કરી શકશે.આ વર્ષે યાત્રા સીઝનની શરૂઆતમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઓલ્ડ લિપુલેખ પહોંચીને કૈલાસ પર્વતના દર્શન કરી ચૂક્યા છે. બાદમાં ખરાબ હવામાન અને સુરક્ષા કારણોસર સેનાએ આ વિસ્તારમાં અવરજવર પર અસ્થાયી રોક લગાવી દીધી હતી.

## વાયનાડમાં ભુસ્ખલન અને રાજસ્થાનમાં વીજળી પડવાની ઘટનાઓમાં 8ના મોત

જયપુર : કેરળના વાયનાડમાં ભુસ્ખલનને કારણે પાંચ લોકોના મોત નિપજ્યા હતા જ્યારે ૧૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ટનલ પ્રોજેક્ટ સ્થળે જ આ ઘટના બની હતી જેને કારણે કેટલાક લોકો ગૂમ છે જેમને રેસ્ક્યૂ કરવામાં આવી રહ્યા છે. જ્યારે રાજસ્થાનમાં પણ ભારે વરસાદ વચ્ચે વીજળી પડવાથી ત્રણ લોકો માર્યા ગયા હતા. ઝૂપડા પર વીજળી પડવાથી એક જ પરિવારના લોકો માર્યા ગયા હતા જેમાં બાળકનો પણ સમાવેશ થાય છે. કેરળના વાયનાડથી કોઝિકોડેને જોડનારી ટનલના પ્રોજેક્ટ સ્થળ પાસે ભુસ્ખલન થયું હતું. જેમાં પાંચ લોકો માર્યા ગયા છે. અનેક લોકો કાટમાળમાં દટાયા છે જેમને બચાવવા માટે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરાયું હતું. સ્થાનિક સાંસદ પ્રિયંકા ગાંધીએ પ્રશાસનને તમામ અસરગ્રસ્તોને મદદ કરવા માટે કહ્યું હતું સાથે જ દાવો કર્યો હતો કે તેમણે કેરળના મુખ્યમંત્રી વીડી સતીશન સાથે પણ વાતચીત કરી હતી.



## લોકો પાયલટે સમોસા માટે ટ્રેન રોકી

### ઈન્દોરમાં લોકો બોલ્યા- ઘણીવાર આવું જ થાય છે; રેલવે વિભાગે તપાસ શરુ કરી

(એજન્સી) ઈન્દોર | તા.08

ઈન્દોર-મહુ વચ્ચે ચાલી રહેલી ડેમુ ટ્રેન સાથે જોડાયેલો એક વીડિયો સામે આવ્યો છે. જેમાં ટ્રેન ઉભી છે જ્યારે લોકો પાયલટ ટ્રેકની સાઈડમાં બનેલી એક દુકાન પર ઉભો છે. તે દુકાનમાંથી સમોસા ખરીદે છે, પછી એન્જિન તરફ આગળ વધે છે. લોકો પાયલટ એન્જિનમાં ચડ્યા પછી ટ્રેન આગળ જાય છે.

વીડિયો રાઉના રંગવાસા રોડ વિસ્તારનો હોવાનું કહેવાય છે. સ્થાનિક રહેવાસીઓનો આરોપ છે કે ઈન્દોર-મહુ ડેમુ ટ્રેન અહીં અવારનવાર થોડી મિનિટો માટે ઉભી રહે છે. લોકો પાયલટ ટ્રેનમાંથી ઉતરીને નજીકની દુકાનમાંથી સમોસા ખરીદે છે. આ પછી જ ટ્રેન અહીંથી રવાના થાય છે.

રેલવે વિભાગે મામલાની તપાસ શરૂ કરાવી દીધી છે.

રેલવેના જનસંપર્ક અધિકારી મુકેશ કુમારે જણાવ્યું કે વાયરલ વીડિયો તેમના ધ્યાનમાં આવ્યો છે. તેને સિનિયર અધિકારીઓને મોકલી દેવામાં આવ્યો છે. સમગ્ર મામલાની તપાસ કરાવવામાં આવી રહી છે.

જો એ સાબિત થાય કે લોકો પાયલટે અધિકૃત કારણ, સિગ્નલ કે સંચાલન સંબંધિત જરૂરિયાત વિના ટ્રેન રોકી અને અંગત કામ માટે કેબિનમાંથી બહાર નીકળ્યો, તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે.

## શંકરાચાર્ય યૌન શોષણ કેસ આશુતોષ મહારાજનું જ ષડયંત્ર

### સિક્રેટ કેમેરા સામે બટુક પલટાયો, કહ્યું- આશુતોષે સામ-દામ-દંડ-ભેદની નીતિ અપનાવી ખોટા નિવેદનો લેવડાવ્યા

(એજન્સી) પ્રયાગરાજ | તા.08

પ્રયાગરાજનો માઘ મેળો સંગમ કિનારે એક તંબુમાંથી આવતા મંત્રોનો અવાજ. થોડા કલાકો પછી યજ્ઞ પૂરો થયો. શાકંભરી પીઠાધીશ્વર આશુતોષ બ્રહ્મચારીએ 2 બટુકોને બોલાવ્યા. માથા પર હાથ મૂક્યો અને 6-6 હજાર રૂપિયા દક્ષિણા આપી. દક્ષિણા કાર્ડ બનાવવા માટે આધાર કાર્ડ લીધા. કોરા કાગળ પર સહી કરાવી.

બસ અહીંથી જ શરૂ થયો શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદને યૌન શોષણમાં ફસાવવાનો ખેલ. આશુતોષે જે કોરા કાગળો પર બટુકની સહી લીધી હતી, તેના પર યૌન ઉત્પીડનની ખોટી સ્ક્રિપ્ટ લખી દીધી. આ ષડયંત્રને અંજામ આપવા માટે આશુતોષે સામ, દામ, દંડ અને ભેદનો સહારો લીધો.



આ માટે એક વર્ષ પાછળ જવું પડશે. બંને બટુકો ગયા વર્ષે યુપીના બે અલગ-અલગ શહેરોમાં થયેલા યજ્ઞમાં સામેલ થયા હતા. તેમને 60-60 હજાર રૂપિયા દક્ષિણા મળી. અહીં આ બંને આશુતોષ મહારાજના સંપર્કમાં આવ્યા. આશુતોષ મહારાજે તેમને શંકરાચાર્ય યૌન શોષણ કેસમાં 4 કારણોસર ફરિયાદી બનાવ્યા.

આશુતોષને એ અંદાજ હતો કે બટુક કે તેનો પરિવાર પીછેહટ કરી શકે છે. તેનું ષડયંત્ર નબળું ન પડે, તેથી તેણે છેતરપિંડીથી પહેલા જ સાદા કાગળ પર બંને બટુકો પાસેથી સહી કરાવી લીધી હતી. પછી તે કાગળો પર યૌન શોષણના નિવેદનો પોતે લખી લીધા.





Nippon india Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
|---|---|---|
| 10 July, 2026 | 7:00 PM | Bhavnagar |

Venue : SAFFRON C/o Sai Gayatri Banquets & Hotel, Sankalp Group of Restaurant, Shop No 118, EVA SURBHI Waghawadi Road, Bhavnagar, Gujarat-364002

Name : Krunal Solanki | Mobile : 9374521099

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

# AAP પ્રદેશ પ્રભારી ગોપાલ રાયે ખોટા કેસમાં જેલમાં બંધ ભરુચ જિલ્લા પ્રમુખ પિયૂષ પટેલના ઘરે જઈ તેમના પરિવાર સાથે મુલાકાત કરી...

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રભારી ગોપાલ રાયે ખોટા કેસમાં જેલમાં બંધ ભરુચ જિલ્લા પ્રમુખ પિયૂષ પટેલના ઘરે જઈ આજે તેમના પરિવાર સાથે મુલાકાત કરી. આ મુલાકાત દરમિયાન પ્રભારી ગોપાલ રાયની સાથે નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવા સહિત આમ આદમી પાર્ટીના અનેક હોદ્દેદારો અને કાર્યકરો પણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રભારી ગોપાલ રાયે તેમના પરિવારના સભ્યોને મળીને હિંમત આપી અને વિશ્વાસ અપાવ્યો કે આખી આમ આદમી પાર્ટી ભરૂચ જિલ્લા પ્રમુખ પિયૂષ પટેલની સાથે છે. ત્યારબાદ પ્રદેશ પ્રભારી ગોપાલ રાયે મીડિયા સમક્ષ પોતાની વાત રાખતાં જણાવ્યું કે, આજે અમે ભરૂચ જિલ્લા પ્રમુખ પિયૂષ પટેલના ઘરે પહોંચ્યા છીએ. આજે કોઈપણ નેતા જો જનતાના મુદ્દા ઉઠાવે છે તો તેના જવાબમાં ભાજપ પાસે માત્ર એક જ ઉપાય છે કે તેમને પકડીને જેલમાં મોકલી દેવામાં આવે છે. ઝઘડિયા GIDCમાં બોયલર ફાટ્યો અને જેમના કર્મચારીઓના જીવ ગયા, તેમને ન્યાય આપવાના બદલે તેમના પક્ષમાં અવાજ ઉઠાવનારા ધારાસભ્ય ચૈતર વસાવા, ભરૂચ જિલ્લા પ્રમુખ પિયૂષ પટેલ, ઝઘડિયાના પ્રભારી રજની વસાવા સહિત તમામ લોકો પર ખોટા કેસ કરીને તેમને જેલમાં મોકલી દેવામાં આવ્યા. તે કંપની સામે FIR થઈ નથી, પરંતુ જેમણે તે કર્મચારીઓ માટે અવાજ ઉઠાવ્યો તેમને પકડીને જેલમાં મોકલી દેવામાં આવ્યા.

પ્રદેશ પ્રભારી ગોપાલ રાયે આગળ જણાવ્યું કે, પહેલા ચૈતર વસાવાને સજા સંભળાવીને જેલમાં મોકલી દેવામાં આવ્યા. ત્યારબાદ સમગ્ર ભરૂચ લોકસભામાં જે પણ લોકો ચૈતર વસાવાની લડાઈમાં કદમથી કદમ મિલાવીને ચાલી રહ્યા હતા, પછી તે પિયૂષ પટેલ હોય, રજની વસાવા હોય અથવા આમ આદમી પાર્ટીના કોઈપણ હોદ્દેદાર હોય, તેમને પકડીને જેલમાં મોકલી દેવામાં આવ્યા. હું ભાજપ સરકારને કહેવા માંગું છું કે તમે ભલે કેટલાય લોકોને પકડીને જેલમાં મોકલી દો, પરંતુ આમ આદમી પાર્ટી જે આદિવાસીઓની લડાઈ લડી રહી છે, તે ખેડૂતોની લડાઈ લડી રહી છે, મજૂરોની લડાઈ લડી રહી છે, તે લડાઈ ચાલુ રાખશે. અમે તેમના હક અને અધિકારોની લડાઈ ચાલુ રાખીશું અને તેમનો ઉપયોગ અવાજ બનીને આગળ કાનૂની રીતે પણ લડાઈ ચાલુ રાખીશું. આગામી દિવસોમાં જો સરકાર આ પ્રકારના દમનથી પાછળ નહીં હટે તો આમ આદમી પાર્ટી ખૂબ મોટું આંદોલન શરૂ કરશે. જેમની ધરપકડ કરવામાં આવે છે તેમની લડાઈ અમે વકીલો મારફતે લડીએ છીએ અને તેમના સમર્થનમાં આંદોલનના રૂપમાં પણ સમગ્ર રાજ્યમાં અવાજ ઉઠાવીએ છીએ.



# દવા વેચાણ અને તેની કિંમતનો રેકોર્ડ હવે સાત વર્ષ સુધી સાચવવો ફરજિયાત, કેન્દ્ર સરકારનો આદેશ

અમદાવાદ | કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ફાર્માસ્યુટિકલ્સે જૂન 2026 ના અંતથી દવાની કિંમતોના નિયમન સંબંધિત કાયદામાં મહત્વના સુધારા અમલમાં મૂકવામાં આવ્યા છે. દવાની અલગ મહત્તમ કિંમત નક્કી કરવા અને ઓવરચાર્જિંગ (વધુ કિંમત વસૂલવા) ના કિસ્સામાં દંડનીય જવાબદારી નક્કી કરતા આ સુધારાથી સમગ્ર ફાર્મા સેક્ટરના સમીકરણો બદલાશે. આ ફેરફારો દવા બનાવતી કંપનીઓ, ડિસ્ટ્રિબ્યુટર્સ, કેમિસ્ટ (મેડિકલ સ્ટોર્સ) અને અંતિમ ગ્રાહકો પર સીધી અસર કરશે. એક, નવા સુધારા મુજબ હવે દવા ઉત્પાદકોએ ફોર્મ્યુલેશન યુનિટ્સ, પેક્સ તેમજ દરેક સક્રિય ફાર્માસ્યુટિકલ સામગ્રી અથવા બલ્ક ડ્રગ્સ (ભલે તે ઉત્પાદિત હોય કે આયાત કરેલી હોય) ના વેચાણના તમામ દસ્તાવેજો ઓછામાં ઓછા 7 નાણાકીય વર્ષ સુધી સુરક્ષિત અને વ્યવસ્થિત રાખવા પડશે. વળી, જો કંપની સામે કોઈ કાનૂની કાર્યવાહી પેન્ડિંગ હશે, તો કેસનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી આ રેકોર્ડ સાચવવો પડશે. આ સુધારાથી ફાર્મા કંપનીઓ પર કમ્પ્લાયન્સ અને ઓડિટનું વહીવટી ભારણ ઘણું વધી જશે, કારણ કે સહેજ પણ બેદરકારી બદલ કાનૂની જોગવાઈઓનો સામનો કરવો પડી શકે છે. સરકારે પેરાગ્રાફ 11(3) માં સુધારો કરીને માત્ર ઈન્જેક્શન કે ઈનહેલેશનના મર્યાદિત નામો હટાવી દીધા છે.

# "આ તો માત્ર ટ્રેલર છે, પિક્ચર હજી બાકી છે"

## ધોળકાના સરગવાળા ગામે સંમતિ વગર નાંખેલી ગેસ પાઇપલાઇન ખેડૂતોએ ટ્રેક્ટરો વડે ઉખાડી ફેંકી : બ્રિજરાજ સોલંકી

અમદાવાદ : આમ આદમી પાર્ટીના પ્રદેશ યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકીની આગેવાનીમાં અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના સરગવાળા ગામે ખેડૂતોએ એકઠા થઈને ખેતરોમાં દબાયેલી ગેસ પાઈપલાઈનોને ટ્રેક્ટરો સાથે બાંધીને ખેતરની બહાર ખેંચી કાઢી ફેંકી દીધી છે. ધોળકા તાલુકાના સરગવાળા ગામે સરકારની જી.એસ.પી.સી. (GSPL) કંપની દ્વારા ખેડૂતોની સંમતિ વગર મોંઘીદાટ જમીનોમાં ગેરકાયદેસર રીતે ગેસ પાઈપલાઈન નાંખવાની જોહુકમી સામે ખેડૂતોનો આક્રોશ ફાટી નીકળ્યો છે. વીઘાના દોઢ-દોઢ કરોડ રૂપિયાની કિંમતી જમીન ધરાવતા સ્થાનિક ખેડૂતો છેલ્લા એક મહિનાથી આ અન્યાય સામે સતત લડત ચલાવી રહ્યા હતા. આ મુદ્દે કલેક્ટર, મામલતદાર અને સ્થાનિક વહીવટી તંત્રને વારંવાર લેખિત રજૂઆતો અને આવેદનપત્રો આપવા છતાં તંત્ર દ્વારા કોઈ યોગ્ય જવાબ કે ન્યાય ન મળતા, આખરે ચોમાસાની શરૂઆત થતાં જ ખેડૂતોએ કાયદો હાથમાં લીધા વિના પોતાનો હક છીનવી લીધો છે. વાવણીનો સમય થઈ ગયો હોવાથી અને ખેતરોમાં ટ્રેક્ટર ચલાવવામાં મુશ્કેલી પડતી હોવાના કારણે, આજે આમ આદમી પાર્ટીના પ્રદેશ યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકીની આગેવાનીમાં સમગ્ર ગામના ખેડૂતોએ એકઠા થઈને ખેતરોમાં દબાયેલી ગેસ પાઈપલાઈનોને ટ્રેક્ટરો સાથે બાંધીને ખેતરની બહાર ખેંચી કાઢી ફેંકી દીધી છે.આ તકે 'આપ' પ્રદેશ યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકીએ સરકારને આકરા શબ્દોમાં ખુલ્લી ચીમકી આપતા જણાવ્યું હતું કે, આ તો હજી માત્ર ટ્રેલર



છે, પિક્ચર હજી આખું બાકી છે! તેમણે સ્પષ્ટ કર્યું કે આ લડાઈ વળતર મેળવવાની નથી, પરંતુ ખેડૂતોના અસ્તિત્વની અને જમીન બચાવવાની લડાઈ છે; જો કંપની ૧ વીઘાના ૧૦ કરોડ રૂપિયા આપે તો પણ ખેડૂતો હવે અહીં કામ ચાલુ થવા દેશે નહીં. ખેડૂતોની સહનશક્તિની સીમા હવે આવી ગઈ છે. જો આવનારા દિવસોમાં જી.એસ.પી.એલ. કંપની આ પાઈપલાઈનો કાયમી ધોરણે બહાર નહીં કાઢે, તો આખા ગામના ખેડૂતો જાતે ટ્રેક્ટરો લઈને તમામ પાઈપલાઈનો ઉખાડી ફેંકશે. બ્રિજરાજ સોલંકીએ ઉમેર્યું કે, અમે અહિંસાના માર્ગે ચાલનારા લોકો છીએ, પરંતુ જો સરકાર અમારી વાજબી વાત નહીં સાંભળે તો ખેડૂતોના હક માટે શહીદ ભગતસિંહના માર્ગે ચાલતા પણ અમને અચકાટ નહીં થાય.

# અમદાવાદ મંડળે જૂન-2026માં વાણિજ્યિક ક્ષેત્રે સર્જ્યો નવો કીર્તિમાન




અમદાવાદ | પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે જૂન-2026 દરમિયાન મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશના નેતૃત્વ હેઠળ વાણિજ્યિક ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. માલવહન આવક, પાર્સલ વ્યવસાય, બિન-ભાડા આવક, મુસાફર સુવિધાઓ તેમજ ટિકિટ ચેકિંગ અભિયાનોમાં મંડળે ઉત્કૃષ્ટ કામગીરી નોંધાવી છે. વિવિધ ક્ષેત્રોમાં અમદાવાદ મંડળે અનેક નવા કીર્તિમાનો સ્થાપિત કર્યા છે.

» માલવહન આવક (Freight Business) : જૂન-2026 દરમિયાન 606.43 કરોડની માલવહન આવક પ્રાપ્ત કરવામાં આવી, જે નિર્ધારિત લક્ષ્ય કરતાં 3.60% અને ગયા વર્ષની સમાન અવધિની સરખામણીએ 13.59% વધુ છે. આ નાણાકીય વર્ષ 2026-27 દરમિયાન અત્યાર સુધીની સર્વાધિક માસિક માલવહન આવક છે. 30 જૂન, 2026ના રોજ 26.58 કરોડની એક દિવસની માલવહન આવક પ્રાપ્ત કરીને નવો રેકોર્ડ સ્થાપિત કરવામાં આવ્યો.

» પાર્સલ વ્યવસાય (Parcel Business) : જૂન-2026 દરમિયાન 6.19 કરોડની પાર્સલ આવક પ્રાપ્ત કરવામાં આવી, જે ગયા વર્ષની સરખામણીએ 7.65% વધુ છે.ભુજથી બાંદ્રા ટર્મિનસ સુધી 22 ટન કેરીનો જથ્થો પાર્સલ સેવા મારફતે મોકલવામાં આવ્યો, જેના દ્વારા એક જ દિવસમાં 1.26 લાખની આવક પ્રાપ્ત થઈ.

» યાત્રી વ્યવસાય અને કોચિંગ (Passenger Business & Coaching) : જૂન-2026 દરમિયાન 145.58 કરોડની યાત્રી આવક પ્રાપ્ત કરવામાં આવી. વધારાની મુસાફરોની ભીડને ધ્યાનમાં રાખીને 67 વિશેષ ટ્રેન સેવાઓનું સંચાલન કરવામાં આવ્યું.મુસાફરોની સુવિધા માટે 122 વધારાના કોચ જોડવામાં આવ્યા, જેના પરિણામે અંદાજે 0.97 લાખ મુસાફરોને લાભ મળ્યો તેમજ 10.33 કરોડની વધારાની મુસાફર આવક પ્રાપ્ત થઈ.

» ટિકિટ ચેકિંગ અને સ્વચ્છતા અભિયાન (Ticket Checking & Cleanliness Drive): જૂન-2026 દરમિયાન ટિકિટ ચેકિંગ દ્વારા 2.70 કરોડની આવક પ્રાપ્ત કરવામાં આવી, જે ગયા વર્ષની સરખામણીએ 23.29% વધુ છે. સ્વચ્છતા અભિયાન અંતર્ગત 1,230 એન્ટિ-લિટરિંગ (કચરો ફેંકવા વિરુદ્ધ) કેસોમાં કાર્યવાહી કરીને 2.20 લાખનો દંડ વસૂલ કરવામાં આવ્યો.

» બિન-ભાડા આવક (Non-Fare Revenue) - નવી પહેલ : કાંકરિયા ગુડ્સ શેડ ખાતે એક્સેસ-કંટ્રોલ્ડ પેઈડ પાર્કિંગ અને ફ્રેઈટ એલાઈડ સર્વિસિસ માટે 7 વર્ષના સમયગાળા માટે 20.73 કરોડ મૂલ્યનો કરાર આપવામાં આવ્યો.તમામ નોન-પ્રીમિયમ ટ્રેનોમાં ટ્રેન સાઈડ વેન્ડિંગ (TSV) માટે 3 વર્ષના સમયગાળા માટે 3.71 કરોડ મૂલ્યનો કરાર આપવામાં આવ્યો. ટ્રેન નંબર 22961/22962માં હેડરેસ્ટ કવર પર જાહેરાત દ્વારા 0.57 કરોડની કરાર આધારિત આવક પ્રાપ્ત થઈ. અમદાવાદ રેલવે સ્ટેશન પર આધુનિક ડિજિટલ લગેજ લોકર સુવિધા શરૂ કરવામાં આવી, જેના દ્વારા મુસાફરોને સુરક્ષિત અને સ્વચાલિત સામાન સંગ્રહની સુવિધા ઉપલબ્ધ થઈ.

» યાત્રી સુવિધાઓ (Passenger Amenities) : ઉનાળાની ઋતુ દરમિયાન વિવિધ સ્ટેશનો પર સ્ટેશન કર્મચારીઓ અને સ્વયંસેવક સંસ્થાઓના સહયોગથી સામાન્ય શ્રેણીના મુસાફરો માટે ઠંડા પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી.

# ગુજરાતનાં બાળકોમાં શિક્ષણનો મજબૂત પાયો નાંખવો : યુરોકિડ્સ તમામ 10 મહત્વપૂર્ણ શહેરોમાં વિસ્તરણ કરવા આતુર

અમદાવાદ : ગુજરાતના ઝડપથી ઔદ્યોગિક વિકાસ અને શહેરી વિકાસથી સમગ્ર રાજ્યમાં સમુદાયોના સામાજિક-આર્થિક જીવનમાં પરિવર્તન આવી રહ્યું છે. જેમ જેમ આ સમુદાયો પ્રગતિ કરી રહ્યાં છે, તેમ તેમ બાળકોને બાળમંદિરનાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે એ વધારે જરૂરી થતું જાય છે સાથે સાથે, માતાપિતા પણ એ વાત પર વધારે ભાર મૂકી રહ્યાં છે કે, તેમના બાળકોને બાળમંદિરમાં શિક્ષણનો મજબૂત પાયો મળે. રાજ્યમાં શિક્ષણની આ બદલાતી પૃષ્ઠભૂમિમાં ભારતની પ્રસિદ્ધ પ્રીસ્કૂલ એક્ષ્પર્ટ યુરોકિડ્સે ગાંધીધામ, સુરેન્દ્રનગર, મોરબી, નવસારી, મહેસાણા, ભરુચ, વલસાડ, ભૂજ, જામનગર અને વાપીમાં બાળમંદિરનું સારું શિક્ષણ આપવાની સુવિધાઓ વધારવાની યોજના આજે જાહેર કરી હતી. યુરોકિડ્સનું લક્ષ્યાંક આગામી 10 મહિનાઓમાં 20થી વધારે નવી પ્રી-સ્કૂલ શરૂ કરવાનું છે, જેથી ગુજરાતના બાળકો અને પરિવારો સુધી ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ સરળતાપૂર્વક પહોંચી શકે. આ 10 શહેરોમાં લૉજિસ્ટિક્સ, ઉત્પાદન, રિન્યૂએબલ એનર્જી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સતત રોકાણથી આર્થિક વિકાસ થઈ રહ્યો છે અને વિવિધ સમુદાયો ઝડપથી પ્રગતિ કરી રહ્યાં છે. ગાંધીધામ અને ભૂજને બંદર પર આધારિત લૉજિસ્ટિક્સ અને વેરહાઉસિંગનો લાભ મળે છે, ભરુચ એક સારું પેટ્રોકેમિકલ્સ અને ફાર્માસ્યુટિકલ્સ કેન્દ્ર તરીકે વિકસી રહ્યું છે, તો મોરબી સિરામિક ઉદ્યોગ અને જામનગરની રિફાઈનિંગ અને રિન્યૂએબલ એનર્જી ઈકોસિસ્ટમ વિસ્તારના આર્થિક વિકાસમાં યોગદાન આપે છે. વલસાડ, વાપી, નવસારી અને મહેસાણામાં ઔદ્યોગિક વિસ્તારો અને શ્રેષ્ઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી સમુદાયો મજબૂત થઈ રહ્યાં છે એટલે ત્યાં તેમના બાળકોમાં પ્રીસ્કૂલ શિક્ષણની માગણી વધી રહી છે. યુરોકિડ્સની કામગીરીના આ વિસ્તરણ વિશે વાત કરીને લાઈટહાઉસ લર્નિંગના પ્રી-K ડિવિઝનના સીઈઓ કેવીએસ સેશાસાઈએ કહ્યું હતું, 'યુરોકિડ્સમાં અમે હંમેશાં માનીએ છીએ કે બાળમંદિરનું શિક્ષણ બાળકોમાં આત્મવિશ્વાસ વધારે છે, જિજ્ઞાસાવૃત્તિ ખીલવે છે અને આજીવન શીખવાની વૃત્તિને દિશા આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. હાલ સંપૂર્ણ ગુજરાતમાં માતાપિતા પોતાનાં બાળકોને જીવનની સૌથી શરૂઆત આપવા વધારે ભાર મૂકે છે અને અમારો પ્રયાસ છે કે, રાજ્યના પરિવારોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત પ્રારંભિક શિક્ષણની સુવિધા વધારે સુલભ કરવામાં આવે. આ વિસ્તરણથી અમે એવા શૈક્ષણિક ઉદ્યોગસાહસિકો સાથે જોડાણ કરીશું, જેઓ નાનાં બાળકો માટે શીખવાનો સાર્થક અનુભવ ઊભો કરવાના અમારા વિઝન સાથે સંમત છે.' યુરોકિડ્સે બાળમંદિરમાં બાળકોનું પ્રારંભિક શિક્ષણ કેટલી હદે મહત્વપૂર્ણ છે એ વિશે જાગૃતિ લાવવા માટે સહી શરૂઆત નામનું અભિયાન શરૂ કર્યું છે.

# શખસે બોલેરો ભાડે આપી, પરત ના આપતા ફરિયાદ નોંધાઈ : કંપની સામે ફરિયાદ નોંધાય

અમદાવાદ | ગાડી ભાડે આપવા માટેના જાણીતા પ્લેટફોર્મ ઝૂમ કાર સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. કંપની દ્વારા એક વ્યક્તિએ તેમની બોલેરો ગાડી અન્ય વ્યક્તિને ભાડે આપી હતી. 10 દિવસ માટે ભાડે આપેલી ગાડી સવા વર્ષ સુધી પરત ના આવતા ગાડીના માલિકે ઝુમકાર કંપની અને ગાડી ભાડે લેનાર વ્યક્તિ વિરુદ્ધ વાડજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

જુના વાડજમાં રહેતા હર્ષદ રાઠોડે વાડજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે 5 માર્ચ 2025 ના રોજ ઝૂમકાર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ કંપનીના ઓનલાઈન પ્લેટફોર્મ પર તેમની મહેન્દ્ર કંપનીની બોલેરો ગાડી ભાડે મેળવવા માટે અરવલ્લીમાં રહેતા જૈમીન ત્રિવેદીએ વિનંતી કરી હતી.

જે ગાડી ઝૂમકાર કંપની સાથે કરાર કરીને હર્ષદભાઈએ જૈમિન ત્રિવેદીને 5 માર્ચ



2025થી 15 માર્ચ 2025 સુધી ભાડા પર આપી હતી. આ ગાડી સમય પૂરા થયા હોવા છતાં જૈમિન ત્રિવેદીએ પરત આપી ન હતી.

હર્ષદભાઈ કંપનીમાં ગયા હતા જ્યાં તેમને અવારનવાર ફરિયાદ કરી હતી. કંપનીએ માત્ર વિશ્વાસ અપાવ્યો પરંતુ ગાડી પરત અપાવી નહોતી. સવા વર્ષ સુધી કંપનીમાં ધક્કા ખાધા બાદ ગાડી પરત ના મળતા હર્ષદભાઈએ ઝૂમકાર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ અને જૈમીન ત્રિવેદી વિરુદ્ધ વાડજ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

# ભારે વરસાદની સ્થિતિ સમયે શાળાઓ માટે DEOની ગાઈડલાઈન : જરૂર પડે તો રજા અંગે જાતે નિર્ણય લેવા શાળાઓને સૂચના

અમદાવાદ | ભારે વરસાદની સ્થિતિ સમયે શાળાના બાળકોને હેરાન પરેશાન ન થવું પડે તે માટે અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા ગાઈડલાઈન આપવામાં આવી છે. અતિ ભારે વરસાદ હોય તો શાળા દ્વારા વિવેકબુદ્ધિથી વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખી નિર્ણય લેવા સૂચના આપવામાં આવી છે. તેમજ બાળકો જે રસ્તા પરથી શાળાએ આવતા હોય છે તેનું નિરીક્ષણ કરી લેવા પણ શાળાઓને આદેશ કરવામાં આવ્યો છે. તેમજ અમદાવાદની તમામ શાળાઓને ગાઈડલાઈનનું પાલન કરવા સ્પષ્ટ આદેશ કરવામાં આવ્યો છે.

છેલ્લા કેટલાક દિવસથી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદને કારણે પાણી ભરાવાની સમસ્યાના કારણે વિદ્યાર્થીઓને હાલાકી પડી હતી. જેથી અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા શાળાઓને વિદ્યાર્થીઓની સલામતી માટે ગાઈડલાઈન આપવામાં આવી છે. શાળામાં શોર્ટ સર્કિટના બનાવ ન બને તે માટે અગાઉથી જ ચકાસણી કરી લેવા સૂચના આપવામાં આવી છે.

જો ભારે વરસાદ પડે તો વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખી શાળાઓએ તેમની રીતે જ નિર્ણય લેવા લેવા આદેશ કરવામાં આવ્યો. તેમજ દરેક શાળાઓને વિદ્યાર્થીઓ જે રસ્તા પરથી આવતા હોય ત્યાં રોડનું કામ ચાલતું હોય અથવા ખાડા પડ્યા હોય તો તેની માહિતી પણ વાલીઓ અને વિદ્યાર્થીઓને આપવા માટે સૂચન કરવામાં આવ્યું છે.

અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, હવામાન વિભાગની આગાહીને ધ્યાનમાં રાખીને શાળાઓને તકેદારી રાખવા સૂચના આપવામાં આવી છે. અતિભારે વરસાદ હોય ત્યારે બાળકોની સલામતીને ધ્યાન રાખીને પોતાની રીતે નિર્ણય લેવા માટે સૂચના આપવામાં આવી છે. તેમજ તેની જાણ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી કરવા શાળાઓને સૂચના આપવામાં આવી છે.

વધુમાં રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, શાળાની આજુબાજુમાં પાણી ભરાય તેવા વિસ્તારની ચકાસણી પણ શાળાએ કરી લેવી જોઈએ. વરસાદ સમયે શોર્ટ સર્કિટના બનાવો પણ બનતા હોય છે. ત્યારે વીજળીનો પુરવઠો યોગ્ય છે કે નહીં અને વાયરો ખુલ્લા હોય તો તેની પણ યોગ્ય વ્યસ્થા કરવા શાળાઓને સૂચના આપવામાં આવી છે.\

# 13 વેપારીઓનું 4.73 કરોડનું ફલેકું ફેરવી જાણીતા મોલના ડિરેક્ટર વિદેશ નાસી છૂટ્યા, CIDમાં FIR

અમદાવાદ : વડોદરા અને સુરતના વેપારીઓ પાસેથી હોલસેલમાં માલસામાન ખરીદ્યા પછી કુલ 4.73 કરોડ રૂપિયા નહીં ચૂકવી ઓશિયા મોલનું ડિરેક્ટર દંપતિ વિદેશ પલાયન થયાની ફરિયાદ અમદાવાદ સીઆઈઆઈડી ક્રાઈમમાં નોંધાવાઈ છે. એફ.એમ. સી.જી. ડિસ્ટ્રીબ્યુટર એસોસિએશને ગુજરાતના 13 વેપારીઓ વતી વિધિવત ફરિયાદ નોંધાવતાં ઓશિયા હાઈપર રિટેલ લિમિટેડના ડાયરેક્ટર ધીરેન્દ્ર ગૌતમ ચોપરા, કવિતા ધીરેન્દ્ર ચોપરા અને પરચેઝ ઓફિસર રૂચી રાજકુમાર બહેતી સામે ગુનો નોંધી તપાસ શરૂ કરાઈ છે. બોડકદેવમાં રહેતા વિવેક બાસુદેવ અગ્રવાલે નોંધાવેલી ફરિયાદ અનુસાર, ફેડરેશન ઓફ ગુજરાત એફએમસીજી ડિસ્ટ્રીબ્યુટર્સ એસોસિએશન ચેરિટેબલ ટ્રસ્ટના જનરલ મેનેજર સેક્રેટરી રામ બક્ષીએ ગાંધીનગર સીઆઈઆઈડી ક્રાઈમ ખાતે ફરિયાદ અરજી આપી હતી. જેના આધારે ફૂડ પ્રોડક્ટ્સ બનાવતા વિવેક અગ્રવાલની ફરિયાદના આધારે ઓશિયા હાઈપર રિટેલ લિમિટેડના ડાયરેક્ટર ધીરેન્દ્ર ગૌતમ ચોપરા, તેમના પત્ની કવિતા ધીરેન્દ્ર ચોપરા અને પરચેઝ ઓફિસર રૂચી રાજકુમાર બહેતી સામે ગુનો નોંધવામાં આવ્યો છે.\

# ૫૫૦ વર્ષ જૂની હવેલી સંગીત પરંપરાને પ્રાપ્ત થયું રાષ્ટ્રીય સ્તરે સન્માન

અમદાવાદ | ભારતીય શાસ્ત્રીય સંગીતની પ્રાચીન અને સમૃદ્ધ પરંપરામાં મહત્વનું સ્થાન ધરાવતા પુષ્ટિમાર્ગીય હવેલી સંગીતને રાષ્ટ્રીય સ્તરે સન્માન મળ્યું છે. કેન્દ્ર સરકારના સંસ્કૃતિ મંત્રાલય હેઠળ કાર્યરત સંગીત નાટક અકાદમી દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે જાહેર કરાયેલા ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાન યુવા પુરસ્કાર-૨૦૨૫ માટે અમદાવાદના કાલુપુર સ્થિત ગોસ્વામી હવેલીના ૧૯ મી પેઢીના આચાર્ય અને હવેલી સંગીતના વિદ્વાન આચાર્ય શ્રી રણછોડલાલજી ગોસ્વામીની પસંદગી કરવામાં આવી છે. આચાર્ય રણછોડલાલજી ગોસ્વામી આ સન્માનને પોતાની વ્યક્તિગત સિદ્ધિ કરતાં વધુ સમગ્ર હવેલી સંગીત પરંપરાનું ગૌરવ ગણાવે છે. તેઓ કહે છે, "આ પુરસ્કાર ભારતની ભક્તિ, સંગીત અને સંસ્કૃતિની સમૃદ્ધ પરંપરાને મળેલું સન્માન છે. હવેલી સંગીતમાં ભારતની આત્મા વસે છે." પુષ્ટિમાર્ગની સ્થાપના મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીએ આશરે ૫૫૦ વર્ષ પહેલાં કરી હતી. આ પરંપરામાં કીર્તન અને સંગીતને ભક્તિનું સર્વોચ્ચ સાધન માનવામાં આવે છે. આજે પણ હવેલીઓમાં દિવસના અલગ-અલગ પ્રહરો અને ઋતુઓને અનુરૂપ વિશિષ્ટ રાગોમાં સેવા-કીર્તન કરવામાં આવે છે. વસંત, ગ્રીષ્મ, શ્રાવણ કે શરદ–દરેક ઋતુ માટે અલગ સંગીત




પરંપરા વિકસાવવામાં આવી છે, જે હવેલી સંગીતને અનોખી ઓળખ આપે છે.

અમદાવાદના ૪૫૦ વર્ષ જૂના દોશીવાડાની પોળમાં આવેલી ગોસ્વામી હવેલીના આચાર્ય તરીકે સ્થાપિત રણછોડલાલજી ગોસ્વામીએ ગુરુ-શિષ્ય પરંપરામાં સંગીતની તાલીમ મેળવી છે. સાથે જ ગુજરાત યુનિવર્સિટીની ઉપાસના સ્કૂલ ઓફ પરફોર્મિંગ આર્ટ્સમાંથી સંગીત વિષયમાં અનુસ્નાતક અને એમ.ફિલ. પૂર્ણ કરીને હાલમાં પીએચ.ડી. સંશોધન કરી રહ્યા છે. માત્ર ૩૨ વર્ષની વયે તેઓએ ૨૨ હજારથી વધુ ભક્તિપદોની રચના કરી છે અને આઠ પુસ્તકોનું સર્જન કર્યું છે. તેઓ ગુજરાત યુનિવર્સિટીના હવેલી સંગીત અભ્યાસક્રમમાં તજજ્ઞ તરીકે પણ સેવા આપે છે. વ્રજભાષા, ગુજરાતી, સંસ્કૃત ઉપરાંત ચારણી, મેવાડી અને મારવાડી જેવી ભાષાઓમાં તેમની રચનાઓ જોવા મળે છે. આચાર્યશ્રીના જણાવ્યા મુજબ હવેલી સંગીત ભારતીય શાસ્ત્રીય સંગીતનું મૂળ સ્વરૂપ છે. પ્રબંધ, ધ્રુપદ અને ધમાર જેવી પ્રાચીન ગાયન પરંપરાઓમાંથી જ આગળ જઈને ખ્યાલ ગાયકીનો વિકાસ થયો છે. હવેલી સંગીતમાં આજે પણ આ મૂળ પરંપરાઓ જીવંત છે.

તેઓ જણાવે છે કે મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી અને શ્રી વિઠ્ઠલનાથજીના સમયથી સૂરદાસ, પરમાનંદદાસ સહિત અષ્ટછાપના કવિઓની રચનાઓ હવેલી સંગીત દ્વારા ગવાતી આવી છે. આ સંગીત માત્ર કલાનું સ્વરૂપ નથી, પરંતુ ભક્તિ અને ઉપાસનાનું જીવંત માધ્યમ છે. આચાર્યશ્રીનું માનવું છે કે આ પુરસ્કાર સમગ્ર વૈષ્ણવ સમાજ અને શાસ્ત્રીય સંગીતપ્રેમીઓ માટે ગૌરવની ક્ષણ છે. ગુજરાત અને રાજસ્થાન ઉપરાંત મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર તથા પંજાબમાં પણ આ પરંપરા આજે જીવંત છે. સ્વતંત્રતા પછી હવેલી સંગીતને આટલા ઊંચા રાષ્ટ્રીય સ્તરે સન્માન મળ્યાની આ કદાચ પ્રથમ ઘટના છે.

# અમદાવાદ મંડળે ચોમાસા દરમિયાન સુરક્ષિત રેલ સંચાલન માટેની તૈયારીઓની સમીક્ષા કરી



પશ્ચિમ રેલવે અમદાવાદ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં ચોમાસા દરમિયાન મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા તેમજ રેલ સંચાલનને સુરક્ષિત અને સુચારુ રાખવાના હેતુથી અમદાવાદના મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી વેદ પ્રકાશની અધ્યક્ષતામાં મંડળ ખાતે ચોમાસાની તૈયારીઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી.આ પ્રસંગે રેલવે બોર્ડના પૂર્વ સભ્ય (ઈન્ફ્રાસ્ટ્રક્ચર) શ્રી અનિલ કુમાર ખંડેલવાલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં મંડળના વરિષ્ઠ અધિકારીઓ, ચોમાસા વ્યવસ્થાપન સાથે સંકળાયેલા વિવિધ વિભાગોના વડાઓ તેમજ મંડળના તમામ સિનિયર સેક્શન એન્જિનિયર્સ (વર્ક્સ) વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા. ચોમાસા દરમિયાન ઊભી થઈ શકતી સંભવિત પડકારજનક પરિસ્થિતિઓનો સામનો કરવા માટે કરવામાં આવેલી તૈયારીઓની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### કોર્ટે આ સાથે જ ભરત ચાવડાની અરજી ફગાવીને તેને ફરી જેલમાં મોકલ્યો

# વડોદરા: સિંઘરોટ ડ્રગ્સ ફેક્ટરી કેસમાં આરોપીની જામીન અરજી કોર્ટે ફગાવી, 477 કરોડનો જથ્થો પકડાયો હતો

(એજન્સી) વડોદરા । તા. 08

વડોદરાના સિંઘરોટ ગામની સીમમાં ચાલી રહેલી કરોડો રૂપિયાની ડ્રગ્સ ફેક્ટરીના કેસમાં મુખ્ય આરોપીને કોર્ટે મોટો ઝટકો આપ્યો છે. ૪૭૭ કરોડ રૂપિયાના મેફેડ્રોન ડ્રગ્સ ઉત્પાદન મામલે જેલમાં બંધ આરોપી ભરત ચાવડાની જામીન અરજી કોર્ટે નામંજૂર કરી દીધી છે. ગુનાની ગંભીરતા અને સમાજ પર તેની નકારાત્મક અસરને ધ્યાનમાં લેતા અદાલતે આરોપીને જામીન આપવાનો ઈનકાર કર્યો છે.

### શું છે સમગ્ર મામલો?

થોડા સમય પહેલા વડોદરાના સિંઘરોટ ગામની સીમમાં એક પતરાના શેડમાં મેફેડ્રોન ડ્રગ્સનું ગેરકાયદેસર ઉત્પાદન થતું હોવાની ચોક્કસ બાતમી એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) ને મળી હતી. ટીમે તરત જ દરોડા પાડીને ત્યાંથી ૬૩ કિલોથી વધુ તૈયાર મેફેડ્રોન અને ૮૦ કિલોથી વધુ લિક્વિડ ફોર્મ મળીને કુલ ૪૭૭ કરોડ રૂપિયાનો જંગી જથ્થો કબજે કર્યો હતો. પોલીસે આ મામલે એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધીને ભરત ચાવડા સહિતના આરોપીઓની ધરપકડ કરી હતી.




### સરકારી વકીલની દલીલો અને કોર્ટનું વલણ

આરોપી ભરત ચાવડાએ જેલમાંથી બહાર આવવા માટે જામીન અરજી કરી હતી. સુનાવણી દરમિયાન સરકારી વકીલે કોર્ટમાં મજબૂત દલીલો રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, કોલ ડિટેઈલ રેકોર્ડ (CDR) ની તપાસમાં સ્પષ્ટ થાય છે કે આરોપી અન્ય મુખ્ય આરોપીઓના સતત સંપર્કમાં હતો અને આ આખા કાવતરામાં તેની ભૂમિકા મહત્વની છે. સરકારી વકીલે વધુમાં રજૂઆત કરી હતી કે આવા ગંભીર ગુનામાં જામીન આપવા એ સમાજની સુરક્ષા માટે જોખમી બની શકે છે.

બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ, ન્યાયાધીશે નોંધ્યું હતું કે, ડ્રગ્સનો આટલો મોટો જથ્થો પકડાવો એ સાબિત કરે છે કે અહીં આંતરરાષ્ટ્રીય સ્તરનું ડ્રગ્સ રેકેટ ચલાવવામાં આવી રહ્યું હતું. આ પ્રકારના ગુનાઓથી યુવાધનને બરબાદી તરફ ધકેલવામાં આવે છે. તેથી, આરોપીને જામીન પર મુક્ત કરવો યોગ્ય જણાતો નથી. કોર્ટે આ સાથે જ ભરત ચાવડાની અરજી ફગાવીને તેને ફરી જેલમાં મોકલી આપ્યો છે.

### પોલીસ તપાસ ચાલુ

આ કેસમાં ધરપકડ કરાયેલા આરોપીઓ સામે પોલીસ પૂરતા પુરાવા એકત્રિત કરી રહી છે. સિંઘરોટની આ ફેક્ટરીનો માસ્ટરમાઈન્ડ કોણ છે અને આ ડ્રગ્સનું નેટવર્ક ક્યાં સુધી વિસ્તરેલું છે, તે અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે. હાલ તો આ ચુકાદાને ડ્રગ્સ માફિયાઓ માટે એક કડક સંદેશ તરીકે જોવામાં આવી રહ્યો છે.

## રાજકોટમાં અઢી કરોડની લૂંટમાં વધુ ચાર આરોપીઓની ધરપકડ



રાજકોટ | રાજકોટ જિલ્લાના ઈતિહાસમાં નોંધાયેલી અઢી કરોડ રૂપિયાની સૌથી મોટી લૂંટના કેસમાં એલસીબીને મોટી સફળતા મળી છે. શાપરમાં જીતેન્દ્રસિંહ જાડેજાને બંધક બનાવી કરવામાં આવેલી આ લૂંટનો માસ્ટરમાઈન્ડ અને ટીપ આપનાર શખ્સની ઓળખ પોલીસે કરી લીધી છે. આ સાથે જ લૂંટમાં સીધી સંડોવણી ધરાવતા અને રેકી કરનાર વધુ ચાર આરોપીઓને પોલીસે દબોચી લીધા છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે લૂંટની સંપૂર્ણ ટીપ બહાદુર નજરુ બબેરીયા નામના શખ્સે આપી હતી, જે મૂળ મધ્યપ્રદેશના જાંબુઆનો વતની છે. બહાદુર અગાઉ જીતેન્દ્રસિંહની વાડીમાં પેટા ભાગીયા તરીકે કામ કરતો હોવાથી તેને ઘરે રોકડ અને સોનાના દાગીના હોવાની માહિતી હતી. બહાદુર અત્યારે ફરાર છે, પરંતુ તેની શોધખોળ તેજ કરી દેવામાં આવી છે. એલસીબીએ વીજન નજરુ માવી, રામેશ્વર ઉર્ફે પપ્પુ કેહજી મચ્છાર, રાજુ કલમસિંગ જીતરા અને સાગર ઉર્ફે સાગરીયા ગુલબાભાઈ મેડાની ધરપકડ કરી છે. આરોપીઓએ ખૂબ જ વ્યવસ્થિત રીતે આ લૂંટનું પ્લાનિંગ કર્યું હતું.

## ગે ડેટિંગ એપ દ્વારા યુવકનું અપહરણ અને લૂંટ, જામનગરમાં ગે ડેટિંગ એપનો ખેલ

(એજન્સી) વડોદરા । તા. 08

જામનગરના દરેડ વિસ્તારમાં રહેતા એક યુવાન માટે ગે ડેટિંગ એપ પરની મિત્રતા જીવનું જોખમ અને આર્થિક પાયમાલી સાબિત થઈ છે. અજાણ્યા શખ્સ સાથેની ઓનલાઈન ઓળખાણ યુવાનને લાલપુર બાયપાસ સુધી ખેંચી ગઈ, જ્યાં તેનું અપહરણ કરી ધોકો અને છરી બતાવીને રોકડ અને બેંક ખાતામાંથી મોટી રકમ પડાવી લેવાની ઘટના સામે આવી છે. પંચકોશી બી. ડિવિઝન પોલીસે આ મામલે ચાર શખ્સો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

દરેડના રહેવાસી ભીખાલાલ ઉર્ફે રણમલ ભોજાભાઈ કળોતરાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેને એક 'ગે ડેટિંગ એન્ડ ચેટ' એપ પર ખંભાળિયાના રવિરાજ નામના શખ્સ સાથે સંપર્ક થયો હતો. વાતચીત દરમિયાન વિશ્વાસ કેળવી રવિરાજે યુવાનને લાલપુર બાયપાસ ખાતે મળવા બોલાવ્યો હતો. યુવાન નિર્ધારિત સ્થળે પહોંચતા જ રવિરાજ કાર લઈને આવ્યો અને યુવાનને પોતાની સાથે બેસાડી લીધો. રસ્તામાં અન્ય ત્રણ સાગરિતોને પણ સાથે લીધા બાદ કારને 'બે ભાઈના ડુંગર' તરફના નિર્જન વિસ્તારમાં લઈ જવામાં આવી હતી.

### છરી અને ધોકાના જોરે લૂંટ

નિર્જન વિસ્તારમાં પહોંચતા જ આરોપીઓએ યુવાનને માર મારવાનું શરૂ કર્યું હતું. તેમણે જાનથી મારી નાખવાની ધમકી આપી ૧ લાખ રૂપિયાની માંગણી કરી હતી. યુવાને રૂપિયા આપવાની અસમર્થતા દર્શાવતા આરોપીઓએ તેને છરી અને ધોકાનો ડર બતાવી મોબાઈલ ફોન અને પાકીટમાં રહેલી ૧,૦૦૦ રૂપિયાની રોકડ લૂંટી લીધી હતી. આટલેથી જ ન અટકતા, આરોપીઓએ યુવાનના એટીએમ કાર્ડનો બળજબરીપૂર્વક ઉપયોગ કરી તેના બેંક ખાતામાંથી ૫૮,૦૦૦ રૂપિયા પણ ઉપાડી લીધા હતા. આમ, કુલ ૫૯,૦૦૦ રૂપિયાની મત્તા પડાવી આરોપીઓ ફરાર થઈ ગયા હતા. સમગ્ર ઘટના અંગે યુવાને પંચકોશી બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસ તંત્ર દોડતું થયું છે.

## જેતપુરમાં મૈત્રીકરારના વિવાદમાં યુવકની કરપીણ હત્યા, પુત્રે માતાના મિત્રની કરી હત્યા

(એજન્સી) જેતપુર । તા. 08

જેતપુરના કણકીયા પ્લોટ વિસ્તારમાં મૈત્રીકરારના સંબંધોને લઈને એક અત્યંત ચોંકાવનારી અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. માતાના મૈત્રીકરારથી નારાજ પુત્રે રાજકોટથી આવીને માતાના મિત્ર પર છરીના આડેધડ ૫-૬ ઘા ઝીંકીને જાહેરમાં કરપીણ હત્યા કરી નાખી હતી. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયા પર વાયરલ થતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે. જેતપુર સિટી પોલીસે આરોપી પુત્રની ગણતરીના કલાકોમાં ધરપકડ કરી લીધી છે.



મૃતક કમલેશ અરવિંદભાઈ વાઘેલા (ઉં.વ. ૩૫) અને નીતાબેન વાઘેલા વચ્ચે પરસ્પર સંમતિથી મૈત્રીકરાર થયા હતા અને તેઓ સાથે રહેતા હતા. નીતાબેનનો પુત્ર જયંત ઉર્ફે જયન કાળુભાઈ વાઘેલા આ સંબંધોથી લાંબા સમયથી નારાજ હતો. આ બાબતે માતા-પુત્ર વચ્ચે વિવાદ થતા જયંત રાજકોટના કોઠારિયા વિસ્તારમાં રહેવા જતો રહ્યો હતો. આજે બપોરે જ્યારે કમલેશ પોતાના ઘરે જમી રહ્યો હતો અને છાસ લેવા માટે બહાર નીકળ્યો ત્યારે અગાઉથી જ છરી લઈને રાહ જોઈને ઉભેલા જયંતે તેને રસ્તા વચ્ચે આંતરી લીધો હતો. સીસીટીવીમાં દેખાતા દ્રશ્યો અત્યંત ભયાનક છે. હુમલાખોર જયંતે કમલેશ પર તીક્ષ્ણ છરી વડે છાતી અને પેટના ભાગે ઉપરાછાપરી ઘા કર્યા હતા. લોહીલુહાણ હાલતમાં રસ્તા પર પડેલો કમલેશ ત્યાંથી પસાર થતા લોકોને બચાવવા માટે આજીજી કરી રહ્યો હતો અને હુમલાખોર સામે પણ 'મેં કોઈનું ખરાબ નથી કર્યું' તેવું કરગરી રહ્યો હતો.

## વડોદરાના અનગઢમાં કરંટ લાગતા મહિલાનું મોત, કૂતરાને બચાવવા જતા મહિલાનું મોત

(એજન્સી) વડોદરા । તા. 08

વડોદરા નજીક આવેલા અનગઢ ગામમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં ખેતરની વાડમાં ફિટ કરેલા ઝાટકા મશીનનો કરંટ લાગવાથી એક મહિલાનું કમનસીબ મોત થયું છે. મહિલા પોતાના ખેતરની વાડમાં ફસાયેલા એક કૂતરાને બચાવવા ગયા હતા, પરંતુ વરસાદી વાતાવરણમાં ફેન્સિંગને અડકતા જ તેમને જીવલેણ વીજ કરંટનો ઝટકો લાગ્યો હતો.

મૃતક ભાવનાબેન ગોહિલ, જેઓ અનગઢ ગામના કૃષ્ણનગરમાં રહેતા હતા, તેમનું ખેતર ઘરની નજીક જ આવેલું છે. પાકના રક્ષણ માટે તેમણે ખેતરની ફરતે તારની વાડ બનાવી હતી અને તેમાં સુરક્ષા માટે 'ઝાટકા મશીન' લગાવ્યું હતું. આજે સવારે જ્યારે તેઓ ખેતરે પહોંચ્યા, ત્યારે તેમણે જોયું કે વાડમાં એક કૂતરું ફસાયેલું હતું. દયાળુ ભાવનાબેને કૂતરાને મુક્ત કરવાનો પ્રયાસ કર્યો હતો.

### વરસાદ બન્યો કાળ

વરસાદનું વાતાવરણ હોવાથી તારની વાડમાં વીજળીનો પ્રવાહ વધુ પ્રસરિત હતો. કૂતરાને બચાવવા માટે જ્યારે ભાવનાબેને વાડ સાથે હાથ અડાડ્યો, ત્યારે તેમને તીવ્ર કરંટ લાગ્યો હતો. કરંટ એટલો શક્તિશાળી હતો કે ભાવનાબેનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. દુઃખદ બાબત એ છે કે, ભાવનાબેનના પ્રયાસથી કૂતરો તો સહીસલામત બહાર નીકળી ગયો હતો, પરંતુ માનવતા બતાવનાર ભાવનાબેન પોતે જીવ ગુમાવી બેઠા હતા.

### ગામમાં શોકનો માહોલ

આ ઘટનાની જાણ થતા જ આસપાસના રહીશો દોડી આવ્યા હતા. સમગ્ર ગામમાં આ ઘટનાને લઈને ભારે શોકની લાગણી ફેલાઈ ગઈ છે. પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે ઘટનાસ્થળે પહોંચીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ખેતરોમાં જાનવરોથી બચવા માટે લગાવવામાં આવતા આવા ઝાટકા મશીનો ઘણીવાર જીવલેણ સાબિત થતા હોય છે. આ ઘટના બાદ ખેડૂતોમાં પણ સાવચેતી રાખવા અંગે ચર્ચાઓ શરૂ થઈ છે.

## જેતપુરમાં રોડ ટેક્સ બચાવવા એક જ નંબરવાળી 10 લક્ઝરી બસ ઝડપાઈ



જેતપુર | જેતપુરમાં રોડ ટેક્સ અને વીમો ભરવાનું ટાળવા માટે એક અત્યંત ચોંકાવનારું અને આયોજનબદ્ધ કૌભાંડ બહાર આવ્યું છે. પોલીસે એક જ રજીસ્ટ્રેશન નંબર ધરાવતી ૧૦ લક્ઝરી ટ્રાવેલ્સ બસ અને ૧ ઓમ્ની કાર એમ કુલ ૧૧ વાહનો જપ્ત કર્યા છે, જેની અંદાજિત કિંમત ૧.૫૫ કરોડ રૂપિયાથી વધુ છે. આ કૌભાંડમાં સંડોવાયેલા મુખ્ય સૂત્રધાર પાવન જયસ્વાલ સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જેતપુર ઉદ્યોગનગર પોલીસને મળેલી બાતમીના આધારે પોલીસે પોરબંદર-રાજકોટ નેશનલ હાઈવે પર રબારીકા ચોકડી પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન જૂનાગઢ તરફથી આવતી 'શ્રી મહાલક્ષ્મી ટ્રાવેલ્સ'ની એક સ્લીપર કોચ બસને અટકાવીને તપાસ કરતા તેના રજીસ્ટ્રેશન નંબર ખોટા હોવાનું માલૂમ પડ્યું હતું. બસ ચાલક કૌશિક યોગેશભાઈ જયસ્વાલ પાસે ન તો બસના કાગળો હતા કે ન તો ડ્રાઈવિંગ લાયસન્સ. પૂછપરછ દરમિયાન તેણે કબૂલ્યું હતું કે, પોતાના ભાઈના નામે રજીસ્ટર્ડ બસની નંબર પ્લેટ નકલી રીતે બનાવી આ બસ પર લગાવી હતી. પોલીસની તપાસ દરમિયાન એ જ નંબર ધરાવતી અન્ય બસો પણ આ જ રૂટ પર દોડતી હોવાનું બહાર આવ્યું હતું.

### 9 ફૂટના મગરનું રેસ્ક્યુ, મગરોની અફરાતફરી

# વડોદરામાં નવા પાણીની આવક થતા મગરોમાં દોડધામ



(એજન્સી) વડોદરા । તા. 08

વડોદરા શહેરમાં ચોમાસાની શરૂઆત અને જળાશયોમાં નવા પાણીની આવક થતા જ મગરોમાં અફરાતફરી જોવા મળી રહી છે. શહેરના રહેણાંક વિસ્તારોમાં મગરો આવી જવાના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો છે. વાસણા રોડના બંગલા વિસ્તારમાંથી ૯ ફૂટ લાંબા મહાકાય મગરનું સફળ રેસ્ક્યુ કરવામાં આવ્યું છે, જ્યારે અન્ય વિસ્તારોમાં પણ મગરો જોવા મળતા લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો છે.

વાસણા રોડ પર આવેલી નવ રચના સ્કૂલ નજીક ગેલેક્સી બંગલોઝ ખાતે મોડી રાત્રે એક વિશાળ મગર બહાર નીકળી આવ્યો હતો. બંગલાના પરિસરમાં મગરને જોઈને સ્થાનિક રહીશોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. બનાવની જાણ થતા જ ગૌરક્ષા સમિતિના કાર્યકરો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. ભારે જહેમત બાદ મગરનું રેસ્ક્યુ કરી તેને સુરક્ષિત રીતે વન વિભાગને સોંપવામાં આવ્યો હતો.

માત્ર વાસણા રોડ જ નહીં, પરંતુ વડોદરાના અન્ય વિસ્તારોમાં પણ મગરોએ દેખા દીધી છે. તાંદલજા બસ સ્ટેન્ડ નજીક એક મહાકાય મગરે રસ્તા પર અડિંગો જમાવ્યો હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. આ ઉપરાંત, વડોદરા નજીકના પાદરા-ઘાયજ રોડ પર પણ મગર લટાર મારતો હોવાના દ્રશ્યો જોવા મળ્યા હતા. મગરો શહેરના મુખ્ય માર્ગો અને વસાહતો સુધી પહોંચી જતા લોકો સુરક્ષાને લઈને ચિંતિત બન્યા છે.

વન વિભાગના નિષ્ણાતોના મતે, મગરો શાંત પાણીમાં રહેવાનું પસંદ કરતા હોય છે. ચોમાસામાં નદી અને તળાવમાં નવું પાણી આવતા વહેણ ઝડપી બને છે. આ વધતા પાણીના વેગને કારણે મગરો પોતાનું સંતુલન જાળવી શકતા નથી અને અફરાતફરીમાં પાણીના પ્રવાહ સાથે વહીને રહેણાંક વિસ્તારો કે રસ્તાઓ સુધી આવી પહોંચે છે.

### વન વિભાગની અપીલ અને એલર્ટ

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વડોદરાના આરએફઓ અનિતાબેન બારીયાએ નાગરિકોને સાવચેત રહેવા અપીલ કરી છે. તેમણે જણાવ્યું છે કે, ફોરેસ્ટ વિભાગની ટીમો રાત-દિવસ તૈનાત છે અને કંટ્રોલ રૂમ પણ કાર્યરત કરવામાં આવ્યો છે. જો ક્યાંય પણ મગર અથવા અન્ય કોઈ જળચર જીવ જોવા મળે તો તરત જ વન વિભાગ અથવા જીવદયા સંસ્થાઓનો સંપર્ક કરવો.

### નાગરિકો માટે સાવચેતી

ચોમાસાની ઋતુમાં જ્યારે નદી-નાળા છલકાઈ રહ્યા હોય, ત્યારે પાણી નજીકના વિસ્તારોમાં જવાનું ટાળવું જોઈએ. મગર ગમે તેટલા શાંત જણાતા હોય તો પણ તે હિંસક હોઈ શકે છે. વહીવટી તંત્ર દ્વારા મગરના રેસ્ક્યુ માટે તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. લોકોએ ડરવાની જરૂર નથી, પરંતુ સતર્ક રહીને વન વિભાગની મદદ લેવી જોઈએ.

### સગીરા પર વૃદ્ધનો બળાત્કાર, વિધિના નામે અકોટામાં દુષ્કર્મ

# દીકરીનું મન શાંત કરવાની વિધિ ભારે પડી

(એજન્સી) વડોદરા । તા. 08

વડોદરાના અકોટા વિસ્તારમાંથી એક અત્યંત શરમજનક અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં ૧૭ વર્ષીય સગીરાનું મન શાંત કરવાના નામે ૭૦ વર્ષીય વૃદ્ધે તેની સાથે દુષ્કર્મ આચર્યું છે. અંધશ્રદ્ધા અને વિધિના બહાને આ હવસખોર વૃદ્ધે સગીરાના પરિવારનો વિશ્વાસ તોડીને માનવતાને લાંછન લગાડ્યું છે. પોલીસે આ મામલે નરેન્દ્ર દિનકરભાઈ ભટ્ટ નામના વૃદ્ધની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પીડિત પરિવારની ૧૭ વર્ષીય દીકરી માનસિક તણાવ કે અશાંતિ અનુભવતી હોવાથી તેના માતા-પિતા ખૂબ ચિંતિત હતા. થોડા દિવસો પહેલા તેઓ મંદિરમાં દર્શનાર્થે ગયા ત્યારે તેમની મુલાકાત નરેન્દ્ર ભટ્ટ સાથે થઈ હતી. નરેન્દ્રએ પોતે પૂજા-પાઠ અને વિધિ જાણતો હોવાનું જણાવી પરિવારનો વિશ્વાસ જીતી લીધો હતો. માતા-પિતાએ દીકરીની સમસ્યા જણાવતા તેણે વિધિ કરવાના નામે ઘરે આવવાનું શરૂ કર્યું.

### વિધિના બહાને રુમમાં એકાંત

નરેન્દ્ર જ્યારે વિધિ કરવા માટે પીડિતાના ઘરે જતો, ત્યારે તે પરિવારજનોને બહાર બેસાડી દેતો અને સગીરાને લઈને રૂમમાં જતો. લીંબુ અને પૂજાપાની સામગ્રીના બહાને તેણે રૂમનો દરવાજો બંધ કરીને અંદર સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, ૨૦ દિવસના ગાળામાં આ વૃદ્ધે અંદાજે ચાર વખત વિધિના બહાને ઘરે આવીને બે વાર બળાત્કાર ગુજાર્યો હતો.

### ધર્મના ભાઈએ ખોલ્યો પાપનો ભાંડો

આ હવસખોર નરેન્દ્રની કરતૂતોનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે પીડિતાએ આ સમગ્ર ઘટનાની



જાણ તેના 'ધર્મના ભાઈ'ને કરી. ભાઈએ તરત જ આ ગંભીર બાબતની જાણ પીડિતાના માતા-પિતાને કરતા પરિવારજનો આઘાતમાં સરી પડ્યા હતા. સત્ય બહાર આવતા જ પરિવારે અકોટા પોલીસ મથકે પહોંચીને ફરિયાદ નોંધાવી હતી. ડીસીપી મંજીતા વણઝારાના માર્ગદર્શન હેઠળ પોલીસે ત્વરિત કાર્યવાહી કરી આરોપી નરેન્દ્ર ભટ્ટ (રહે. જ્ઞાનસુધા ફ્લેટ્સ, ગોત્રી) ની ધરપકડ કરી છે. અકોટાના પીઆઈ ડી.વી. બલદાનિયાએ જણાવ્યું હતું કે, આરોપીની ધરપકડ બાદ તેનો મેડિકલ ટેસ્ટ કરાવવામાં આવ્યો છે. આ ઉપરાંત, ગુનાના પુરાવા એકત્રિત કરવા માટે સીમેન ટેસ્ટ કરાવી લેબોરેટરીમાં રિપોર્ટ માટે મોકલી આપવામાં આવ્યો છે. કોર્ટે આરોપીને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યો છે.

### વાલીઓ માટે ચેતવણીરૂપ કિસ્સો


આ ઘટનાએ ફરી એકવાર વાલીઓને સાવચેત કરી દીધા છે. કોઈ પણ અજાણી વ્યક્તિ પર આંધળો વિશ્વાસ મૂકવો કે અંધશ્રદ્ધાના રવાડે ચડીને ઘરે વિધિ કરાવવી કેટલી જોખમી બની શકે છે, તે આ કિસ્સા પરથી સ્પષ્ટ થાય છે. અંધશ્રદ્ધાને કારણે આજે એક સગીરાએ આટલી મોટી માનસિક અને શારીરિક વેદના ભોગવવી પડી છે. સમાજમાં આવા તત્વોથી સાવધ રહેવાની અત્યંત આવશ્યકતા છે.

### સિક્યુરિટી એજન્સીના સંચાલકની ધરપકડ

## વડોદરામાં પત્નીના આપઘાત કેસમાં પતિની ધરપકડ

(એજન્સી) વડોદરા । તા. 08

વડોદરામાં લગ્નના માત્ર ચાર જ મહિનામાં દહેજની માંગણી અને માનસિક ત્રાસથી કંટાળીને ૨૧ વર્ષીય પરિણીતાએ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. આ મામલે કપુરાઈ પોલીસે મહિલાના પતિની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપી પતિ વ્યવસાયે સિક્યુરિટી એજન્સીનો સંચાલક હોવાનું સામે આવ્યું છે. મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ અમદાવાદ રહેતા ગુડ્ડીબેન રામસ્વરૂ જોશીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમની પુત્રી નેહાના લગ્ન ગત ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ વડોદરાના શિવમ રેસિડેન્સીમાં રહેતા કાર્તિક રાજેન્દ્રકુમાર જોશી સાથે થયા હતા. લગ્નના એક મહિના પછીથી જ સાસરી પક્ષ દ્વારા નેહાને માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવતો હતો. પતિ કાર્તિક સતત નેહાને મહેણાં મારતો હતો કે, "તને હું નોકરાણી તરીકે લાવ્યો છું, તારે અહીં કામ જ કરવાનું છે." આ ઉપરાંત, તે દહેજ ઓછું લાવ્યાનું કહીને નેહાને પિયરમાંથી પૈસા લઈ



આવવા દબાણ કરતો હતો. પતિના અસહ્ય ત્રાસથી કંટાળીને અંતે નેહાએ ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. પુત્રીના મોત બાદ માતાએ કપુરાઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસ તંત્ર હરકતમાં આવ્યું હતું. કેસની ગંભીરતાને ધ્યાને લઈને પીએસઆઈ કે.ડી. પરમાર અને તેમની ટીમ દ્વારા આરોપી પતિ કાર્તિક જોશીની તાત્કાલિક ધરપકડ કરવામાં આવી છે. પોલીસ તપાસમાં એવું બહાર આવ્યું છે કે કાર્તિક એક સિક્યુરિટી એજન્સી ચલાવે છે. હાલ પોલીસે આરોપીને જેલ હવાલે કરીને વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાએ ફરી એકવાર દહેજ પ્રથા અને પારિવારિક અત્યાચારના ગંભીર મુદ્દાને સમાજ સામે મૂક્યો છે.

### તંત્રની નિષ્ફળતા સામે રોષ

## ધારાસભ્યના ફોટા ડૂબાડ્યા અમે તો ડૂબ્યા તમો પણ ડૂબો કર્યો

(એજન્સી) વડોદરા । તા. 08

વડોદરાના ઉંડેરા-કરોડિયા વિસ્તારમાં આવેલી જય અંબે સોસાયટીના રહીશોનો વહીવટી તંત્ર અને ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ સામેનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા ધોધમાર વરસાદને પગલે સોસાયટીમાં ભરાયેલા પાણીનો નિકાલ ન થતા, રોષે ભરાયેલા રહીશોએ સ્થાનિક ધારાસભ્ય અને કોર્પોરેટરોના ફોટા ભરાયેલા પાણીમાં ડૂબાડીને અનોખી રીતે વિરોધ નોંધાવ્યો હતો. આ ઘટનાએ સમગ્ર શહેરમાં ચર્ચા જગાવી છે.

રહીશોના જણાવ્યા અનુસાર, જય અંબે સોસાયટીમાં પાણી ભરાવવાની સમસ્યા કોઈ નવી નથી. છેલ્લા સાત વર્ષથી તેઓ દર ચોમાસામાં આ જ મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. થોડા ઈંચ વરસાદ પડતાની સાથે જ સોસાયટીના રસ્તાઓ નદીમાં ફેરવાઈ જાય છે અને પાણી સીધા લોકોના ઘરોમાં ઘૂસી જાય છે. આ કારણે ઘરવખરી અને અન્ય ચીજવસ્તુઓને ભારે નુકસાન વેઠવું પડે છે. વારંવાર ફરિયાદો



કરવા છતાં તંત્ર દ્વારા કાયમી ઉકેલ માટે કોઈ નક્કર પગલાં લેવામાં આવતા નથી.

ચોમાસુ શરૂ થાય તે પહેલાં કોર્પોરેશન દ્વારા પ્રિ-મોન્સુન કામગીરીના દાવાઓ કરવામાં આવતા હોય છે, પરંતુ આ સોસાયટીના રહીશોએ આ દાવાઓની પોલ ખોલી દીધી છે. પાણીનો નિકાલ ન થવા પાછળ તંત્રની ઘોર બેદરકારી હોવાનો આક્ષેપ રહીશોએ કર્યો છે. સ્થાનિકોની હૈયાવરાળ ઠાલવતા જણાવ્યું હતું કે, દર વર્ષે અમે રજૂઆતો કરીએ છીએ અને નેતાઓ માત્ર આશ્વાસનો આપે છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

અણધાર્યો પ્રવાસ થકવી નાખનારો હોઈ શકે છે જે તમને અસ્તવ્યસ્ત કરી મુકશે. સ્નાયુઓને આરામ આપવા તમારા શરીરની તેલથી માલિશ કરો. પોતાના જીવનસાથી જોડે ધન સંબંધી કોઈ બાબત ને લયી ઝગડો થયી શકે છે. જોકે તમે તમારા શાંત સ્વભાવ થી બધું ઠીક કરી દેશો.

**વૃષભ : બ. વ. ઉ.**

તમને જો એમ લાગતું હોય કે તમે વધુ પડતા તાણગ્રસ્ત થઈ ગયા છો- તો બાળકો સાથે વધુ સમય વિતાવો- તેમનું ઉષ્માભર્યું આલિંગન અથવા તેમનું નિર્દોષ સ્મિત તમને તમારી તકલીફોમાંથી બહાર કાઢશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે.

**મિથુન : ક. છ. ઘ.**

સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે.

**કર્ક : ડ. હ.**

નિરાશાવાદી અભિગમ ટાળવો જોઈએ કારણ કે તે તમારી શક્યતાઓને ન માત્ર ન્યૂનતમ કરશે બલ્કે તમારા શરીરની સંવાદિતામાં પણ ખલેલ પહોંચાડશે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. આજે તમને લાભ થશે-કેમ કે પરિવારના સભ્યો તમને હકારાત્મક રીતે પ્રતિસાદ આપશે.

**સિંહ : મ. ટ.**

આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે.

**કન્યા : પ. ઠ. ણ.**

દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. તમારી ખાનગી માહિતી તમારા જીવનસાથી સાથે શૅર કરતા પહેલા વિચારજો. શક્ય હોય તો. એવું કરવલાનું ટાળજો કેમ કે તે આ વાત કોઈક અન્યને જણાવી શકે છે.

**તુલા : ર. ત.**

ક્ષણિક આવેગમાં આવી જઈ આર્થિક બાબતોનો નિર્ણય લેશો નહીં, આવું કરવાથી તમારા બાળકોના હિતોનું નુકસાન થઈ શકે છે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે.

**વૃશ્ચિક : ન. ય.**

સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

ભાર તથા કોલેસ્ટ્રોલનું ઉચ્ચ પ્રમાણ ધરાવતો ખોરાક ટાળો. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો.

**મકર : ખ. જ.**

ફિટનેસ તથા વેટ લૉસ પ્રૉગામ્સ તમને સ્વસ્થ રહેવામાં મદદ કરશે. આ રાશિ ના અમુક લોકો ને ભૂમિ સંબંધિત બાબતો માં ધન ખર્ચ કરવું પડી શકે છે. ઘરમાં કેટલાક ફેરફારો તમને ખાસ્સા સંવેદનશીલ બનાવી દેશે- પણ તેમ તમારી લાગણીઓ અસરકારક રીતે જેમનું મહત્વ છે .

**કુંભ : ગ. સ. શ. ષ.**

જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશો ઑફિસના કામમાં તમારી વધારે પડતી વ્યસ્તતાને કારણે તમારા જીવનસાથી સાથેના સંબંધો વણસી શકે છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારા જીવનસાથીનું વફાદાર હૃદય અને હિંમતવાન મનોબળ તમને કદાચ આનંદ આપશે. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે. બહુ અગાઉથી ઘડેલી મુસાફરીની યોજના પરિવારમાં કોઈકની માંદગીને કારણે મુલત્વી રહેવાની શક્યતા.

**નોટો ગણવાના મશીનો બતાવી રોકાણકારોને વિશ્વાસમાં લીધા**

# શેરબજારમાં ૨૦ ટકા વળતરની લાલચ આપી ૧.૦૩ કરોડની છેતરપિંડી

(એજન્સી) ભાવનગર | તા.08

ભાવનગરમાં ફરિયાદકા ગામના યોગેશ અને સંજય ધામેચા નામના બે ભાઈઓએ શેરબજારમાં ઊંચા વળતરની લાલચ આપી લોકો સાથે છેતરપિંડી આચરી છે. રોકાણકારોને નોટો ગણવાના મશીનો બતાવી વિશ્વાસમાં લીધા હતા. કુલ 7 લોકો પાસેથી 1 કરોડ 3 લાખથી વધુની છેતરપિંડી થઈ છે. વરતેજ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ભાવનગરના વરતેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં શેરબજાર માર્કેટીંગમાં રોકાણના નામે દર મહિને ૨૦ ટકા જેટલું ઊંચું વળતર આપવાની લોભામણી સ્કિમ બતાવી કુલ રૂ.એક કરોડ ત્રણ લાખથી વધુની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો સનસનાટી ભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

સીદસર ગામના આંબેડકરનગર ખાતે રહેતા અને કરિયાણા અને પાન-માવાની દુકાન ચલાવતા ગૌતમભાઈ ઉકાભાઈ ચૌહાણે આશરે સાત મહિના પહેલા યોગેશ વેલજીભાઈ ધામેચા તેમની દુકાને આવ્યો




હતો. અને પોતે તથા તેનો પિતરાઈ ભાઈ સંજય મૂળજીભાઈ ધામેચા (બંને રહે. ફરિયાદકા) શેરબજારનો મોટો બિઝનેસ કરતા હોવાની ગુલબાંગો ફેંકી હતી. ગૌતમભાઈ જ્યારે ફરિયાદકા ગામે સંજય ધામેચાના ઘરે ગયા, ત્યારે ત્યાં લોકોની ભીડ અને પૈસા ગણવાના ૪ મશીનો જોઈને તેઓ અંજાઈ ગયા હતા. બન્ને શખ્સે ઈન્કમટેક્સથી બચવાના બહાને રોકાણના બદલે 'ઉછીના નાણાં' આપ્યા હોવાના લખાણ સાથે રૂ. ૩૦૦ ના સ્ટેમ્પ પેપર પર સહીઓ કરી આપી પાકો વિશ્વાસ જીત્યો હતો. ઓનલાઈનના બદલે માત્ર રોકડા રૂપિયા જ સ્વીકારવામાં આવતા હતા.ગૌતમભાઈએ કટકે-કટકે રૂ. ૧૦ લાખનું રોકાણ કર્યું હતું, જેની સામે તેમને વળતર પેટે માત્ર રૂ. ૭૫,૫૦૦ જ પરત મળ્યા હતા. આ જ રીતે તેમના અન્ય ૬ ઓળખીતાઓ કિશોરભાઈ, નિલેશભાઈ, સંદિપભાઈ, અજયભાઈ, કરણભાઈ અને અનીલભાઈ પાસેથી પણ રૂ. ૧,૧૧,૫૦,૦૦૦ નું રોકાણ કરાવી, તેમાંથી માત્ર રૂ.૧૭,૬૦,૦૦૦ પરત આપી બાકીની મોટી રકમ ગઠિયાઓ રૂ.૧,૦૩,૧૪,૫૦૦ ઓળવી ગયા હતા.આ બનાવ સંદર્ભે વરતેજ પોલીસે ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડિપોઝીટર્સ એક્ટ અને બીએનએસની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.માર્ચ ૨૦૨૬થી વળતર બંધ થતાં અને ચૂંટણીનું બહાનું કાઢયા બાદ બંને શખ્સો પોતાના મોબાઈલ ફોન બંધ કરી પરિવાર સાથે ફરાર થઈ ગયા છે. ગૌતમભાઈના મતે, આ ભેજાબાજોએ અંદાજે ૧૫૦૦ થી વધુ રોકાણકારો સાથે રૂ. ૫૦ કરોડથી વધુનું કૌભાંડ આચર્યું હોવાની આશંકા છે.

**જાનથી મારી નાખવાની ધમકી**

## જવેલ્સ સર્કલ પાસે દુકાન ખાલી કરાવવા મામલે વેપારી પર પિતા-પુત્રનો હુમલો

(એજન્સી) ભાવનગર | તા.08

ભાવનગરના જવેલ્સ સર્કલ પાસે વોટર ફિલ્ટરની દુકાન ધરાવતા 49 વર્ષીય રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ ચીહલા પર પાડોશી દુકાનદાર તુષાર ભટ્ટ, તેના પુત્ર મૌલિક અને 3 કારીગરોએ હુમલો કર્યો હતો. જૂની અદાવત રાખી ગાળો ભાંડી, ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. નિલમબાગ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ભાવનગરના જવેલ્સ સર્કલ પાસે દુકાન ધરાવતા વેપારી પર પાડોશી દુકાનદારે તેના પુત્ર અને અન્ય ત્રણ કારીગરો સાથે મળીને હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. શહેરના દેસાઈનગર વિસ્તારમાં રહેતા અને વોટર ફિલ્ટરનો વેપાર કરતા ૪૯ વર્ષીય રાજેશભાઇ ઉર્ફે રાજુભાઇ ચીહલા ગત સોમવારે સાંજે પોતાની દુકાને હાજર હતા, ત્યારે બાજુની દુકાનના માલિક તુષાર ભટ્ટ અને તેમના પુત્ર મૌલિક ત્યાં આવ્યા હતા. બંનેએ અહીંયા દુકાન રાખવા દેવી નથી તેમ કહી જૂની અદાવત રાખીને વેપારીને ગાળો આપવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ મૌલિક ભટ્ટે વેપારીને ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો. આ દરમિયાન તેમની સાથેના ત્રણ અજાણ્યા કારીગરોએ પણ આવીને વેપારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ સમગ્ર મામલે નિલમબાગ પોલીસે પિતા-પુત્ર સહિત પાંચેય સામે બીએનએસની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**ગેરકાયદેસર હથિયાર**

## ધંધુકામાંથી ગેરકાયદે દેશી બંદૂક સાથે શખ્સ ઝડપાયો

ધંધુકા: ધંધુકા પોલીસે ડમ્પીંગ સાઈડ નજીક બાવળની ઝાડીમાંથી શિકારની શોધમાં બેઠેલા મુબારકભાઈ મીરાભોજા સીંધી (ઉં.વ. 23, રહે. ધંધુકા)ને દેશી જામગરી બંદૂક સાથે ઝડપી પાડ્યો. પોલીસે બાતમીના આધારે દરોડો પાડી, રૂ. 5,000ની બંદૂક કબ્જે કરી. આરોપી વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ છે. ધંધુકા ડમ્પીંગ સાઈડની બાજુમાં આવેલ બાવળની ઝાડીમાં શિકારની શોધમાં બેઠેલા શખ્સને ધંધુકા પોલીસે દેશી જામગરી બંદૂક સાથે ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ધંધુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસે પેટ્રોલિંગ દરમિયાન એક મોટી સફળતા મેળવી છે. ધંધુકા ડમ્પીંગ સાઈડની બાજુમાં આવેલ બાવળની ઝાડીમાં એક શખ્સ ગેરકાયદેસર હથિયાર સાથે શિકારની શોધમાં બેઠો હોવાની ખાનગી બાતમી પોલીસને મળી હતી. બાતમીના આધારે ધંધુકા પોલીસે સાંજના સમયે સમગ્ર વિસ્તારમાં કોર્ડન કરી સફળ દરોડો પાડયો હતો.પોલીસે ઘટનાસ્થળેથી મુબારકભાઈ મીરાભોજા સીંધી (ઉંમર વર્ષ ૨૩, હાલ રહે. મલાવ તળાવની પાળ, ધંધુકા) નામના શખ્સને ઝડપી પાડયો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછ અને અંગજડતી દરમિયાન શખ્સ પાસેથી રૂ.૫,૦૦૦ ની કિંમતની અને ૧૫૩ સે.મી. લાંબી દેશી હાથ બનાવટની જામગરી બંદૂક મળી આવી હતી. આ હથિયાર રાખવા અંગે શખ્સ પાસે કોઈ માન્ય પાસ કે પરમિટ નહોતી.આ બનાવ સંદર્ભે ધંધુકા પોલીસે હથિયાર ધારો (આર્મ્સ એક્ટ) કલમ-૨૫(૧-બી) એ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગરમાં બેફામ કારચાલકે બુલેટને ટક્કર મારતાં દંપતી ઈજાગ્રસ્ત : મહિલા ગંભીર રીતે ઘાયલ, કારચાલક ફરાર

જામનગર : જામનગરમાં ધન અપૂર્વા સોસાયટી નજીક હિટ એન્ડ રનની ઘટના બની છે. પૂરપાટ ઝડપે આવતી સફેદ કારે બુલેટને ટક્કર મારતા કીર્તીકુમાર રામનાણી અને તેમના પત્ની નિયતિબેન ઈજાગ્રસ્ત થયા હતા. નિયતિબેનને પગમાં ફ્રેક્ચર થયું છે. અકસ્માત સર્જી કારચાલક ફરાર થતા, સિટી "એ" ડિવિઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.જામનગર શહેરના સીટી "એ" ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. ધન અપૂર્વા સોસાયટી ગેટ નં.2 સામે જાહેર માર્ગ પર પૂરઝડપે અને ગફલતભરી રીતે કાર ચલાવી બુલેટ મોટરસાયકલને ટક્કર મારતા દંપતી ઈજાગ્રસ્ત બન્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ કારચાલક વાહન સાથે સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે પ્રણામી ટાઉનશીપ-3 ખાતે રહેતા કીર્તીકુમાર સુરેશભાઈ રામનાણીએ સીટી "એ" ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ તેઓ પોતાની પત્ની નિયતિબેન સાથે બ્લેક કલરની બુલેટ મોટરસાયકલ (રજી. નં. જી. જે.10-ઈ.જે.2714) પર કીર્તીપાન પાસેથી પોતાના ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન ધન અપૂર્વા સોસાયટી ગેટ નં. 2 પાસે રોડ ક્રોસ કરતી વખતે વિયાના પાર્ક તરફથી આવેલી સફેદ રંગની કાર (રજી. નં. જી. જે.01-આર.એસ.2982)ના ચાલકે બેફામ અને બેદરકારીપૂર્વક વાહન હંકારી બુલેટને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં કીર્તીકુમાર રામનાણી તથા તેમની પત્ની નિયતિબેન રોડ પર પટકાયા હતા.

**લોહિયાળ અંજામ**

## મૈત્રીકરારથી નારાજ પુત્રે છરીના છ ઘા મારી માતાના મિત્રને પતાવી દીધો

જેતપુર: જેતપુરમાં માતાના મૈત્રી કરારથી નારાજ પુત્રે લોહિયાળ અંજામ આપ્યો છે. કણકીયા પ્લોટમાં કમલેશ વાઘેલા છાસ લેવા નીકળતા, રાજકોટથી આવેલ પુત્ર જયંત વાઘેલાએ છરીના 5-6 ઘા ઝીંકી હત્યા કરી. કમલેશ અને નીતાબેન મૈત્રી કરારથી રહેતા હતા, જે જયંતને પસંદ નહોતું. પોલીસે ગણતરીના કલાકોમાં જયંતની ધરપકડ કરી, વધુ તપાસ ચાલુ છે. જેતપુર શહેરના કણકીયા પ્લોટ વિસ્તારમાં આજે બપોરે માતા સાથેના મૈત્રી કરારના સંબંધોની અદાવતનું એક અત્યંત લોહિયાળ પરિણામ સામે આવ્યું છે. મૈત્રી કરારના સંબંધોથી નારાજ રહેતા અન માતા સાથે મૈત્રી કરાર કરનારા મૈત્રી પુરૂષની છરીના ૫ થી ૬ આડેધડ ઘા ઝીંકીને કરપીણ હત્યા કરી નાખતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. ઘટના નજીકના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે જેતપુર સિટી પોલીસે મુખ્ય આરોપીની ધરપકડ કરી લીધી છે.જેતપુરના કણકીયા પ્લોટમાં અંબર સિનેમા નજીક આવેલ વાલ્મિકી વાસમાં રહેતો કમલેશ અરવિંદભાઈ વાઘેલા (ઉં.વ. ૩૫) મજૂરી કામ કરીને પોતાનું ગુજરાન ચલાવતો હતો.આ જ વિસ્તારમાં રહેતી નીતાબેન વાઘેલાના પતિ કાળુભાઈ વાઘેલાનું અવસાન થયું હતું. પતિના અવસાન બાદ



નીતાબેન કમલેશના પરિચયમાં આવ્યા હતા અને બંનેએ પરસ્પર સંમતિથી તેણે મૈત્રી કરાર કરીને સાથે રહેવાનું શરૂ કર્યું હતું. નીતાબેનના આ સંબંધો તેમના પુત્ર જયંત ઉર્ફે જયન કાળુભાઈ વાઘેલાને બિલકુલ પસંદ નહોતા. માતા અન્ય પુરુષ સાથે મૈત્રી કરારથી રહે તે બાબતનો આક્રોશ અને ગુસ્સો જયંતના મનમાં ધૂંધવાતો હતો, જેના કારણે તે પોતાની માતાથી અલગ રાજકોટના કોઠારિયા વિસ્તારમાં રહેવા જતો રહ્યો હતો.

આજે બપોરના સમયે કમલેશ વાઘેલા પોતાના ઘરે પરિવાર સાથે જમવા બેઠો હતો. જમતી વખતે ઘરમાં છાસ ખૂટી પડતાં કમલેશ વાલ્મિકી વાસની ગલીમાંથી બહાર મુખ્ય માર્ગ પર છાસ લેવા માટે નીકળ્યો હતો. બીજી તરફ, મનમાં હત્યાનો પાકો પ્લાન ઘડીને રાજકોટથી જેતપુર આવેલો જયંત વાઘેલા છરી સાથે વાલ્મિકી વાસ પાસે કમલેશની બહાર આવવાની જ રાહ જોઈને ઊભો હતો. જેવો કમલેશ ગલીની બહાર આવ્યો કે તરત જ જયંતે તેને રસ્તા વચ્ચે આંતરી લીધો હતો.

**તંત્ર પાસે તાત્કાલિક કાર્યવાહી કરવા વાલીઓની માંગ**

## વલ્લભીપુરમાં પાઠય પુસ્તકોનો અભાવ વચ્ચે અભ્યાસ કાર્ય શરૂ

ભાવનગર : ભાવનગર જિલ્લાના વલ્લભીપુર તાલુકાની સરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં શૈક્ષણિક સત્ર શરૂ થયાના એક મહિના બાદ પણ ધો. 6નું ગણિત અને ધો. 7નું અંગ્રેજી પાઠ્યપુસ્તક મળ્યા નથી. આ સમસ્યા ભાવનગર જિલ્લામાં વ્યાપક હોવાનું મનાય છે. પાઠ્યપુસ્તકો વગર વિદ્યાર્થીઓના અભ્યાસ પર અસર પડતા વાલીઓમાં રોષ છે અને તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે. ઉનાળુ વેકેશન બાદ નવુ શૈક્ષણિક સત્ર શરૂ થયાને ખાસ્સો સમય થયો હોવા છતાં વલ્લભીપુરતી સરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં ધો. ૭નું અંગ્રેજી અને ધો. ૬નું ગણિત વિષયના પાઠય પુસ્તકો નહીં મળથા વાલી વિદ્યાર્થીઓમાં રોષની



લાગણી ફેલાઈ છે.ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં શિક્ષણના સ્તરને ઉંચુ લાવવા માટે સતત દાવાઓ કરવામાં આવી રહ્યા છે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ જોવા મળી રહી છે. ઉનાળુ વેકેશન પુરું થયાને હવે એક મહિનો થવા આવ્યો છે. તેમ છતાં વલ્લભીપુર તાલુકાની શાળાઓમાં હજુ સુધી વિદ્યાર્થીઓને પાઠયપુસ્તકો મળ્યા નથી. શિક્ષણના આ મહત્ત્વપૂર્ણ મુદ્દાને લઈને વાલીઓમાં ભારે રોષ અને ચિંતા જોવા મળી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, વલભીપુર તાલુકાની શાળાઓમાં ધો. ૬નું ગણિતનું અને ધોરણ ૭નું અગ્રેજી વિષયનું પાઠયપુસ્તક વિદ્યાર્થીઓને ઉપલબ્ધ થયું નથી. સૂત્રો દ્વારા એવી પણ વિગતો મળી રહી છે કે આ સમસ્યા માત્ર વલ્લભીપુર પુરતી મર્યાદિત નથી, પરંતુ સમગ્ર ભાવનગર જિલ્લામાં પાઠય પુસ્તકોનો પુરવઠો સમયસર પહોંચ્યો નથી. પાઠય પુસ્તકો વગર વિદ્યાર્થીઓ કેવી રીતે અભ્યાસ કરશે, તેવો સવાલ વાલીઓ ઉઠાવી રહ્યા છે સાથે તંત્ર પાસે તાત્કાલિક હસ્તક્ષેપ કરી ટૂંક સમયમાં પાઠયપુસ્તકોનો જથ્થો શાળાઓ સુધી પહોંચાડવા માટે ઉગ્રમાંગ કરી છે.

## વાસણા પાસે કાર-બાઇક વચ્ચે જીવલેણ અકસ્માત, છસીયાણા ગામના યુવકનું ઘટનાસ્થળે જ મોત

ધંધુકા: ધંધુકા-લીંબડી રોડ પર વાસણા ગામ નજીક કાર અને બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ધંધુકા તાલુકાના છાશિયાણા ગામના ૪૦ વર્ષીય યુવાનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.ધંધુકા તાલુકાના છાશિયાણા ગામે રહેતો યુવાન લાલજીભાઈ ચકાભાઈ રાલોલિયા પોતાની મોટરસાયકલ (નંબર જીજે-૧૩-એપી-૦૨૩૯) લઈને ધંધુકાથી છાશિયાણા ગામ તરફ જતો હતો તે દરમિયાન ધંધુકા-લીંબડી રોડ પર વાસણા ગામ નજીક સામેથી આવી રહેલી કાર (નંબર જીજે-૦૧-આરઝેડ-૭૧૬૯ ) ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી બાઈક સાથે અથડાવી દેતા લાલજીભાઈ ચકાભાઈ રાલોલિયાને ગંભીર ઈજા થઈ હતી .આ ઘટનાની જાણ થતાં ધંધુકા ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ સ્થળ પર પહોંચી હતી. તબીબોએ તપાસ કરતાં લાલજીભાઈને મૃત્યુ જાહેર કર્યા હતા.

## રાજુલા નગરપાલિકા ના વોર્ડ નંબર ૬ ના જાગૃત સભ્ય ભરતભાઈ જાની દ્વારા રોડ અંગે ધારાસભ્ય ને લેખિત રજૂઆત

કિશોર આર. સોલંકી જાફરાબાદ

હાલ રોડ, ઉપરથી તેમાં પાણી ભરાતા અકસ્માતનો ભય રાજુલાના વર્કશોપ થી આર.કે. - સ્કૂલ સુધીના સતડીયા રોડ પર ભારે વરસાદ બાદ ઠેર-ઠેર પાણી ભરાઈ ગયા છે અને રોડ બિસ્માર હાલતમાં છે. આ રોડ પર ૧૦ થી વધુ શાળાઓ આવેલી હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પાણીમાં ખાડા દેખાતા ન હોવાથી વાહન ચાલકો અને બાળકો અકસ્માતના ભય હેઠળ અવર-જવર કરી રહ્યા છે.

આ રોડ સતડીયા થી રાજુલાનો મુખ્ય શોર્ટકટ હોવાથી હજારો લોકોની એવર-જવર પણ છે. રોડ નવો હોવા છતાં તૂટી ગયો છે.ભરતભાઈ જે. જાની રાજુલા નગરપાલિકા ના સદસ્ય શ્રી વોર્ડ નંબર ૬ દ્વારા પોતાના લેટર પેડ પર લેખિત રજૂઆત કરતા જણાવેલ છે કે પ્રતિશ્રી હિરાભાઈ સોલંકી ધારાસભ્યશ્રી રાજુલા - જાફરાબાદ - ખાંભા ને રજુઆત કરતા જણાવેલ છે કે રાજુલા છતડીયા રોડ ઉપર ભરાતા પાણીના કારણે લોકોને પડતી મુશ્કેલી દુર કરવા બાબત જય ભારત સાથ ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, રાજુલા છતડીયા રોડ ઉપર સવિતાનગર આગળ, શિતળા માં ના મંદિર પાસે અને મનમંદિર સોસાયટી પાસે રોડ ઉપર પાણી ભરાય છે, આ રોડ ઉપર શાળાઓ આવેલી છે, અલગ-અલગ સોસાયટી આવેલી હોય, કાયમી હજારો બાળકો ઉપરાંત વાલીઓ, સોસાયટીના રહીશોની અવર-જવર રહે છે, આના કારણે કાયમી હજારો લોકોને ખુબજ તકલીફ હાલાકી પડે છે. ખાસ : આ રાજુલા છતડીયા રોડ નવો બનાવવા માટે ઘણા સમયથી જે તે એજન્સીને વર્ક ઓર્ડર પણ આપવામાં આવેલ છે, છતાં પણ આ રસ્તાનું કામ શરૂ કરવામાં આવતું નથી. અધિકારીઓ અને કોન્ટ્રાકટરોની ઢીલી નિતી ના કારણે લોકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે.

**વાહનો કબજે કરી ત્રણની ધરપકડ**

## જેતપુરમાં એક જ સરખા નંબરવાળી 10 લકઝરી બસ, એક કાર પકડાઈ



જેતપુર: જેતપુરમાં રોડ ટેક્સ તથા વાહન વીમો બચાવવાના ઈરાદે એક જ સરખા રજીસ્ટ્રેશન નંબરની પ્લેટો લગાડીને જુદા જુદા રૂટ પર એક સરખા નંબર વાળી અનેક ખાનગી બસો દોડાવવાનું કારસ્તાન પોલીસે ઝડપી ૧૦ લકઝરી ટ્રાવેલ્સ બસ અને ૧ ઓમ્ની કાર સહિત કુલ ૧૧ વાહનો કબજે કર્યા છે, જેની અંદાજિત કિંમત રૂપિયા ૧ કરોડ ૫૫ લાખથી વધુ થવા જાય છે. જેતપુર ઉદ્યોગનગર પોલીસને બાતમી મળી હતી કે, જૂનાગઢ તરફથી રાજકોટ તરફ જઈ રહેલી 'શ્રી મહાલક્ષ્મી ટ્રાવેલ્સ'ની સ્લીપર કોચ બસમાં ખોટી નંબર પ્લેટ લગાવેલી છે. પોલીસે પોરબંદર-રાજકોટ નેશનલ હાઈવે પર રબારીકા ચોકડી પાસે વોચ ગોઠવી બાતમીવાળી બસ ત્યાંથી પસાર થતાં જ તેને અટકાવી આગળ-પાછળ જોતાં એઆર- ૦૧, ૯૯૦૫ નંબરની પ્લેટ માલૂમ પડી હતી. બસ ચાલક કૌશિક યોગેશભાઈ જયસ્વાલ (રહે. મેંદરડા, જૂનાગઢ) પાસે બસના કાગળો કે ડ્રાઈવિંગ લાયસન્સ નહોતા. સઘન પૂછપરછ દરમિયાન તેને કબૂલ્યું કે, તેના નાના ભાઈના નામે રજીસ્ટર્ડ બસની વધારાની નંબર પ્લેટો આ બસ પર લગાડી ટેક્સ અને વીમો ભર્યા વગર તે બસ ચલાવતો હતો. આ દરમિયાન એ જ નંબર ધરાવતી બીજી ગુલાબી અને સફેદ કલરની બસ પણ ત્યાંથી પસાર થતાં પોલીસે તેને પણ આંતરી લીધી હતી. જેતપુર ઉદ્યોગનગર પોલીસે ગુનાઓ નોંધી મુખ્ય સૂત્રધારો પાવન અલ્પેશભાઈ જયસ્વાલ, અલ્પેશ ઉર્ફે ટોનુ નવીનચંદ્ર જયસ્વાલ તથા કૌશિક યોગેશભાઈ જયસ્વાલ સહિતના શખ્સો સામે કાર્યવાહી કરી ત્રણ આરોપીઓની અટકાયત કરી લેવાઈ છે.

**પરિસરમાં થુકવુ કે કચરો ફેકનાર સામે એસ.ટી.નું કડક વલણ**

# એસ.ટી. બસ અન્ બસસ્ટેન્ડમાં ગંદકી ફેલાવનારા ૨૪૦ મુસાફરોને ૩૫૩૦નો દંડ

(એજન્સી) ભાવનગર | તા.08

ભાવનગર એસ.ટી. વિભાગે સ્વચ્છતા અભિયાન હેઠળ કડક કાર્યવાહી કરી છે. બસો અને બસ સ્ટેશનો પર થૂંકવા કે કચરો ફેંકવા બદલ 8 ડેપોમાં કુલ 240 કેસ નોંધાયા છે. મુસાફરો પાસેથી 3530 નો દંડ વસૂલવામાં આવ્યો છે. આ પગલું સ્વચ્છતા જાળવવા અને જાગૃતિ લાવવા માટે લેવાયું છે. ભાવનગર એસ.ટી. વિભાગ દ્વારા બસો અને બસ સ્ટેશનોની ચોખ્ખાઈ અંગે કડક વલણ અખત્યાર કરી સતત દેખરેખ અને મોનિટરીંગ રખાઈ રહ્યું છે. ૮ ડેપોમાંથી પ્રત્યેક ડેપોમાં ટાર્ગેટ મુજબ ૩૦ કેસ કરી કુલ મળી ૨૪૦ મુસાફરો પાસેથી ૩૫૩૦નો દંડ વસુલાયો હતો.ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસ.ટી.)ના ભાવનગર વિભાગ દ્વારા બસો અને બસ સ્ટેશન પરિસરને સ્વચ્છ અને સ્વસ્થ



રાખવા માટે સતત અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. સ્વચ્છતા હી સેવા અને સ્વચ્છતા હી પરમો ધર્મના સંદેશને જનઆંદોલનનું સ્વરૂપ આપવા તેમજ મુસાફરોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ વધારવાના હેતુથી વિભાગ દ્વારા નિયમિત દેખરેખ રાખી નિયમોના ભંગ સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આ અભિયાન અંતર્ગત બસો તથા બસ સ્ટેશન પરિસરમાં થૂકવું, કચરો ફેંકવો, ગંદકી ફેલાવવી તેમજ અન્ય મુસાફરોને અસુવિધા થાય તેવી પ્રવૃત્તિઓ બદલ કુલ ૨૪૦ કેસ નોંધવામાં આવ્યા છે. આ કાર્યવાહી દરમિયાન રૂા. ૩૫૩૦નો દંડ વસુલવામાં આવ્યો છે. ડેપોવાર થયેલી કાર્યવાહી મુજબ ભાવનગર ડેપોમાં રૂા. ૪૯૦, તળાજા ડેપોમાં રૂા. ૬૦૦, મહુવા ડેપોમાં રૂા. ૬૦૦, પાલિતાણા ડેપોમાં રૂા. ૩૨૦, ગારીયાધાર ડેપોમાં રૂા. ૩૦૦, બરવાળા ડેપોમાં રૂા. ૩૦૦, બોટાદ ડેપોમાં રૂા. ૪૮૦, તથા ગઢડા ડેપોમાં રૂા. ૪૪૦નો દંડ વસુલવામાં આવ્યો હતો.

## સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના નવા કુલપતિ તરીકે પ્રો. રાજેશ્વર સિંહ ચંદેલે સંભાળ્યો પદભાર

પાલનપુર | રાજ્ય સરકાર હસ્તકની સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના કુલપતિ તરીકે પ્રો. રાજેશ્વર સિંહ ચંદેલે તા. ૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ વિધિવત્ પદભાર સંભાળ્યો હતો.પ્રો. ચંદેલ કૃષિ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવે છે. તેમણે સહ નિયામક (સંશોધન અને વિસ્તરણ), સંશોધન નિયામક, પ્રાકૃતિક ખેતી કૌશલ કિસાન યોજનાના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર, હિમાચલ પ્રદેશ સરકારના આત્મા પ્રોજેક્ટના સ્ટેટ નોડલ અધિકારી તેમજ વર્ષ ૨૦૨૨થી ૨૦૨૬ દરમિયાન ડૉ. વાય. એસ. પરમાર યુનિવર્સિટી ઓફ હોર્ટિકલ્ચર એન્ડ ફોરેસ્ટ્રી, સોલાન (હિમાચલ પ્રદેશ) ખાતે કુલપતિ તરીકે સફળતાપૂર્વક ફરજ બજાવી છે.તેઓ ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (ICAR)ની ગવર્નિંગ બોડીના સભ્ય રહી ચૂક્યા છે તેમજ નીતિ આયોગ દ્વારા રચાયેલી વિવિધ ૯ સમિતિઓમાં પણ સભ્ય તરીકે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. ઉપરાંત તેમણે ૧૦થી વધુ આંતરરાષ્ટ્રીય તાલીમો પ્રાપ્ત કરી છે, જેનો લાભ સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીને મળશે.

પ્રો. ચંદેલને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ૧૭થી વધુ પ્રતિષ્ઠિત એવોર્ડ, ફેલોશિપ અને સન્માનો પ્રાપ્ત થયા છે. તેઓ અંગ્રેજી, હિન્દી ઉપરાંત જર્મન ભાષાના પણ જાણકાર છે. તેમના નામે ૨૫૦થી વધુ વૈજ્ઞાનિક સંશોધન પ્રકાશનો, કૉપીરાઇટ્સ અને પેટન્ટ્સ નોંધાયેલા છે.

### ગયા વર્ષની સરખામણીએ આ વખતે વાવેતરમાં ૨૧ ટકા ઘટ

# ચોમાસુ સક્રિય બનતા ખરીફ વાવણીની કામગીરીમાં જુલાઈના પ્રારંભમાં ગતિ



(એજન્સી) મુંબઈ | તા.08

જુલાઈમાં ચોમાસું સક્રિય થતાં ખરીફ વાવણીમાં ગતિ આવી છે, છતાં કુલ 350.85 લાખ હેક્ટર વિસ્તારમાં વાવણી થઈ છે. ગયા વર્ષની સરખામણીમાં આ વખતે વાવેતરમાં 21%નો ઘટાડો નોંધાયો છે. કૃષિ મંત્રાલય મુજબ, ડાંગર, કઠોળ અને તેલીબિયાં સહિતના મુખ્ય પાકોની વાવણી ઓછી રહી છે. નબળા ચોમાસાની અસરથી ઉત્પાદન પર ચિંતા સેવાઈ રહી છે. જૂનમાં મંદ રહ્યા બાદ જુલાઈના પ્રારંભથી દેશના વિવિધ વિસ્તારોમાં ચોમાસુ સક્રિય બનતા ખરીફ વાવણીમાં જૂનની સરખામણીએ જુલાઈમાં ગતિ આવી છે અને છેલ્લામાં છેલ્લા ડેટા પ્રમાણે વર્તમાન ખરીફ મોસમમાં અત્યારસુધી કુલ ૩૫૦.૮૫ લાખ હેકટર વિસ્તાર પર વાવણી પૂરી થઈ છે, જે ગયા વર્ષના સમાન ગાળા સુધીમાં થયેલી ૪૪૨.૮૦ લાખ હેકટર વિસ્તારની સરખામણીએ ૨૧ ટકા ઓછી છે.

ચોમાસુ સક્રિય બનતા વાવણીમાં ઘટનો આંક ઘટી રહ્યો છે. વર્તમાન વર્ષમાં ચોમાસાનો પ્રારંભ નબળો રહેતા વાવણીની કામગીરી ધીમી ગતિએ શરૂ થઈ છે એમ કૃષિ મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું.પ્રાપ્ત ડેટા પ્રમાણે મુખ્ય ખરીફ પાક ડાંગરની વાવણી ૬૦.૨૪ લાખ હેકટર વિસ્તાર પર પૂરી થઈ છે જે ગયા વર્ષની સરખામણીએ ૧૩ ટકા જેટલી નીચી છે. ગયા વર્ષના જુલાઈના પ્રારંભ સુધીમાં ૬૯.૩૦ લાખ હેકટર વિસ્તાર પર ખરીફ વાવણી પૂરી થઈ હતી.કઠોળનું વાવેતર ૩૭.૧૫ લાખ હેકટર પર પૂરું થયું છે જે ગયા વર્ષે ૪૭.૪૯ લાખ હેકટર વિસ્તાર રહ્યું હતું. તેલીબિયાંના વાવેતરમાં મોટી ઘટ જોવા મળી રહી છે. ગયા વર્ષના જુલાઈના પ્રારંભમાં ૧૦૯.૨૭ લાખ હેકટર વિસ્તારની સરખામણીએ વર્તમાન વર્ષના સમાન ગાળામાં ૬૬.૩૦ લાખ હેકટર વિસ્તાર પર તેલીબિયાંનું વાવેતર પૂરુ થયું છે.કપાસની વાવણી પણ નીચી રહી ૬૩.૧૫ લાખ હેકટર રહી છે જે ગયા વર્ષે ૮૨ લાખ હેકટર વિસ્તાર જોવા મળી હતી એમ કૃષિ મંત્રાલયના ડેટા પરથી કહી શકાય એમ છે.વર્તમાન વર્ષમાં અલ નિનોની અસરને કારણે ચોમાસુ સામાન્ય કરતા નબળુ રહેવાનો અંદાજ મુકાયો છે. નબળા ચોમાસાની સ્થિતિમાં દેશમાં ખરીફ વાવણી તથા પાકના ઉત્પાદન પર અસર પડવાની ચિંતા રહેલી છે.ખરીફ વાવણી માટે જુલાઈ મહિનો મહત્વનો માનવામાં આવે છે. કારણ કે નૈઋત્યના ચોમાસાનો સૌથી વધુ વરસાદ જુલાઈમાં આવી જતો હોય છે અને ખેડૂતો પણ આ મહિનામાં વાવણી પૂરજોશમાં કરતા હોય છે.

## ભારતમાં વિદેશી રોકાણ વધારવા રાજ્ય સ્તરે સરળીકરણ ખૂબ અનિવાર્ય

નવી દિલ્હી: ભારતમાં વિદેશી રોકાણનો પ્રવાહ વધુ મજબૂત કરવા માટે હવે કેન્દ્ર સરકારની સાથે રાજ્ય સરકારોએ પણ કમર કસવી પડશે. ચિંતન રિસર્ચ ફાઉન્ડેશનના પ્રતિષ્ઠિત ફેલો રૂપા દત્તાએ જણાવ્યું છે કે, જ્યારે દેશમાં વિદેશી રોકાણ આકર્ષવાની વાત આવે ત્યારે 'છેલ્લા માઈલ' સુધીના સુધારાનું અમલીકરણ સૌથી મહત્વનું પાસું છે. હાલમાં કેટલાક રાજ્યો અન્ય રાજ્યોની તુલનાએ રોકાણ મેળવવામાં વધુ સફળ રહ્યા છે, જે દર્શાવે છે કે સ્થાનિક સ્તરે નીતિઓમાં સુધારો અને સરળીકરણ કેટલા જરૂરી છે.

ઉદ્યોગ જગત દ્વારા સ્થિર મૂડી નિર્માણમાં ઉદ્યોગોનો હિસ્સો લગભગ ૩૦ ટકા જેટલો સ્થિર રહ્યો છે. આ આંકડાને ઉપર લઈ જવા માટે ખાનગી ક્ષેત્રના રોકાણને પ્રોત્સાહન આપવું અનિવાર્ય છે. નિષ્ણાતો માને છે કે માત્ર કેન્દ્ર સરકારના સુધારા પૂરતા નથી, પરંતુ રાજ્યોએ પણ એકસાથે તાલ મિલાવીને કામ કરવું પડશે. જે રાજ્યોએ વ્યવસાય કરવામાં સરળતા અને નિયમોનું સરળીકરણ કર્યું છે, ત્યાં રોકાણનો પ્રવાહ કુદરતી રીતે જ વધ્યો છે.

લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગો એટલે કે એમએસએમઈ ક્ષેત્ર ભારતની નિકાસમાં ૪૫ ટકા અને જીડીપીમાં ૩૦ ટકા જેટલું મોટું યોગદાન આપે છે. રૂપા દત્તાના મતે, આ ક્ષેત્રને ટેકનોલોજીની દ્રષ્ટિએ વધુ સક્ષમ બનાવવા માટે 'ઈન્ડસ્ટ્રી ૪.૦' અને '૫.૦' જેવી આધુનિક પ્રણાલીઓ સાથે જોડવા જરૂરી છે. આનાથી માત્ર ઉત્પાદનની ગુણવત્તા જ નહીં વધે, પરંતુ નિકાસમાં પણ ભારત એક મોટું નામ બની શકશે.

સરકાર દ્વારા પ્રસ્તાવિત ઔદ્યોગિક નગરોમાં જમીન, વીજળી અને જોડાણની સુવિધાઓ એકસાથે પૂરી પાડવાની યોજના છે. આ હબ-એન્ડ-સ્પોક મોડેલ રોકાણકારો માટે નવા એકમો સ્થાપવા માટે ખૂબ સરળ રહેશે. આ ઉપરાંત, જમીન ફાળવણીમાં આવતી મુશ્કેલીઓ ઘટાડવી, શ્રમ કાયદાઓમાં સુધારા અને મૂડી સુધીની પહોંચ સરળ બનાવવી તે સરકારની પ્રાથમિકતામાં છે.સેમિકન્ડક્ટર અને ખનીજ ક્ષેત્ર જેવા મહત્વના સેક્ટર્સમાં સરકારે ખાસ મિશન શરૂ કર્યા છે, જોકે નિષ્ણાતો ચેતવણી આપે છે કે આવા મોટા રોકાણ નિર્ણયોનું પરિણામ તાત્કાલિક મળતું નથી; તેના માટે થોડો સમય રાહ જોવી પડશે. હાલના તબક્કે કાપડ, ચામડું, ફૂટવેર અને રત્ન-આભૂષણ જેવા શ્રમ-સઘન ક્ષેત્રો પર પણ વિશેષ ધ્યાન આપવાની જરૂર છે.

## News Brief

### વિકસિત ભારત માટે પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગના નિયમોમાં ધરખમ સુધારા

નવી દિલ્હી: વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને 'વિકસિત ભારત' બનાવવાના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા માટે નાણાકીય વ્યવસ્થામાં બદલાવ લાવવો અત્યંત અનિવાર્ય છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ) રિસર્ચના તાજેતરના અહેવાલમાં એવી ભલામણ કરવામાં આવી છે કે પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગ (પીએસએલ) અથવા અગ્રતા પ્રાપ્ત ક્ષેત્રના ધિરાણના નિયમોમાં વ્યાપક ફેરફારો કરવામાં આવે. આ સુધારાઓ દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ક્લાયમેટ ફાઈનાન્સ અને રિન્યુએબલ એનર્જી જેવા ઉભરતા ક્ષેત્રોને વધુ પ્રોત્સાહન આપી શકાશે.વર્ષ ૧૯૭૨માં પીએસએલ માળખું અમલમાં આવ્યું ત્યારે તેનો હેતુ પાયાના ક્ષેત્રોમાં ધિરાણ વધારવાનો હતો. જોકે, એસબીઆઈ રિસર્ચના મતે હવે સમય બદલાયો છે. હાલમાં બેંકો એડજસ્ટેડ નેટ બેંક ક્રેડિટ (એએનબીસી) ના ૪૦ ટકાના એકંદર પીએસએલ લક્ષ્યાંકને પ્રાપ્ત કરવામાં સફળ રહી છે, પરંતુ આજના આધુનિક આર્થિક વાતાવરણમાં ઈએસજી ફાઈનાન્સિંગ અને ઈલેક્ટ્રિક વ્હીકલ ઈકોસિસ્ટમ જેવા નવા ક્ષેત્રોને પણ પીએસએલના દાયરામાં લાવવાની તાતી જરૂર છે. અહેવાલ મુજબ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઈનાન્સિંગને નીતિગત સમર્થન આપવું જોઈએ કારણ કે ૨૦૪૭ના લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા માટે લાંબા ગાળાના મોટા રોકાણની જરૂર છે. ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ (આરઆઈડીએફ) માં પણ સુધારાની માંગ કરવામાં આવી છે. હાલમાં બેંકોને આરઆઈડીએફમાં રોકાણ કરવા કરતાં પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગ સર્ટિફિકેટ્સ (પીએસએલસી) ખરીદવા વધુ ફાયદાકારક લાગે છે, જેને સંતુલિત કરવાની જરૂર છે.

### ઉચ્ચ-વિશ્વાસ, લોક-પ્રથમ કાર્યસ્થળ સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા બદલ ગ્રેટ પ્લેસ ટુ વર્ક® ઈન્ડિયા દ્વારા માન્યતા પ્રાપ્ત

# ઓટોમોટિવ 2026માં કિયા ઈન્ડિયાને ભારતનાં શ્રેષ્ઠ કાર્યસ્થળોમાં સ્થાન

(એજન્સી) નવી દિલ્હી | તા.08

દેશની અગ્રગણ્ય માસ- પ્રીમિયમ કાર ઉત્પાદકોમાંની એક કિયા ઈન્ડિયાને ગ્રેટ પ્લેસ ટુ વર્ક® ઈન્ડિયા દ્વારા ઓટોમોટિવ 2026માં ભારતનાં શ્રેષ્ઠ કાર્યસ્થળોમાં સ્થાન મળ્યું છે. આ માન્યતા વિશ્વાસ, સહયોગ અને સતત શિક્ષણ પર આધારિત કાર્યસ્થળ સંસ્કૃતિ બનાવવા માટે કિયા ઈન્ડિયાની સતત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે, જ્યાં કર્મચારીઓને કંપનીની લાંબા ગાળાની સફળતામાં નવીનતા, વિકાસ અને અર્થપૂર્ણ યોગદાન આપવા માટે સશક્ત બનાવવામાં આવે છે. આ માન્યતા કિયા ઈન્ડિયાના સતત બીજા ગ્રેટ પ્લેસ ટુ વર્ક® સર્ટિફિકેશન પર આધારિત છે, જે આ વર્ષની શરૂઆતમાં મેળવાયા છે, જે સમાવિષ્ટ અને ઉચ્ચ-પ્રદર્શન કાર્યસ્થળ બનાવવા પર કંપનીના સતત ધ્યાનને પુષ્ટિ આપે છે. કર્મચારીઓને મૂલ્યવાન, આદરપૂર્ણ અને શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે પ્રોત્સાહિત કરતા વાતાવરણને પ્રોત્સાહન આપીને કિયા ઈન્ડિયા તેના વ્યવસાય વિકાસ અને પરિવર્તનને ટેકો આપતી વખતે તેની લોક-પ્રથમ ફિલસુફીને મજબૂત બનાવવાનું ચાલુ રાખે છે. આ મૂલ્યાંકન ગ્રેટ પ્લેસ ટુ વર્ક® ઈન્ડિયાના મજબૂત કાર્યસ્થળ સંસ્કૃતિ માળખા પર આધારિત છે. કિયા ઈન્ડિયાએ 93% કર્મચારી ભાગીદારી સાથે 76%નો એકંદર ટ્રસ્ટ ઈન્ડેક્સ સ્કોર હાંસલ કર્યો છે, જે સંસ્થાના લોક-પ્રથમ સંસ્કૃતિમાં કર્મચારી વિશ્વાસ, જોડાણ અને વિશ્વાસના ઉચ્ચ સ્તરનું પ્રદર્શન કરે છે. આ સન્માન અંગે ટિપ્પણી કરતાં કિયા ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી ગ્વાંગ્ગુ લીએ જણાવ્યું હતું કે, કિયા ઈન્ડિયાની નોંધપાત્ર સફર પાછળ અમારા લોકો હંમેશાં પ્રેરક બળ રહ્યા છે. ઓટોમોટિવ 2026માં ભારતનાં શ્રેષ્ઠ કાર્યસ્થળોમાં સ્થાન મેળવવું એ અમે સાથે મળીને બનાવેલી સંસ્કૃતિનો ગર્વનો પુરાવો છે, જે નવી વિચારસરણી, સતત શિક્ષણ, પરસ્પર આદર અને અર્થપૂર્ણ અસર કરવાની સ્વતંત્રતાને પ્રોત્સાહન આપે છે. અમે એવું વાતાવરણ બનાવવા માટે પ્રતિબદ્ધ છીએ જ્યાં દરેક કર્મચારી મૂલ્યવાન, સશક્ત અને શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે પ્રેરિત અનુભવે. આ સન્માન કિયા ઈન્ડિયા પરિવારના દરેક સભ્યનું છે, જેમનો જુસ્સો, સમર્પણ અને અતૂટ પ્રતિબદ્ધતા અમારી સફળતાને આગળ ધપાવતા રહે છે અને અમારી સંસ્થાના ભવિષ્યને આકાર આપે છે.આ પ્રસંગે ટિપ્પણી કરતાં ગ્રેટ પ્લેસ ટુ વર્ક® ઈન્ડિયાના સીઈઓ બલબીર સિંઘે જણાવ્યું હતું કે, આ માન્યતા કિયા ઈન્ડિયાના વિશ્વાસ, આદર, સહયોગ અને તેની લોકો પ્રત્યેની સંભાળ પર આધારિત કાર્યસ્થળ સંસ્કૃતિ બનાવવા માટેની અતૂટ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. કિયા ઈન્ડિયાએ દર્શાવ્યું છે કે જ્યારે કર્મચારીઓ સશક્ત, મૂલ્યવાન અને પ્રેરિત અનુભવે છે ત્યારે તેઓ નવીનતા લાવવા, અસાધારણ ગ્રાહક અનુભવો પ્રદાન કરવા અને ટકાઉ વ્યાવસાયિક સફળતા મેળવવા માટે સક્ષમ હોય છે.

## સેમસંગનો એઆઈ ચિપ માંગને લીધે ૬૧ અબજ ડોલરનો નફો

સિયોલ: દક્ષિણ કોરિયાની દિગ્ગજ કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ કંપની સેમસંગે બીજા ક્વાર્ટરમાં અત્યાર સુધીનો સૌથી વિક્રમી નફો નોંધાવીને ટેક્નોલોજી જગતમાં ચર્ચા જગાવી છે. મીડિયા અહેવાલો મુજબ, કૃત્રિમ બુદ્ધિમત્તા એટલે કે એઆઈ સંબંધિત મેમરી ચિપ્સની પ્રચંડ માંગને કારણે કંપનીએ ૬૧ અબજ ડોલર (૮૯.૪ લાખ કરોડ વોન) નો રેકોર્ડ નફો કર્યો છે. આ પરિણામોએ બજારના તમામ અંદાજોને પાછળ છોડી દીધા છે. નિયમનકારી ફાઈલિંગ મુજબ, સેમસંગનો પ્રાથમિક ઓપરેટિંગ નફો વાર્ષિક ધોરણે ૧,૮૧૦.૩ ટકાના તોતિંગ ઉછાળા સાથે વધ્યો છે, જ્યારે કંપનીની આવક ૧૨૯.૩ ટકાના વધારા સાથે ૧૧૨.૯ અબજ ડોલર (૧૭૧ લાખ કરોડ વોન) સુધી પહોંચી ગઈ છે. આ નફો બજારના નિષ્ણાતો દ્વારા અંદાજવામાં આવેલા ૫૫.૫ અબજ ડોલરના અનુમાન કરતાં ૬.૨ ટકા વધુ છે. વિશ્વની સૌથી મોટી મેમરી ચિપ નિર્માતા કંપની માટે આ એક ઐતિહાસિક ત્રિમાસિક ગાળો રહ્યો છે. વર્તમાન સમયમાં ચાલી રહેલા એઆઈ બૂમ (કૃત્રિમ બુદ્ધિમત્તાના વ્યાપ) ને કારણે હાઈ-બેન્ડવિડ્થ મેમરી અને અન્ય અત્યાધુનિક ચિપ્સની કિંમતો તથા માંગમાં ભારે ઉછાળો જોવા મળ્યો છે. સેમસંગના આ પરિણામો સાબિત કરે છે કે વૈશ્વિક સ્તરે એઆઈ ક્ષેત્રે ચાલી રહેલી હોડનો સૌથી મોટો લાભ મેમરી ચિપ ઉત્પાદકોને મળી રહ્યો છે. કંપની જુલાઈના અંતમાં તેનું સંપૂર્ણ કમાણીનું રિપોર્ટ જાહેર કરશે, જે આ આંકડાઓને વધુ સ્પષ્ટ કરશે. એક તરફ જ્યાં કંપની નફાની ટોચ પર છે, બીજી તરફ એઆઈ મેમરીની અછતને કારણે અન્ય ઉપભોક્તા ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓના ભાવમાં ફેરફાર જોવા મળી શકે છે. અહેવાલો અનુસાર, સેમસંગ તેના આવનારા ફોલ્ડિંગ સ્માર્ટફોન લાઈનઅપની કિંમતોમાં વધારો કરવાની તૈયારી કરી રહ્યું છે. મુખ્ય મેમરી ઘટકોની વૈશ્વિક અછતને કારણે કમ્પોનન્ટ ખર્ચમાં થયેલો વધારો ગ્રાહકો સુધી પહોંચી શકે છે.ઉદાહરણ તરીકે, સ્થાનિક સ્ત્રોતોના મથાળા મુજબ, ગેલેક્સી ઝેડ ફ્લિપ૮ ની કિંમત તેના પુરોગામી ગેલેક્સી ઝેડ ફ્લિપ૭ કરતા આશરે ૧૩ ટકા વધુ હોઈ શકે છે. ૨૫૬ જીબી વેરિઅન્ટની કિંમત અંદાજે ૧.૬૮ મિલિયન વોન (આશરે ૧,૧૦૦ ડોલર) સુધી પહોંચવાની ધારણા છે.

## ડાયમંડ પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર: ઐતિહાસિક જીત અને બોલ્ડ મહત્વાકાંક્ષાઓ સાથે ભારતના ડિજિટલ અને પાવર ભવિષ્યને વિદ્યુત બનાવવું

નવી દિલ્હી: ગુજરાતના ઔદ્યોગિક લેન્ડસ્કેપના હૃદયમાં, વડોદરામાં, ડાયમંડ પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (DIACABS) ભારતના પાવર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં સૌથી નોંધપાત્ર પુનરાગમન વાર્તાઓમાંથી એક લખી રહી છે. 2018 માં શરૂ થયેલી નાદારી કાર્યવાહીમાં ફસાયેલી, કંપની વધુ મજબૂત, પાતળી અને લેસર-કેન્દ્રિત બની છે જે દેશની મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જરૂરિયાતોને પૂર્ણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે - હાઈ-વોલ્ટેજ ટ્રાન્સમિશન લાઇનથી લઈને આગામી પેઢીના ડેટા સેન્ટરોની અત્યાધુનિક કેબલિંગ માંગ સુધી. ડેટા સેન્ટર બૂમમાં એક સીમાચિહ્નરૂપ જીત : તેની ટોચ પર નવીનતમ પીંછું તેલંગાણાના હૈદરાબાદમાં 310 MW HYD22 થી HYD26 ડેટા સેન્ટર પ્રોજેક્ટ્સ માટે હાઈ ટેન્શન (HT) અને લો ટેન્શન (LT) પાવર કેબલ્સના સપ્લાય માટે 435.71 કરોડ (GST સિવાય) નો નોંધપાત્ર ઓર્ડર છે. આ કોન્ટ્રાક્ટ, ભારતના ઝડપથી વિકસતા ડેટા સેન્ટર સેગમેન્ટમાં સૌથી મોટા સિંગલ કેબલ સપ્લાય ઓર્ડરમાંનો એક છે, જેમાં આશરે 21.35 લાખ મીટર (2,100 કિમીથી વધુ) વિશિષ્ટ પાવર કેબલ ડિલિવર કરવાનો સમાવેશ થાય છે. સામાન્ય વ્યવસાયમાં સુરક્ષિત આ ઓર્ડર, લાર્સન એન્ડ ટુબ્રો (L&T), સ્ટર્લિંગ અને વિલ્સન અને બ્લુ સ્ટાર સહિત અગ્રણી EPC ખેલાડીઓ માટે અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. ડિલિવરી ઓગસ્ટ 2026 ના પહેલા અઠવાડિયામાં શરૂ થવાની છે અને માર્ચ 2027 સુધીમાં તબક્કાવાર રીતે પૂર્ણ થવાની છે. IEEMA PV ફોર્મ્યુલા મુજબ વિવિધતાના આધારે કિંમત નક્કી કરવામાં આવી છે, આ સોદો ડાયમંડ પાવરની ઉત્પાદન ક્ષમતા, કડક ગુણવત્તા પ્રણાલીઓ અને મિશન-ક્રિટીકલ ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે વિશ્વસનીય ડિલિવરી ક્ષમતાઓ પર ભાર મૂકે છે. અત્યાર સુધીના ઉચ્ચતમ સ્તરે સ્ટોકનો ઉલ્લેખ કરવો મહત્વપૂર્ણ છે, ડેટા સેન્ટરમાંથી ઓર્ડર અને ભૂગર્ભ કેબલિંગ માટે ગુજરાત રાજ્યના બજેટ ફાળવણી આશરે **22,000 કરોડ** છે, જે શહેરી અને અર્ધ-શહેરી વિતરણ માળખાના આધુનિકીકરણ તરફના વ્યૂહાત્મક પરિવર્તનને પ્રતિબિંબિત કરે છે. "ડેટા સેન્ટર્સ ભારતીય કેબલ ઉદ્યોગ માટે સૌથી મહત્વપૂર્ણ માંગ ડ્રાઈવરોમાંના એક તરીકે ઉભરી રહ્યા છે. આ ઓર્ડર અમારી ઉત્પાદન ક્ષમતા, ગુણવત્તા પ્રણાલીઓ અને ડિલિવરી વિશ્વસનીયતાને માન્ય કરે છે," સેલ્સ અને માર્કેdeatટિંગના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ ઉમેશ છૈયાએ નોંધ્યું. જાહેરાત બાદ BSE પર શેર લગભગ 10% વધ્યો હતો, જે AI, ક્લાઉડ કમ્પ્યુટિંગ અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન દ્વારા સંચાલિત ભારતના ડેટા સેન્ટર ક્ષમતા તેજી વચ્ચે કંપનીની સ્થિતિ પર મજબૂત રોકાણકારોના વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે.

## "ધ ઓડિસી" ના વર્લ્ડ પ્રીમિયરમાં ચાર્લીઝ થેરોન ગ્લેન સ્પાયરો દ્વારા ડિઝાઈન કરાયેલા ડેઝર્ટ ડાયમંડ્સમાં જોવા મળી



અમદાવાદ : ધ ઓડિસીના વર્લ્ડ પ્રીમિયરમાં, એકેડેમી એવોર્ડ વિજેતા અભિનેત્રી અને સ્ટાઈલ આઈકોન ચાર્લીઝ થેરોને લંડનના પ્રખ્યાત જ્વેલરી હાઉસ 'ગ્લેન સ્પાયરો' દ્વારા ડિઝાઈન કરાયેલી ઓલ્ડ-કટ 'ડેઝર્ટ ડાયમંડ'ની ઈયરિંગ્સ પહેરી હતી. આશરે બે દાયકા કરતાં પણ વધુ સમય પહેલાં લંડનમાં સ્થપાયેલું ગ્લેન સ્પાયરો, હાઈ-જ્વેલરી પ્રત્યેના તેના અનોખા દ્રષ્ટિકોણ અને વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત તેમજ આકર્ષક જ્વેલરી હાઉસીસમાંના એક તરીકે પ્રસિદ્ધ છે. ગ્લેન સ્પાયરો અને જો સ્પાયરોના નેતૃત્વ હેઠળ, આ જ્વેલરી હાઉસ અજોડ અને પોતાની આગવી શૈલીના આભૂષણો બનાવવા માટે જાણીતું છે. અહીં દરેક અમૂલ્ય રત્નની વિશેષતાને આધારે જ તેની ડિઝાઈન નક્કી કરવામાં આવે છે, જે પરંપરાગત હાઈ-જ્વેલરીની પરંપરાગત ડિઝાઈનોને બદલે સતત નવી રચના કરવાની તેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. ડેઝર્ટ ડાયમંડ્સ પ્રકાશ અને પૃથ્વીના કુદરતી રંગો વચ્ચેના એક અદભુત તાલમેલનો સમન્વય રજૂ કરે છે, આ હીરા જે વિશાળ રણપ્રદેશોમાંથી મળી આવે છે, ત્યાંની કુદરતી સુંદરતા આ ડિઝાઈન્સમાં જોવા મળે છે. આ રત્નોની પ્રાકૃતિક રંગશ્રેણી વોર્મ વ્હાઈટ અને સનલિટ યલોથી લઈને શેમ્પેઈન, હની, વિસ્કી અને સનસેટબ્રાઉન જેવા રંગોનું વૈવિધ્ય ધરાવે છે - જે રણની રેતીન સોનેરી ઢુવા, અંબર સ્કાઈઝ અને આથમતા સૂરજની ક્ષિતિજ પર રેલાતી લાલિમાનો આબેહૂબ અહેસાસ કરાવે છે.

## હાઈડ્રોજન ઈંધણ ભારતના પરિવહન ક્ષેત્રનું ભવિષ્ય બનશે તેવું ગડકરી

નવી દિલ્હી: ભારતના પરિવહન ક્ષેત્રને સંપૂર્ણપણે બદલવા અને અશ્મિભૂત ઈંધણ પરની નિર્ભરતા ઘટાડવાના મક્કમ નિર્ધાર સાથે, કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરીએ હાઈડ્રોજન-આધારિત ગતિશીલતા પર ભાર મૂક્યો છે. એક કાર્યક્રમમાં બોલતા મંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે તેઓ પોતે હાઈડ્રોજન વાહનનો ઉપયોગ કરી રહ્યા છે અને તેમનો અનુભવ આ ટેકનોલોજીને અત્યંત અસરકારક સાબિત કરે છે. મંત્રીએ ઉત્સાહપૂર્વક જણાવ્યું હતું કે, "હું હાઈડ્રોજન કારમાં મુસાફરી કરું છું. તે મર્સિડીઝ કરતા પણ વધુ સારી છે."ગડકરીએ જણાવ્યું હતું કે તેઓ પોતે ઘરે વિદ્યુત, ફ્લેક્સ-ફ્યુઅલ અને હાઈડ્રોજન એમ ત્રણેય પ્રકારના વાહનોનો ઉપયોગ કરે છે. હાઈડ્રોજન વાહન અપનાવવા પાછળનો તેમનો નિર્ણય ટોયોટા ઈન્ડિયાના વિક્રમ કિર્લોસ્કર સાથેની વાતચીત બાદ લેવાયો હતો. મંત્રીએ લોકોને પણ આ વૈકલ્પિક ઈંધણ અપનાવવા અપીલ કરી હતી અને આ ટેકનોલોજીની ક્ષમતા પર વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. હવે કેન્દ્ર સરકારનું ધ્યાન માત્ર પેસેન્જર કારથી આગળ વધીને વ્યાપારી વાહનો પર કેન્દ્રિત થયું છે. ટૂંક સમયમાં ભારતીય રસ્તાઓ પર હાઈડ્રોજનથી ચાલતી ટ્રક અને બસ જોવા મળશે. ગડકરીએ ટાટાની હાઈડ્રોજન-સંચાલિત ટ્રકોના લોકાર્પણનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, આ ટ્રકો હાઈડ્રોજન ફ્યુઅલ સેલ અને સુધારેલા આંતરિક દહન એન્જિન એમ બંને મોડેલ પર કાર્યરત છે.

## ભારતીય બીયર ઉદ્યોગ જીડીપીમાં ૯૨ હજાર કરોડનું મોટું યોગદાન

નવી દિલ્હી: ભારતીય બીયર ઉદ્યોગ હાલમાં દેશના અર્થતંત્ર, કૃષિ અને રોજગારીના ક્ષેત્રે એક મજબૂત સ્તંભ તરીકે ઉભરી રહ્યો છે. ઓક્સફોર્ડ ઈકોનોમિક્સના એક સ્વતંત્ર અભ્યાસ મુજબ, આ ઉદ્યોગ ભારતના કુલ ઘરેલું ઉત્પાદન (જીડીપી) માં અંદાજે ૯૨,૦૦૦ કરોડ રૂપિયાનું નોંધપાત્ર યોગદાન આપે છે. એટલું જ નહીં, રાજ્ય સરકારોને કરવેરા સ્વરૂપે ૫૧,૦૦૦ કરોડ રૂપિયાની આવક મેળવી આપવામાં આ સેક્ટર મહત્વની ભૂમિકા ભજવે છે.બ્રુઅર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાના મહાનિર્દેશક વિનોદ ગિરીના જણાવ્યા અનુસાર, છેલ્લા છ મહિનામાં નવા પ્રોજેક્ટ્સ માટે ૨,૫૦૦ કરોડ રૂપિયાથી વધુના સમજૂતી કરાર (એમઓયુ) કરવામાં આવ્યા છે. આ આંકડા દર્શાવે છે કે બીયર ઉદ્યોગમાં રોકાણકારોનો વિશ્વાસ વધી રહ્યો છે. આ ઉદ્યોગ માત્ર ઉત્પાદન સુધી સીમિત નથી, પરંતુ લોજિસ્ટિક્સ, રિટેલ, હોસ્પિટાલિટી અને પ્રવાસન જેવા અનેક ક્ષેત્રોને પણ ગતિ આપે છે.બીયર ઉદ્યોગનું સૌથી મોટું પાસું ભારતીય કૃષિ સાથેનું તેનું ગાઢ જોડાણ છે. યુનાઈટેડ બ્રુઅરીઝ લિમિટેડ (યુબીએલ) ના એમડી અને સીઈઓ વિવેક ગુપ્તાએ માહિતી આપી હતી કે કંપની વાર્ષિક ધોરણે ભારતીય ખેડૂતો પાસેથી લગભગ ૭૦૦ કરોડ રૂપિયાના ચોખા અને જવની ખરીદી કરે છે. આ ઉપરાંત, કંપની ૧૦,૦૦૦ થી વધુ વિક્રેતાઓ સાથે કામ કરે છે, જેમાં મોટી સંખ્યામાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઈ) પણ સામેલ છે.

### સેમસંગ સામે મૂકાયો મોટો રોકાણ પ્રસ્તાવ

## આંધ્રપ્રદેશ હવે કૃત્રિમ બુદ્ધિમત્તા ક્ષેત્રે બનશે નવું વૈશ્વિક કેન્દ્ર

અમરાવતી/સિયોલ: આંધ્રપ્રદેશને ટેકનોલોજી અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે અગ્રેસર બનાવવા માટે રાજ્યના આઈટી, ઈલેક્ટ્રોનિક્સ અને માનવ સંસાધન વિકાસ મંત્રી નારા લોકેશે દક્ષિણ કોરિયામાં મોટું કદમ ઉઠાવ્યું છે. મીડિયા અહેવાલો મુજબ, નારા લોકેશે સિયોલ ખાતે સેમસંગ ઈલેક્ટ્રોનિક્સના વરિષ્ઠ અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય ચર્ચા કરી છે, જેમાં આંધ્રપ્રદેશને કૃત્રિમ બુદ્ધિમત્તા અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કેન્દ્ર તરીકે વિકસાવવા માટે વિશેષ આગ્રહ કરવામાં આવ્યો છે.

મંત્રી નારા લોકેશે સેમસંગના પ્રતિનિધિઓ સાથેની બેઠકમાં રાજ્યની ક્ષમતાઓને રજૂ કરી હતી. આ ચર્ચાઓ દરમિયાન તેમણે સેમસંગને આંધ્રપ્રદેશમાં ડેટા સેન્ટર્સ, સર્વર મેન્યુફેક્ચરિંગ અને સર્વિસિંગ યુનિટ્સ સ્થાપવા માટે વિનંતી કરી છે. મંત્રીનું લક્ષ્ય આંધ્રપ્રદેશને સેમસંગ ઈન્ડિયા માટે 'એઆઈ-કમ્પ્યુટ સ્ટેક'નું મુખ્ય કેન્દ્ર બનાવવાનું છે. આ ઉપરાંત, તેમણે રાજ્યમાં એક ડિસ્પ્લે ફેબ્રિકેશન યુનિટ સ્થાપવાની શક્યતાઓ તપાસવા માટે પણ કંપનીના અધિકારીઓને પ્રોત્સાહિત કર્યા છે.

નારા લોકેશ ૫ જુલાઈથી ૧૧ જુલાઈ સુધી દક્ષિણ કોરિયાના અધિકૃત પ્રવાસે છે. આ પ્રવાસ દરમિયાન તેમણે સેમસંગના એશિયા-પેસેફિક એમએક્સ બિઝનેસ હેડ હેલેના પાર્ક, બીટુબી બિઝનેસ ડિરેક્ટર હી સૂ યાંગ અને એન્ટરપ્રાઈઝ બિઝનેસ ગ્લોબલ સેલ્સ હેડ જૂન લી સાથે મુલાકાત કરી હતી. મંત્રીએ આ અંગેની માહિતી સામાજિક માધ્યમો પર શેર કરતા જણાવ્યું હતું કે, આ બેઠકનો મુખ્ય હેતુ રાજ્યમાં ડેટા-સેન્ટરની પાઈપલાઈન મજબૂત કરવાનો છે. ચેન્નાઈમાં દક્ષિણ કોરિયાના કોન્સ્યુલ-જનરલ ચાંગ ન્યુન કિમ દ્વારા આ આમંત્રણ આપવામાં આવ્યું હતું, જેનો ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો અને આર્થિક રોકાણને ગાઢ બનાવવાનો છે.આ મુલાકાત માત્ર સેમસંગ પૂરતી સીમિત નથી, પરંતુ મંત્રી લોકેશ અન્ય કોરિયન કંપનીઓ સાથે પણ રોકાણ અંગેની બેઠકો કરવાના છે. તેઓ કોરિયા ઓટો ઈન્ડસ્ટ્રી કોઓપરેશન એજન્સી દ્વારા આયોજિત ગોળમેજી પરિષદમાં પણ ભાગ લેશે.

### બજારની સાનુકૂળ સ્થિતિનો પ્રમોટરો તથા સરકારે ઉઠાવેલો લાભ

# વિવિધ રુટ થકી કંપનીઓએ રૂપિયા એક લાખ કરોડથી વધુ ભંડોળ એકત્ર કર્યું



(એજન્સી) મુંબઈ | તા.08

ચાલુ નાણાકીય વર્ષમાં કંપનીઓ અને પ્રમોટરોએ શેર વેચીને 1 લાખ કરોડથી વધુની રકમ ઊભી કરી છે. QIP, બ્લોક ડીલ, OFS અને IPO દ્વારા આ ભંડોળ મેળવાયું છે. બજારની સાનુકૂળ સ્થિતિનો લાભ લઈને સરકારે પણ જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં પોતાનો હિસ્સો વેચીને 9500 કરોડ મેળવ્યા છે. રોકાણકારોનો ઉત્સાહ વધતા મિડકેપ અને સ્મોલકેપમાં પણ મજબૂત વૃદ્ધિ જોવા મળી છે. વર્તમાન નાણાં વર્ષના પ્રારંભથી અત્યારસુધીમાં ઈક્વિટીસના વેચાણ મારફત કંપનીઓએ રૂપિયા એક લાખ કરોડથી વધુની રકમ ઊભી કરી લીધી છે. ઓફર ફોર સેલ ટ્રાન્ઝકશન્સ, બ્લોક ડીલ્સ તથા કવાલિફાઈડ ઈન્સ્ટિટયૂશનલ પ્લેસમેન્ટ (ક્યુઆઈપી) જેવા રુટ ઉપરાંત આઈપીઓ મારફત આ રકમ ઊભી કરવામાં આવી છે.

વર્તમાન નાણાં વર્ષમાં આઈપીઓ બજાર સ્થિરપણે સુધરી રહી છે. વર્તમાન નાણાં વર્ષના પ્રારંભમાં મંદ રહ્યા બાદ રોકાણકારોના માનસમાં સુધારા સાથે કંપનીઓ તથા પ્રમોટરો મૂડી બજારમાંથી નાણાં ઊભા કરવા પ્રોત્સાહિત થયા છે, એમ એક એનાલિસ્ટે જણાવ્યું હતું.વર્તમાન નાણાં વર્ષમાં સેન્સેકસ તથા નિફટી બન્ને સાત ટકા જેટલા વધ્યા છે અને મિડકેપ્સ તથા સ્મોલકેપ્સની કામગીરી પણ મજબૂત રહી છે. બીએસઈ મિડકેપ ૧૭ ટકા જ્યારે સ્મોલકેપ ઈન્ડેકસ ૨૫ ટકા જેટલો વધ્યો છે.બજારની સાનુકૂળ સ્થિતિમાં કંપનીઓ તથા પ્રમોટરો માટે ભંડોળ ઊભા કરવાનું સરળ રહે છે, માટે તેઓ હાલમાં કયુઆઈપી, બ્લોક ડીલ્સ તથા ઓફર ફોર સેલ્સ મારફત ભંડોળ ઊભા કરી રહ્યા છે. મેઈનબોર્ડ કંપનીઓએ આઈપીઓ લાવવામાં પાંચથી છ મહિનાનો સમય નીકળી જતો હોય છે.મિડકેપ્સ તથા સ્મોલકેપ્સમાં રેલીથી ઈક્વિટીના વેલ્યુએશન આકર્ષક મુકાઈ રહ્યા છે જેનો પ્રમોટરો લાભ ઉઠાવી રહ્યા છે.એક અંદાજ પ્રમાણે બ્લોક તથા બલ્ક ડીલ્સ મારફત વર્તમાન નાણાં વર્ષમાં ૫૬૫૦૦ કરોડથી વધુની રકમ ઊભી કરાઈ છે જ્યારે મેઈનબોર્ડ આઈપીઓ મારફત રૂપિયા ૩૮૦૦ કરોડ, એસએમઈ આઈપીઓ મારફત રૂપિયા ૧૮૦૦ કરોડ, ક્યુઆઈપી મારફત રૂપિયા ૩૯૦૦૦ કરોડ ઊભા કરી લેવાયા છે. આ ઉપરાંત જાહેર ક્ષેત્રના ઉપક્રમો દ્વારા ઓએફએસ મારફત રૂપિયા ૯૫૦૦ કરોડ ઊભા કરી લેવાયા હોવાનું એક રિસર્ચ પેઢીના આંકડા જણાવે છે.

ખાનગી કંપનીઓ ઉપરાંત સરકાર પણ બજારની વર્તમાન સાનુકૂળ સ્થિતિનો લાભ લઈ જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં પોતાના હિસ્સાનું આંશિક વેચાણ કરી રહી છે. ૨૦૨૬ના જાન્યુઆરીથી માર્ચના ગાળામાં ભંડોળ ઊભા કરવાની પ્રવૃત્તિ પ્રમાણમાં ધીમી રહી હતી.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, જેઠ વદ - 10

# એનડીએ બે તૃતીયાંશ બહુમતીની વધુ નજીક

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળ રાજ્યસભાની 3 બેઠકો માટે 24 જુલાઈએ પેટાચૂંટણી જાહેર કરી છે. TMCના 3 સાંસદોના રાજીનામાથી આ બેઠકો ખાલી પડી હતી. ભાજપની મજબૂત સ્થિતિને કારણે રાજ્યસભામાં ભાજપના સાંસદો વધવાની શક્યતા છે, જે NDAને બે તૃતીયાંશ બહુમતીની નજીક લાવશે. ઉમેદવારી પત્રક ભરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ચૂંટણી કમિશને જાહેર કર્યું છે કે, પશ્ચિમ બંગાળ રાજ્યસભાની ત્રણ બેઠકો પર ૨૪ જુલાઈએ પેટા ચૂંટણી કરાશે. ગયા મહિને તૃણમુલ કોંગ્રેસ (ટીએમસી)ના ત્રણ રાજ્યસભા સાંસદોએ રાજીનામા આપ્યા બાદ આ બેઠકો ખાલી થઈ હતી. આ પેટા ચૂંટણી પછી રાજ્યસભામાં ભાજપની બેઠકો વધશે અને એનડીએ બે તૃતીયાંશ બહુમતીની નજીક પહોંચશે. સુખેદુ શેખર રોય, સુસ્મિતા દેવ અને પ્રકાશ ચિકના રાજીનામા પછી આ બેઠકો ખાલી થઈ છે. ચૂંટણી કમિશને રાજ્યસભા પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો છે. આજથી ઉમેદવારી પત્રક ભરવાની પ્રક્રિયા શરૂ થશે અને ૧૪ જુલાઈ સુધી ઉમેદવારો ઉમેદવારી પત્રક ભરી શકશે. રાજ્યસભાની ચૂંટણીના રાજ્યના ધારાસભ્યો મતદાન કરે છે. સ્વાભાવીક છે કે પશ્ચિમ બંગાળ વિધાનસભામાં ભાજપની સ્થિતિ મજબૂત હોવાથી ભાજપના સાંસદો વધવાની શક્યતા વધુ છે. પંજાબ કોંગ્રેસ ફરીથી ૨૦૨૧ સમયમાંથી પસાર થઈ રહી છે. ૨૦૨૧માં આંતરિક કલહને લીધે પક્ષ સંકટમાં મૂકાઈ ગયો હતો. એ વખતે તત્કાલીન મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહ અને નવજોત સિંહ સિદ્ધુ વચ્ચે લાંબા સમયથી ચાલતી ખેંચતાણએ કોંગ્રેસ સરકારને નબળી કરી દીધી હતી. હવે ૨૦૨૬માં પણ હાલત એવી જ છે. ફરક એટલો છે કે આ વખતે રાજકીય વર્ચસ્વની લડાઈ ભૂતપૂર્વ મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્ની અને પંજાબ કોંગ્રેસ પ્રમુખ અરવિંદર સિંહ રાજા વડીંગ વચ્ચે છે. રાજકીય નીરિક્ષકો માને છે કે કોંગ્રેસ પોતાની ભૂલોમાંથી શીખતી નથી. પંજાબ કોંગ્રેસના સંગઠનમાં હમણા ફેરફાર કરવામાં આવ્યો હતો. આ ફેરફારને કારણે કેટલાક નેતાઓ નારાજ થઈ ગયા હતા. ચરણજીત સિંહ ચન્નીના ટેકેદારો સંગઠનમાં થયેલા ફેરફાર અને નેતાગીરી બાબતે જાહેરમાં નિવેદનો આપે છે.કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ કેન્દ્રિય મંત્રી અમિત શાહના ખાસ માણસ છે. અમિત શાહના ખાસ મીશનો પુરા કરવામાં ભૂપેન્દ્ર યાદવ એમની સાથે જ રહે છે. દિલ્હીમાં એવી ચર્ચા થાય છે કે, જો અમિત શાહ સુધી તમારી પહોંચ નહીં હોય તો, ભૂપેન્દ્ર યાદવને પકડી લો, તમારૂ કામ થઈ જશે. સ્વાભાવીક છે કે, ભૂપેન્દ્ર યાદવના અંગત સચિવ પણ ખૂબ શક્તિશાળી હોય. ભૂપેન્દ્ર યાદવે એમના અંગત સચિવ અમર સિંહને એકાએક એમના હોદ્દા પરથી દુર કર્યા છે. ભૂપેન્દ્ર યાદવને કારણે અમર સિંહનો પાવર પણ ઘણો હતો. એમની સાથે આયુષ શરણ અને શૈલેષકુમાર સિંહની પણ હકાલપટ્ટી કરવામાં આવી છે. અમર સિંહને એમના મૂળ કેડર મહેસૂલ વિભાગમાં ખસેડવામાં આવ્યા છે. અમર સિંહ આઈઆરએસ અધિકારી છે અને ૨૦૧૦ના બેચના છે. એમને શા માટે હટાવવામાં આવ્યા એના કારણની કોઈને ખબર નથી, પરંતુ એવું અનુમાન લગાડવામાં આવે છે કે, કોઈક કારણસર એમને ભૂપેન્દ્ર યાદવને નારાજ કર્યા હશે.થલપતિ વિજય જ્યારે તામિલનાડુના મુખ્યમંત્રી બન્યા ત્યારે કેટલાક એમને રાજકારણના કાચા ખેલાડી સમજતા હતા. ધીરે ધીરે વિજય પુરવાર કરી રહ્યા છે કે, એમના માટે કરવામાં આવેલી ધારણા સંદતર ખોટી હતી. તેઓ બીજા વિરોધપક્ષોના રસ્તે ચાલવાને બદલે પોતાનો અલગ રસ્તો પકડે છે. તેઓ લાંબા સમયનું નફા-નુકસાન વિચારીને ફૂંકી ફૂંકીને નિર્ણય લઈ રહ્યા છે. વિજય માને છે કે, કોઈની સાથે દોસ્તી પણ રાખવી નહીં અને જરૂર વગર દુશ્મની પણ કરવી નહીં. એમના રાજકારણમાં ભાજપનો વિરોધ જરૂર છે, પરંતુ અંગત રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ખૂબ સારા સંબંધ રાખે છે. વિજયએ જ્યારે રાજકારણમાં પ્રવેશ કર્યો હતો ત્યારે એમનું સ્ટેન્ડ ભાજપ વિરોધી હતું. વિધાનસભાની ચૂંટણીના પ્રચાર વખતે એમણે હિન્દી અને રાષ્ટ્રીય શિક્ષાનીતિ મામલે ભાજપ પર પ્રહારો કર્યા હતા. આમ છતા એમણે ત્યારે પણ નરેન્દ્ર મોદીની ટીકા કરી નહોતી.ગોવામાં મોર્મુગાઓ પોર્ટ ઓથોરીટી (એમપીએ)ની જમીન પર આવેલી છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા હટાવવા માટે બોમ્બે હાઈકોર્ટે હુકમ કર્યો હતો. આ હુકમ સામે સુપ્રિમ કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. સુપ્રિમ કોર્ટે આ વિવાદમાં પડવાની ના પાડીને કહ્યું છે કે, તેઓ આ બાબતે કોઈ હુકમ કરશે નહીં. ત્યાર પછી અરજી કરનારાઓએ સ્પેશિયલ લીવ પીટીશન (એસએલપી) પાછી લીધી હતી. જસ્ટીસ એમ એમ સિદ્રેશ અને જસ્ટીસ સીલનાગુની બેંચે આ કેસની સુનાવણી કરી હતી.

# વલસાડના સીરાજ ડેરીમાં 5 વર્ષથી ઘૂંટણસમા પાણી

## એપાર્ટમેન્ટની દીવાલ પાણી નિકાલમાં અવરોધરૂપ બને છે

(એજન્સી) વલસાડ | તા.08

વલસાડ શહેરમાં ચોમાસાની શરૂઆત થતાં જ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવવાની સમસ્યાઓ સામે આવી રહી છે. વલસાડના મિશન કોલોની પાસે આવેલા સીરાજ ડેરી વિસ્તારમાં છેલ્લા પાંચ વર્ષથી ઘૂંટણસમા પાણી ભરાઈ રહ્યા છે. આ સમસ્યાનું મુખ્ય કારણ નજીકમાં બનેલા એક એપાર્ટમેન્ટની ઊંચી કમ્પાઉન્ડ વોલ હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

સ્થાનિક લોકોના મતે, પાંચ વર્ષ પહેલાં આ નવું એપાર્ટમેન્ટ બન્યું અને તેની સુરક્ષા માટે મોટી દીવાલ ચણવામાં આવી, ત્યારથી પાણીની નિકાલ પ્રક્રિયા ઠપ થઈ ગઈ છે. પહેલાં જે પાણી કુદરતી વહેણ સાથે આગળ નીકળી જતું હતું, તે હવે આ કમ્પાઉન્ડ વોલને કારણે અહીં જ અટકી જાય છે. પરિણામે, સામાન્ય



વરસાદમાં પણ સમગ્ર સીરાજ ડેરી વિસ્તાર તળાવમાં ફેરવાઈ જાય છે.

આ વિસ્તારના 'રૂબી એપાર્ટમેન્ટ'માં તો ગ્રાઉન્ડ ફ્લોર અને પાર્કિંગ એરિયામાં ઘૂંટણસમા પાણી ભરાઈ જાય છે, જેના કારણે લોકોના વાહનો પણ પાણીમાં ડૂબી જાય છે. ગત વર્ષે પાણીમાં પડી જવાથી એક વૃદ્ધાનું મૃત્યુ પણ થયું હતું, જેણે સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જ્યો છે.

સ્થાનિક રહીશ મનીષભાઈએ આ અંગે ગંભીર સમસ્યા દર્શાવતા જણાવ્યું કે, "ગયા વર્ષે તંત્ર દ્વારા અહીં પાણીના નિકાલ માટે મોટર લગાવવામાં આવી હતી, પરંતુ તેનો કોઈ યોગ્ય ફાયદો થઈ રહ્યો નથી. ચેમ્બરનું લેવલ એવું છે કે તે પાણીને આગળ ધકેલવાને બદલે પાછું બેક ફોર્સ મારે છે. જેના કારણે સોસાયટીનું પાણી ત્યાં જ ગોળ-ગોળ ફર્યા કરે છે અને પાણીનો સ્તર ઘટી રહ્યો નથી. ગઈકાલે પણ અનેક ઘરોમાં પાણી ઘૂસી ગયા હતા.

આ સોસાયટીમાં મોટાભાગે સિનિયર સિટિઝન્સ એકલા રહે છે. હાલમાં શાળા-કોલેજે જતા બાળકો, નોકરીયાતો અને વડીલોને જીવનજરૂરી ચીજવસ્તુઓ લેવા માટે પણ ઘૂંટણસમા ગંદા પાણીમાંથી પસાર થવું પડી રહ્યું છે. સ્થાનિક લોકો હવે નગરપાલિકા દ્વારા આ બાબતે વહેલી તકે કાયમી અને સચોટ નિકાલ કરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

# તાન નદીના ડૂબાઉ કોઝવે પરથી પશુપાલકો પસાર

## પાણીમાં ગરકાવ કોઝવેનો વીડિયો વાયરલ, રૂ. 15 કરોડના બ્રિજને મંજૂરી

(એજન્સી) વલસાડ | તા.08

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના બોપી અને વાંસદા તાલુકાના મોળાઆંબા વચ્ચે તાન નદી પર આવેલા ડૂબાઉ કોઝવે પરથી પશુપાલકો પાણી વહેતું હોવા છતાં ડેરીમાં દૂધ ભરવા જતા હોવાનો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયો એક જાગૃત નાગરિક દ્વારા પ્રાપ્ત થયો છે.

ચોમાસા દરમિયાન આ કોઝવે વારંવાર પાણીમાં ગરકાવ થતો હોવાથી સ્થાનિકો, ખેડૂતો, પશુપાલકો તેમજ સરકારી કર્મચારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. આ સમસ્યાના નિરાકરણ માટે નીચા કોઝવેના સ્થાને અંદાજે રૂ. 15 કરોડના ખર્ચે મેજર બ્રિજ બનાવવા માટે જોબ નંબરની ફાળવણી કરવામાં આવી છે.

આ ડૂબાઉ કોઝવેના સ્થાને મેજર બ્રિજની વર્ષોથી ચાલી આવતી માંગ હતી. 15 મે,



2024ના રોજ આ અંગે અહેવાલ પ્રકાશિત કર્યો હતો. ત્યારબાદ ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે મુખ્યમંત્રીને પત્ર લખી બ્રિજ મંજૂર કરવાની ભલામણ કરી હતી. વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલે પણ મુખ્યમંત્રી સમક્ષ આ મુદ્દે રજૂઆત કરી હતી.

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન અને બોપીના પૂર્વ સરપંચ મણિલાલ ગાવીતે જણાવ્યું કે સરકાર દ્વારા અપાયેલી મંજૂરીથી લોકોની વર્ષો જૂની મુશ્કેલીનો અંત આવશે. આ બ્રિજનો લાભ ધરમપુર તાલુકાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના શિક્ષકો, 108 ઈમરજન્સી સેવા, ખેડૂતો, પશુપાલકો તેમજ આ માર્ગનો ઉપયોગ કરતા હજારો લોકોને મળશે. તેમણે ધારાસભ્ય, સાંસદ અને રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો.

# રેડ એલર્ટ વચ્ચે વલસાડ કલેક્ટર મેદાનમાં

## નીતિન સાંગવાન નીચાણવાળા વિસ્તારોનું રાત્રે નિરીક્ષણ કર્યું

વલસાડ : દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની ભારતીય હવામાન વિભાગની આગાહી અને રેડ એલર્ટને પગલે વલસાડ જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણપણે સતર્ક બન્યું છે. જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાને મંગળવારે રાત્રે વલસાડ શહેરના પૂરપ્રવણ અને નીચાણવાળા વિસ્તારોની સ્થળ મુલાકાત લઈ પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

કલેક્ટરે હનુમાન ભાગડા, છીપવાડ અને કૈલાસ રોડ બ્રિજ વિસ્તારની મુલાકાત લીધી હતી. તેમણે વરસાદી સ્થિતિ અને જરૂરી સાવચેતીના પગલાં અંગે સ્થાનિક અધિકારીઓ તેમજ આગેવાનો સાથે ચર્ચા કરી હતી. હનુમાન ભાગડા ખાતે સરપંચ અને સ્થાનિક આગેવાનો પાસેથી વિસ્તારની વાસ્તવિક સ્થિતિની માહિતી મેળવવામાં આવી હતી.

આ ઉપરાંત, જિલ્લા કલેક્ટરે જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમની પણ મુલાકાત લીધી હતી. તેમણે અધિકારીઓને 24 કલાક એલર્ટ મોડમાં રહેવા અને કોઈપણ કટોકટીની સ્થિતિમાં તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચના આપી હતી. કલેક્ટરે જણાવ્યું કે, ભારે વરસાદને ધ્યાનમાં રાખીને સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર ખડેપગે તૈનાત છે અને પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે.

# વલસાડમાં ભારે વરસાદ, કપરાડામાં 13 ઇંચ વરસ્યો

## ધરમપુરમાં એક વ્યક્તિ તણાયો, NDRF શોધખોળમાં જોડાઈ

(એજન્સી) વલસાડ | તા.08

વલસાડ જિલ્લામાં છેલ્લા 24 કલાક દરમિયાન ભારે વરસાદ નોંધાયો છે, જેના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. કપરાડા તાલુકામાં સૌથી વધુ 322 મિમી (આશરે 13 ઇંચ) વરસાદ વરસ્યો છે. આ દરમિયાન ધરમપુર તાલુકાના ટાંકી ગામે કોઝવે ઓળંગતી વખતે એક વ્યક્તિ પાણીના પ્રવાહમાં તણાઈ ગયો હતો, જેની શોધખોળ માટે NDRFની ટીમને તૈનાત કરવામાં આવી છે.

રાજ્ય હવામાન વિભાગની આગાહી વચ્ચે વલસાડ જિલ્લામાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી છે. જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના આંકડા મુજબ, 8 જુલાઈના રોજ સવારે 6 વાગ્યે પૂરા



થતા 24 કલાકમાં વલસાડમાં 102 મિમી, પારડીમાં 125 મિમી, વાપીમાં 68 મિમી, ઉમરગામમાં 75 મિમી, નાનાપોંઢામાં 162 મિમી અને ધરમપુરમાં 152 મિમી વરસાદ નોંધાયો છે.

સતત વરસાદને કારણે અનેક નદી-નાળાઓ છલકાયા છે અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ છે. લાંબા સમયથી કાળઝાળ ગરમી અને બફારાથી ત્રસ્ત લોકોને વરસાદથી મોટી રાહત મળી છે. સમયસર અને વાવણીલાયક વરસાદ થતાં ખેડૂતોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે, ખાસ કરીને ડાંગરની ખેતી માટે આ વરસાદ આશીર્વાદરૂપ સાબિત થયો છે. ભારે વરસાદ વચ્ચે ધરમપુર તાલુકાના ટાંકી ગામે એક દુર્ઘટના બની હતી. ગામ નજીકનો કોઝવે પાણીમાં ગરકાવ થઈ ગયો હતો, જેને ઓળંગવાનો પ્રયાસ કરી રહેલો એક વ્યક્તિ ધસમસતા પાણીના પ્રવાહમાં તણાઈ ગયો હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. ઘટનાની જાણ થતાં જ જિલ્લા વહીવટી તંત્ર સક્રિય બન્યું હતું અને બચાવ તથા શોધખોળ માટે NDRFની ટીમને તાત્કાલિક ઘટનાસ્થળે મોકલવામાં આવી છે. સ્થાનિક તંત્ર અને બચાવ દળો દ્વારા તણાઈ ગયેલા વ્યક્તિની સતત શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે. હવામાન વિભાગે આજે પણ વલસાડ સહિત દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. જિલ્લામાં પહેલેથી જ રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હોવાથી વહીવટી તંત્ર સંપૂર્ણ સજ્જ છે. લોકોને નદી-નાળા, કોઝવે અને નીચાણવાળા વિસ્તારોમાં બિનજરૂરી અવરજવર ટાળવાની અપીલ કરવામાં આવી છે.

# સિલુડીમાં પાણી ભરાતા કાંસ ઊંડી કરવા 5 લાખ ફાળવાયા

(એજન્સી) ભરૂચ | તા.08

ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકામાં ત્રણ દિવસ પહેલાં માત્ર 2 કલાકમાં 3 ઈંચ કરતાં વધારે વરસાદ પડયો હતો. ભારે વરસાદના કારણે સિલુડી સહીતના અનેક ગામોમાં વરસાદી પાણીનો ભરાવો થઇ ગયો હતો. સિલુડીના 100થી વધારે ઘરોમાં પાણીનો ભરાવો થતાં લોકોને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો.



કોતરોમાંથી પાણી ગામમાં ફરી વળતાં નદી વહેતી હોય તેવો માહોલ જોવા મળ્યો હતો. વરસાદી પાણી ઓસરી ગયા બાદ ઝઘડિયાના ધારાસભ્ય, જિલ્લા પંચાયતના પ્રમુખ સહિતના આગેવાનોએ સિલુડી સહિતના અસરગ્રસ્ત ગામોની મુલાકાત લીધી હતી.

ધારાસભ્ય રિતેશ વસાવાએ સ્થળ પર જ મોટો નિર્ણય લેતા પોતાની ધારાસભ્ય ગ્રાન્ટમાંથી ગામની કાંસ ઊંડી કરવા માટે રૂ. 5 લાખ મંજૂર કરવાની જાહેરાત કરી હતી. તેમણે ગ્રામજનોને આશ્વાસન આપ્યું હતું કે, સરકારી યોજનાઓ હેઠળ મળવાપાત્ર તમામ સહાય સત્વરે ચૂકવવામાં આવશે.

સિલુડી, કોંઢ અને વટારીયા સહિતના ગામોમાં વરસાદી પાણીના કારણે લોકોના ઘરોમાં પાણીનો ભરાવો થયો હતો. સિલુડી ગામમાં 100થી વધારે ગામો જળબંબાકાર થઇ ગયાં હતાં. એક મકાનમાં ભુવો પણ પડી ગયો હતો. ગામમાં દિવાલ ધરાશાયી થતાં સાત લોકોનો આબાદ બચાવ થયો હતો. ધારાસભ્ય સહિતના આગેવાનોએ લોકોને સાંત્વના આપી હતી.

# ભરૂચ જિલ્લામાં પડેલા વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા

## વાગરામાં 24 કલાકમાં 3.23 ઇંચ વરસાદ સીઝનનો સરેરાશ આંકડો 150 મિમીને પાર

(એજન્સી) ભરૂચ | તા.08

ભરૂચ જિલ્લામાં આગાહી મુજબ વરસાદ પડી રહ્યો છે જેમાં કેટલાક વિસ્તારમાં વધુ વરસાદ પડતાં જનજીવન ખોરવાયું હતું. જિલ્લામાં 24 કલાકમાં વરસાદની વાત કરવામાં આવે તો સૌથી વધુ વરસાદ વાગરા તાલુકામાં 82 મીમી અને સૌથી ઓછો વરસાદ જંબુસરમાં 11 મિમી નોંધાયો હતો.



વરસાદના કારણે ગ્રામ્ય તેમજ કેટલાક શહેરી વિસ્તારમાં પાણી ભરાવવાની સમસ્યા સામે આવી હતી. મંગળવારે દિવસ દરમિયાન ભરૂચને રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું પરંતુ ભરૂચ શહેરમાં વાદળછાયું વાતાવરણ રહ્યું પણ સામાન્ય વરસાદ પડ્યો હતો.

આમ હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ત્રણ દિવસ દરમિયાન ભારે થી અતિભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. વરસાદ પડતાં ખેડૂતોને ખેતીમાં લાભ થશે ત્યારે આગામી વરસાદની આગાહીને લઈને ખેડૂતોએ ખેતરમાં પાણી ભરાય ન રહે તે માટે વ્યવસ્થા કરવા સલાહ આપવામાં આવી છે.

ખેડૂતોએ વરાપ નીકળતા વાવણી કરી શકશે અને હાલ ખેતરમાં કોઈ દવાનો છંટકાવ નહીં કરવા પણ સલાહ આપવામાં આવી છે. આમ ભરૂચ જિલ્લામાં અત્યાર સુધીમાં સિઝનનો સરેરાશ 150.56 મીમી વરસાદ નોંધાયો છે.

# અંકલેશ્વરમાં અંતિમયાત્રા કાદવમાંથી પસાર થઈ

## સુરતી ભાગોળમાં ગંદકીથી લોકોનો રોષ, તંત્ર સામે સવાલ

(એજન્સી) અંકલેશ્વર | તા.08

અંકલેશ્વરના સુરતી ભાગોળ વિસ્તારમાં ગંદકી અને કાદવની સમસ્યાએ સ્થાનિકોને ભારે હાલાકીમાં મૂક્યા છે. તાજેતરમાં એક અંતિમયાત્રા દરમિયાન લોકોને કાદવ અને ગંદકી વચ્ચેથી પસાર થવાની ફરજ પડી હતી, જેને કારણે સ્થાનિકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

વરસાદ બાદ સુરતી ભાગોળના રસ્તાઓ પર કાદવ અને ગંદકીનું સામ્રાજ્ય છવાઈ ગયું છે.

આના કારણે વિસ્તારમાં અવરજવર કરવી મુશ્કેલ બની ગઈ છે. સ્થાનિકોને રોજિંદા જીવનમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થિતિ એટલી ગંભીર બની ગઈ હતી કે, એક અંતિમયાત્રા દરમિયાન મહિલાઓ સહિત સ્થાનિકોને પણ કાદવ-કીચડ વચ્ચેથી પસાર થવું પડ્યું હતું. આ ઘટનાએ લોકોમાં વ્યાપક નારાજગી ફેલાવી છે અને તંત્રની બેદરકારી સામે સવાલો ઉભા કર્યા છે.

સ્થાનિકોનો આક્ષેપ છે કે આ સમસ્યા અંગે અનેક વખત સંબંધિત વિભાગોને રજૂઆતો કરવામાં આવી છે.

તેમ છતાં આજદિન સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. તેમણે ચીમકી ઉચ્ચારી છે કે જો તાત્કાલિક આ સમસ્યાનો ઉકેલ નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# સેવ હેપીનેશ ફાઉન્ડેશનના સ્થાપકે વિદ્યાર્થીઓને પ્રેરણા આપી

## KGM સરકારી હાઈસ્કૂલમાં સ્વસ્થ જીવનશૈલી અને રાષ્ટ્ર નિર્માણનો સંદેશ

(એજન્સી) ભરૂચ | તા.08

ભરૂચના ઝાડેશ્વર સ્થિત KGM સરકારી હાઈસ્કૂલમાં સેવ હેપીનેશ ફાઉન્ડેશનના સ્થાપક નીતિન ટેલરે વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને જીવનમાં મોટા સપના જોવા, આત્મવિશ્વાસ સાથે આગળ વધવા અને સમાજ તથા રાષ્ટ્ર પ્રત્યે પોતાની જવાબદારી નિભાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. શાળાના પ્રાચાર્યા ઉપાસનાબેનના આમંત્રણથી આ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં મોટી સંખ્યામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. નીતિન ટેલરે પોતાના બાળપણના અનુભવો શેર કરતા જણાવ્યું હતું કે, તેઓ પણ સરકારી શાળામાં અભ્યાસ કરીને આજે સમાજસેવાના ક્ષેત્રે કાર્ય કરી રહ્યા છે. તેમણે વિદ્યાર્થીઓને



સમજાવ્યું કે, સફળતા માટે આર્થિક પરિસ્થિતિ નહીં, પરંતુ મહેનત, સંકલ્પ અને મોટા સપના જોવાની હિંમત જરૂરી છે. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ શિક્ષક, ડૉક્ટર, તબલા વાદક તેમજ ભારતીય સેનામાં જોડાઈ દેશસેવા કરવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરી હતી, જેને તેમણે બિરદાવી હતી. નીતિન ટેલરે તાજેતરમાં પોતાના જન્મદિવસ નિમિત્તે ભરૂચથી સ્ટેચ્યૂ ઑફ યુનિટી સુધી 130 કિલોમીટરની સોલો સાયકલ યાત્રા પૂર્ણ કરી હોવાની માહિતી આપી હતી. તેમણે આવા પ્રસંગોને સમાજ અને પર્યાવરણ માટે સકારાત્મક સંદેશ આપવાની તક તરીકે ઉપયોગ કરવાની અપીલ કરી હતી.

# ડુંગરી મીઠાપુરમાં ધોધમાર વરસાદથી ખેતરો ધોવાયા

(એજન્સી) ધારી | તા.08

ધારી તાલુકાના ડુંગરી મીઠાપુર ગામમાં ધોધમાર વરસાદને કારણે ખેડૂતોને ભારે નુકસાન થયું છે. વાડી અને ખેતર વિસ્તારોમાં સતત વરસાદ વરસતા અનેક ખેતરો ધોવાઈ ગયા છે, જેના પરિણામે ઉભા પાક અને ખેતીલાયક જમીનને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર, ભારે વરસાદને કારણે પાણીનો પ્રવાહ એટલો તીવ્ર હતો કે ખેતરોમાં માટી ધોવાઈ ગઈ હતી. આ ઉપરાંત, અનેક જગ્યાએ ઉભા પાકને પણ ભારે નુકસાન થયું છે, જેના કારણે ખેડૂતોમાં આર્થિક ચિંતા વ્યાપી છે.

આ નુકસાનને પગલે, ખેડૂતોએ તંત્ર સમક્ષ તાત્કાલિક સર્વે હાથ ધરીને નુકસાનનું મૂલ્યાંકન કરવાની માંગ કરી છે. તેઓ સરકાર તરફથી યોગ્ય સહાય અને વળતર ચૂકવવામાં આવે તેવી અપેક્ષા રાખી રહ્યા છે, જેથી તેમને આ આર્થિક સંકટમાંથી રાહત મળી શકે.

# બગસરા સિવિલ હોસ્પિટલમાં એક જ ડૉક્ટર કાર્યરત

## દૈનિક 250થી 300 દર્દીઓની ઓપીડી નોંધાતા ગ્રામજનોએ ડૉક્ટરની માંગ કરી

(એજન્સી) અમરેલી | તા.08

અમરેલી જિલ્લાના બગસરા ખાતે આવેલી સિવિલ હોસ્પિટલ ડૉક્ટરની ભારે અછતનો સામનો કરી રહી છે.

બગસરા અને આસપાસના 34 ગામોના દર્દીઓ માટેની આ હોસ્પિટલ હાલમાં માત્ર એક જ ડોક્ટરના ભરોસે ચાલી રહી છે.

હોસ્પિટલમાં ત્રણ ડૉક્ટરનો સ્ટાફ મંજૂર થયેલો છે. જોકે, તેમાંથી એક ડોક્ટરની સુરત બદલી થઈ ગઈ છે.



જ્યારે અન્ય એક ડૉક્ટરનો એક વર્ષનો કરાર પૂર્ણ થઈ ગયો છે. આ કારણે બે ડૉક્ટરની જગ્યા ખાલી પડી છે.

વર્તમાન પરિસ્થિતિમાં, એક કાયમી ડૉક્ટર ઉપરાંત, હોસ્પિટલમાં દૈનિક સરેરાશ 250 થી 300 દર્દીઓની ઓપીડી નોંધાય છે.

આ ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને, સામાજિક કાર્યકર વિઠ્ઠલભાઈ દ્વારા તાત્કાલિક ધોરણે ખાલી પડેલી ડૉક્ટરની જગ્યાઓ ભરવા માટે સરકાર સમક્ષ માંગ કરવામાં આવી છે.

# અમરેલીમાં જળાશયમાં નહાવા પર પ્રતિબંધ

(એજન્સી) અમરેલી | તા.08

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ધારેશ્વર ગામ નજીક ઘાતરવડી નદીમાં જાહેરનામાનો ભંગ કરીને નહાવા બદલ રાજુલા પોલીસે ત્રણ વ્યક્તિઓ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. આ કાર્યવાહી જિલ્લામાં જળાશયોમાં જોખમી પ્રવૃત્તિઓ અટકાવવા માટેના જાહેરનામાના ભંગ બદલ કરવામાં આવી છે.

અમરેલી જિલ્લામાં ભારે વરસાદને કારણે નદીઓ, ચેકડેમ, નાના-મોટા ડેમ અને તળાવો છલકાઈ ગયા છે. આવા સમયે લોકો પાણીના પ્રવાહ નજીક જતા, સેલ્ફી લેતા કે નહાવા પ્રવેશતા હોય છે, જેનાથી દુર્ઘટનાઓ બનવાનો ભય રહે છે. આથી, કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે અમરેલી જિલ્લા અધિક કલેક્ટરે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા 2023ની કલમ 163 હેઠળ જાહેરનામું બહાર પાડ્યું હતું. આ જાહેરનામા અંતર્ગત જળાશયો, નદીઓ, તળાવો અને દરિયાકાંઠે નહાવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

# અમરેલીની કોલેજમાં સાયબર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો

## SP સંજય ખરાતની અધ્યક્ષતામાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું

(એજન્સી) અમરેલી | તા.08

અમરેલી જિલ્લા પોલીસે કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટસ કોલેજમાં સાયબર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને સાયબર ગુનાઓ અને તેનાથી બચવાના ઉપાયો વિશે માહિતગાર કરવાનો હતો.

આ કાર્યક્રમમાં SP સંજય ખરાત ઉપરાંત DSYP, સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના PI કે. એલ. ખટાણા, PI જે. એમ. કડછા અને તેમની ટીમના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ અંગેની માહિતી આપતી પત્રિકાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.



કાર્યક્રમ દરમિયાન સ્ક્રીન શેરિંગ એપ, OTP ફ્રોડ, નકલી કસ્ટમર કેર નંબર, શિપિંગ ચાર્જ ફ્રોડ, ન્યુડ વીડિયો કોલ અને આર્મી જવાનના નામે થતી છેતરપિંડી જેવા વિવિધ સાયબર ગુનાઓથી કેવી રીતે બચવું તે અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી.

પોલીસ અધિકારીઓએ વિદ્યાર્થીઓને ખાસ અપીલ કરી હતી કે, કોઈપણ અજાણી વ્યક્તિના લોભામણા કમિશન કે ભાડાના પ્રલોભનમાં આવીને પોતાના બેંક ખાતાની વિગતો, પાસબુક, ATM કાર્ડ કે OTP ક્યારેય શેર ન કરે. આવા "મ્યુલ એકાઉન્ટ"ના ગુનાઓમાં અજાણતા પણ સામેલ થવાથી કાયદાકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.

સાયબર સુરક્ષા માટે કેટલીક મહત્વપૂર્ણ સલાહો પણ આપવામાં આવી હતી. જેમાં અજાણ્યા ફોન પર બેંકની માહિતી કે OTP ન આપવો, ATMનો ઉપયોગ કરતી વખતે સાવચેતી રાખવી, લોટરી કે ઓછી વ્યાજની લોનની લાલચમાં ન આવવું, નોકરીના બહાને બેંક વિગતો શેર ન કરવી, OLX જેવા પ્લેટફોર્મ પર આર્મીના નામે થતા ફ્રોડથી સાવચેત રહેવું, ગૂગલ પરથી કસ્ટમર કેર નંબર શોધવાને બદલે અધિકૃત એપનો ઉપયોગ કરવો અને સોશિયલ મીડિયા એકાઉન્ટના પાસવર્ડ મજબૂત રાખવા જેવી બાબતોનો સમાવેશ થાય છે.

# ધોરણ 10-12 બોર્ડના ફોર્મ ભરતા પહેલા અપાર આઈડી મેળવવી ફરજિયાત રહેશે

(એજન્સી) પાલનપુર | તા.08

ધોરણ 10-12ની બોર્ડ પરીક્ષાના ફોર્મ ભરતા પહેલાં હવે વિદ્યાર્થીઓ માટે અપાર આઈડી ફરજિયાત રહેશે. બોર્ડે આગામી ત્રણ મહિનામાં જિલ્લાની તમામ શાળાઓ અને વિદ્યાર્થીઓની 100 ટકા કામગીરી પૂર્ણ કરવા સૂચના આપી છે.

જિલ્લાની જે શાળાઓ પાસે હજુ સુધી UDISE+ કોડ નથી, તેમણે તાત્કાલિક આ કોડ મેળવી લેવાનો રહેશે. કોડ વિના બોર્ડ પરીક્ષાની કાર્યવાહી થશે નહીં. શાળામાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓના એપાર આઈડી જનરેટ કરવાની કામગીરી યુદ્ધના ધોરણે પૂર્ણ કરવાની રહેશે.

અપાર આઈડી બનાવતી વખતે વિદ્યાર્થીનું નામ તેના સરકારી ઓળખપત્ર અને શાળાના શૈક્ષણિક રેકોર્ડ મુજબ જરાય ભૂલ વિના, સંપૂર્ણપણે સાચું જ દાખલ થાય તેની ખાસ કાળજી રાખવાની રહેશે. જેથી વિદ્યાર્થીને મુશ્કેલી ન નડે.

આગામી બોર્ડ પરીક્ષાના ફોર્મમાં સબમિટ કરતી વખતે UDISE+ કોડ અને અપાર આઈડી બંને સિસ્ટમમાં ફરજિયાત ઓપ્શન રહેશે, તેના વિના ફોર્મસ્વીકારાશે નહીં. આ સમગ્ર પ્રોજેક્ટને સમય મર્યાદામાં પૂરો કરવા જિલ્લા કક્ષાએ નિયમિત સમીક્ષા અને રિવ્યૂમીટિંગ યોજીને પ્રગતિ અહેવાલ તૈયાર કરવાનો રહેશે.

### ધો.10-12ના ફોર્મ માટે UDISE+ કોડ અપાર આઈડી ફરજિયાત

ધોરણ 10-12ની બોર્ડ પરીક્ષાના ફોર્મ માટે UDISE+ કોડ અને APAAR ID ફરજિયાત રહેશે. કોડ વિનાની શાળાઓએ તાત્કાલિક નોંધણી કરાવવાની રહેશે. તમામ વિદ્યાર્થીઓના APAAR ID શૈક્ષણિક રેકોર્ડ અને સરકારી ઓળખપત્ર મુજબ ભૂલરહિત બનાવવાના રહેશે. બંને વિગતો વિના ફોર્મ સ્વીકારાશે નહીં. કામગીરી સમયસર પૂર્ણ થાય તે માટે જિલ્લા કક્ષાએ નિયમિત સમીક્ષા અને પ્રગતિ અહેવાલ તૈયાર કરાશે.

# સરકારી કામમાં ચાર ટકા કમિશન માંગતો વીડિયો વાયરલ

## કથિત વીડિયો વાયરલ થતાં ધાનેરા તાલુકા પંચાયતના પ્રમુખનું રાજીનામું

(એજન્સી) ધાનેરા | તા.08

ધાનેરા તાલુકા પંચાયતના પ્રમુખ પ્રભુજી રાજપૂતનો સરકારી યોજનાઓમાં ખુલ્લેઆમ કમિશન માંગતો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જે બાદ દિવ્ય ભાસ્કર દ્વારા આ ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરી અહેવાલ પ્રસિદ્ધ કરાયો હતો. દરમિયાન પ્રમુખે મંગળવારે જ પોતાના હોદ્દા પરથી રાજીનામુ આપ્યું હતુ.

આ અંગે બનાસકાંઠા જિલ્લા વિકાસ અધિકારી એમ. જે. દવેએ જણાવ્યું હતુ કે, ધાનેરા તાલુકા પંચાયત પ્રમુખ પ્રભુજી રાજપૂતે તેમના હોદ્દા પરથી રાજીનામું ધર્યું છે. રાજીનામું આપવા પાછળ વાયરલ વીડિયોનું કારણ હોઈ શકે છે.



આ અંગે બનાસકાંઠા જિલ્લા ભાજપ, મહામંત્રી શ્રેયાંસ પ્રજાપતિએ જણાવ્યું હતુ કે, ધાનેરા તાલુકા પંચાયત પ્રમુખ પ્રભુજી રાજપૂતે હોદ્દા પરથી રાજીનામું આપ્યું છે. જોકે, રાજીનામાનો પત્ર હજુ સુધી અમને મળ્યો નથી.

ધાનેરા તાલુકા પંચાયતમાં માત્ર એક માસ અગાઉ જ વરાયેલા ભાજપના પ્રમુખ પ્રભુજી રાજપૂત સુજલામ સુફલામ જળ યોજનાના કામમાં કોન્ટ્રાક્ટર પાસે ચાર ટકા કમિશનની માંગણી કરતા કેમેરામાં કેદ થયા હતા. મારે તાલુકા પંચાયતમાં પાંચ-છ ચેક ચાલે છે કહીને ખુલ્લેઆમ સોદાબાજી કરતા પ્રમુખનો વીડિયો વાયરલ થતાં ભાજપ સરકારની ઝીરો ટોલરન્સની નીતિ સામે સવાલો ઉઠ્યા હતા. આ સંવેદનશીલ મુદ્દે જિલ્લા ભાજપ મોવડી મંડળે તાત્કાલિક સંકલન સમિતિની બેઠક યોજી અહેવાલ પ્રદેશ કક્ષાએ મોકલ્યો હતો. પક્ષની છબી વધુ ન ખરડાય તે માટે ઉપરથી કડક આદેશ આવતા પ્રમુખે હોદ્દો છોડવો પડ્યો છે.

વાયરલ વીડિયોમાં કોન્ટ્રાક્ટર રૂપિયા 10,000ની લાંચ આપતો હોવાનું પણ કહે છે. જે લાંચ રૂશ્વતનો ગુનો બને છે. સરકારી કામોમાં કમિશન માંગવું એ પણ ગુનો છે. ત્યારે પક્ષ શુ તેમની સામે પોલીસ ફરિયાદ દાખલ કરાવશે તેના ઉપર પ્રજાજનોની નજર મંડરાયેલી છે.

# ગરીબો ની મનરેગા યોજના નો લાભ સમૃદ્ધ લોકો લે છે તે નહિ ચલાવાય

નર્મદા જિલ્લા માં મનરેગા ભ્રષ્ટાચાર મામલે ભાજપ નેતાઓ ના કૌભાંડ બહાર આવતા આખરે સાંસદ મનસુખ વસાવા એ મૌન તોડી ગરીબો ની યોજનામાં ચાલતા ભ્રષ્ટાચાર સામે 'એ નહિ ચલાવી લેવાય ' કહી નારાજગી વ્યક્ત કરી હતી. પ્રાપ્ત માહિતી મુજબ નર્મદા જિલ્લા માં મનરેગા યોજના માં કરોડો ના ભ્રષ્ટાચાર મામલે ધારાસભ્ય ચૈતર વસાવા એ પુરાવા સહીત તપાસ ની માંગણી કલેકટર સમક્ષ કરી હતી પરંતુ રાજકીય દબાણ હેઠળ જિલ્લા તંત્ર એ ધારાસભ્ય ની રજુઆત ને અભરાઈએ ચઢાવી દીધી હતી. ત્યારબાદ તાજેતર માં વરાછા ગ્રામ પંચાયત ના ઉપસરપંચ મનીષ પટેલે બોગસ હાજરી પત્રકો ના કૌભાંડ ની રજુઆત કરી જેમાં ભાજપ કિસાન મોરચા ના પ્રમુખ નિકુંજ પટેલ ની સંડોવણી બહાર આવી તો કોંગ્રેસે આવેદનપત્ર આપી તાલુકા ભાજપ પ્રમુખ જતીન પટેલ ના ભ્રષ્ટાચાર ને ખુલ્લો પાડ્યો . આમ જિલ્લા માં મનરેગા કૌભાંડ માં ભાજપ નેતાઓની સંડોવણી બહાર આવતા સાંસદ મનસુખ વસાવા એ પણ આ મામલે મૌન તોડ્યું અને અત્રે યોજાયેલ એક સંમેલન માં તેઓએ '' ગરીબ શ્રમિકો ની યોજના નો લાભ પક્ષ ના સમૃદ્ધ લોકો ઉઠાવે છે તે બિલકુલ ચલાવી નહિ લેવાય '' તેમ કહી નારાજગી દર્શાવી હતી .

# દિવ્યાંગ યોજનાઓ માટે UDID અથવા એનરોલમેન્ટ નંબર ફરજિયાત

(એજન્સી) બનાસકાંઠા | તા.08

બનાસકાંઠા જિલ્લાના દિવ્યાંગજનોને વર્ષ 2026-27થી તમામ કલ્યાણ યોજનાઓનો લાભ મેળવવા UDID અથવા એનરોલમેન્ટ નંબર ફરજિયાત રહેશે. જિલ્લા વહીવટીતંત્રે 31 જુલાઈ સુધી ગૂગલ ફોર્મ મારફતે નોંધણી કરાવવા અપીલ કરી છે. ગુજરાત સરકારે વર્ષ 2026-27થી તમામ દિવ્યાંગ કલ્યાણ યોજનાઓનો લાભ મેળવવા UDID અથવા તેનો એનરોલમેન્ટ નંબર ફરજિયાત કર્યો છે.પાત્ર લાભાર્થીઓ સુધી પારદર્શક રીતે લાભ પહોંચે અને ગેરલાભ અટકે તે હેતુથી આ નિર્ણય લેવાયો છે.

બનાસકાંઠા જિલ્લામાં હજુ UDID ન ધરાવતા અથવા જેમના દિવ્યાંગતા પ્રમાણપત્રની મુદત પૂર્ણ થઈ ગઈ છે, તેઓ માટે જિલ્લા કલેક્ટર મિહિર પટેલના માર્ગદર્શન હેઠળ દિવ્યાંગ સેવા સેતુ કાર્યક્રમ યોજાશે, જેમાં એક જ સ્થળે UDID નોંધણી અને નવા પ્રમાણપત્રની પ્રક્રિયા થશે.

જિલ્લા વહીવટીતંત્રે બાકી લાભાર્થીઓની વિગતો મેળવવા ગૂગલ ફોર્મ તૈયાર કર્યું છે. UDID અથવા માન્ય પ્રમાણપત્ર ન હોય તેમજ વિવિધ યોજનાઓથી વંચિત લાભાર્થીઓએ QR કોડ અથવા લિંક દ્વારા 31 જુલાઈ સુધી ફોર્મ ભરવું પડશે.

# ગ્રાન્ટેડ શાળાના શિક્ષકોને નિયમિત બદલીનો લાભ આપો

(એજન્સી) બનાસકાંઠા | તા.08

બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના પ્રતિનિધિમંડળે ગાંધીનગરમાં મુખ્યમંત્રી અને શિક્ષણ વિભાગના અધિકારીઓ સમક્ષ વિવિધ પ્રશ્નો રજૂ કરી ગ્રાન્ટેડ શાળાના શિક્ષકોને નિયમિત બદલીનો લાભ, CPF-GPF, PRAN અને ચાર્જ એલાઉન્સ સહિતના લાંબા સમયથી પડતર પ્રશ્નોના વહેલી તકે ઉકેલની માંગ કરી હતી.બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘે મંગળવારે ગાંધીનગર ખાતે કમિશનર શાળાઓની કચેરી, પેન્શન-નિયામક કચેરી અને મુખ્યમંત્રી સમક્ષ શિક્ષકોના વિવિધ પ્રશ્નોને લઈ રજૂઆત કરી હતી. સંઘે તા. 7/8/2021ના નિયુક્ત શિક્ષકોની હાજરી તા. 6/8/2021થી ગણવાની રાજ્યવ્યાપી એકસૂત્રતા, ફાજલ કર્મચારીઓના સમાયોજન માટે સ્પષ્ટ નીતિ, ઈન્ચાર્જ આચાર્યોને ચાર્જ એલાઉન્સ, CPF અને PRAN નંબરની સમસ્યાના ઉકેલ સહિતના મુદ્દા રજૂ કર્યા હતા. ઉપરાંત CPFમાંથી GPFમાં રકમ ટ્રાન્સફર, નિવૃત્ત કર્મચારીઓના પેન્શન અને OPS ફાઈલોની પ્રક્રિયા અંગે અધિકારીઓ પાસેથી માહિતી મેળવી હતી. CPF નંબર અને PRAN કિટ મેળવવામાં પડતી મુશ્કેલીઓ પણ રજૂ કરવામાં આવી હતી.

# પોસ્ટની ડિજિટલ સુવિધા શરૂ: લોકો હવે ટપાલનું પણ ઓનલાઈન ટ્રેકિંગ કરી શકશે

(એજન્સી) ભુજ | તા.08

પોસ્ટ વિભાગ મારફતે સાધારણ ટપાલ મોકલ્યા બાદ તે નિયત ગંતવ્ય સ્થળે પહોંચી કે નહીં તેની ચિંતા હવે નાગરિકો માટે ભૂતકાળ બની જશે. વિભાગ દ્વારા હવે ડાકને પણ ઓનલાઈન ટ્રેક કરવાની સત્તાવાર સુવિધા અમલમાં મૂકવામાં આવી છે. આ નવી ટેક્નોલોજી હેઠળ સાધારણ ટપાલ પર પણ વિશિષ્ટ બારકોડ લગાવવામાં આવશે, જેના કારણે ટપાલ ક્યાં સુધી પહોંચી છે તેની દરેક તબક્કે ડિજિટલ દેખરેખ અને ટ્રેકિંગ કરવું શક્ય બનશે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રીકૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, પોસ્ટ વિભાગે દેશભરમાં ડાક સેવાઓના આધુનિકીકરણ અને કાર્યક્ષમતામાં વધારો કરવા માટે આ મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. આ અંતર્ગત 'એડવાન્સ્ડ પોસ્ટલ ટેક્નોલોજી'2.0 એપ્લિકેશનમાં ટપાલ માટે બારકોડ આધારિત ઈન્ડક્શન અને ઈન્વોઈસિંગની નવી સુવિધા સક્રિય કરાઈ છે. દેશમાં દર વર્ષે આશરે 90 કરોડ સાધારણ ડાકનું સંચાલન કરવામાં આવે છે, જે સર્વવ્યાપી ડાક સેવાઓનો મુખ્ય આધારસ્તંભ છે. આ શ્રેણીમાં પત્રો, અખબારો, સામયિકો, સરકારી સૂચનાઓ તથા અન્ય ડાકનો સમાવેશ થાય છે. અત્યાર સુધી આ પ્રકારની સાધારણ ટપાલનો કોઈ ડિજિટલ રેકોર્ડ ઉપલબ્ધ ન હોવાથી તેનું ઓનલાઈન ટ્રેકિંગ શક્ય બનતું નહોતું.

# વાયોરના પીએસઆઈએ ફેક્ટરી ચાલુ રાખવા માટે 50 હજાર માંગી 40 હજારની લાંચ ભુજમાં સ્વીકારી

(એજન્સી) ભુજ | તા.08

પશ્ચિમ કચ્છ પોલીસની કામગીરી છેલ્લા કેટલાક સમયથી ખાડે ગયેલી દેખાઈ રહી છે. કયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળતા વારંવાર એસએમસીની ટીમ દરોડો પાડી રહી છે. તેવામાં હવે વાયોર પોલીસ મથકનો પીએસઆઈ ફેક્ટરી ચાલુ રાખવા અને હેરાનગતિ ન કરવા માટે રૂપિયા 50 હજારની લાંચ માંગી 40 હજાર લીધા બાદ એસીબી ટ્રેપની ગંધ આવી જતા ફરાર થઈ ગયો હતો.



પશ્ચિમ-કચ્છના વાયોર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા વર્ગ-૩ ના પોલીસ સબ ઈન્સ્પેક્ટર ઈન્દ્રવિજયસિંહ રાજેન્દ્રસિંહ ગોહિલ ગેરકાયદેસર લાંચ લેતા એસીબીના સકંજામાં આવી ગયા છે. આ કેસના જાગૃત ફરિયાદી વિરુદ્ધ વાયોર પોલીસ સ્ટેશનમાં એક ગુનો દાખલ થયેલ હતો.

આ ગુનામાં ફરિયાદીને હેરાન પરેશાન નહીં કરવા તેમજ તેમની ફેક્ટરી નિર્વિઘ્ને ચાલુ રાખવા દેવાના હપ્તા પેટે આરોપી પીએસઆઈએ રૂપિયા 50 હજારની લાંચની માંગણી કરી હતી. ફરિયાદી આ લાંચના નાણાં આપવા માંગતા ન હોવાથી, તેમણે એસીબીના ટોલ ફ્રી નંબર 1064 પર સંપર્ક કર્યો હતો અને ગાંધીધામ એસીબી ઓફિસે જઈને આ અંગે વિધિવત ફરિયાદ નોંધાવી હતી.

# સ્ટોર્મ વોટર ડ્રેનેજ સિસ્ટમ ચોકઅપ; ખર્ચ પાણીમાં

(એજન્સી) ભુજ | તા.08

ભુજ શહેરમાં દર ચોમાસે બસ સ્ટેશન વિસ્તારમાં ભરાતા ઘૂંટણસમા પાણીની સમસ્યામાંથી મુક્તિ અપાવવા માટે આઠ વર્ષ પહેલા કરાયેલું લાખો રૂપિયાનું આયોજન તંત્રની બેદરકારી અને લોકોની બેજવાબદારીને કારણે ફ્લોપ સાબિત થયું છે.

લાખોના ખર્ચે બનેલી અંડરગ્રાઉન્ડ સ્ટોર્મ વોટર ડ્રેનેજ સિસ્ટમ આજે કચરાપેટીમાં ફેરવાઈ ગઈ છે, જેના કારણે આ વર્ષે પણ સામાન્ય વરસાદમાં જ આખો વિસ્તાર જળ બંબોળ થાય તો નવાઈ નહીં.

આ યોજના પાછળ જનતાના ટેક્સના લાખો રૂપિયા આંધવામાં આવ્યા હતા. શરૂઆતના એકાદ-બે વર્ષ આ સિસ્ટમ કાર્યરત રહી, પરંતુ ત્યારબાદ જિલ્લા પંચાયત પાસેથી પસાર થતી આ મુખ્ય લાઈનની નિયમિત સફાઈ કરવાની તંત્રએ તસ્દી જ ન લીધી.

પરિણામે, આજે પરિસ્થિતિ એવી છે કે આ લાઈનના ઢાંકણા પણ તૂટી ગયા છે અને હમીરસર તળાવમાં જ્યાં પાણીના નિકાલની મુખ્ય વ્યવસ્થા હતી તે આખેઆખો ભાગ માટી અને કચરાથી પુરાઈ ગયો છે.

# વય મર્યાદા વધારી 48-50 વર્ષ કરાઈ: ધો.9 થી 12ના જ્ઞાન સહાયકમાં હવે સ્નાતક-અનુસ્નાતક પાસને પણ તક

(એજન્સી) ભુજ | તા.08

રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની ઘટ પૂરી કરવા માટે સરકાર દ્વારા 2023માં જ્ઞાન સહાયક યોજના લાગુ કરાઈ છે, પરંતુ આ યોજનામાં રહેલી નોકરીની અનિશ્ચિતતા અને મામુલી પગારના કારણે ઉમેદવારો તેમાં જોડાવા માટે ઉત્સાહ દાખવી રહ્યા નથી ત્યારે શિક્ષણ વિભાગે નિયમોમાં ફેરફાર કર્યો છે. શાળાઓ શરૂ થઈ તેને મહિનો થઈ ગયો છે જેથી ટૂંક સમયમાં ભરતીની જાહેરાત કરાશે અને 30 જુલાઈ સુધીમાં જ્ઞાન સહાયકની ભરતી થવાની શકયતા છે. જ્ઞાન સહાયક યોજના અંતર્ગત ઉમેદવારોને મહત્તમ 11 માસના કરાર પર લેવામાં આવે છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે આ 11 મહિનાના સમયગાળાની નિશ્ચિતતા હોતી નથી.

જો શાળામાં નિયમિત નવી નિમણૂકથી, બદલીથી શિક્ષક હાજર થાય, તો તે જ્ઞાન સહાયકને તરત છૂટા કરવાના રહે છે. કાયમી શિક્ષક આવતા જ્ઞાન સહાયક બેરોજગાર બની જાય છે, જેના કારણે નોકરીમાં સતત અસલામતી અને અનિશ્ચિતતાનો માહોલ રહે છે. આ અનિશ્ચિતતાના ડરથી પૂરતા ઉમેદવારો જ્ઞાન સહાયક બનવા માટે આગળ ન આવતા, અંતે સરકારે લાયકાતના ધોરણોમાં મોટા ફેરફારો કર્યા છે. નવા ઠરાવ મુજબ, જો TAT પાસ ઉમેદવારો ન મળે તો માધ્યમિક વિભાગ માટે સ્નાતક (UG) અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે અનુસ્નાતક (PG) કક્ષાની લાયકાત ધરાવતા ઉમેદવારોને પણ લેવામાં આવશે. એટલું જ નહીં, મહત્તમ વયમર્યાદા પણ વધારીને માધ્યમિક માટે 48 વર્ષ અને ઉચ્ચતર માધ્યમિક માટે 50 વર્ષ કરી દેવાઈ છે.

# ૫૧ વિદ્યાર્થીઓને મળશે બે વર્ષ દરમ્યાન બે કરોડ આઠ લાખ જેટલી માતબર ફેલોશીપ બજેટ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૦૮, ભક્તકવિ નરસિંહ મહેતાયુનિવર્સીટી જૂનાગઢ નાં ૫૧ જેટલા વિદ્યાર્થીઓની શોધ ફેલોશીપ માટે પસંદગી થઈ છે. સોરઠનાં ઈતિહાસમાં આ ગૌરવપૂર્ણ સિધ્ધી છે. ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલય જૂનાગઢનાં ઈતિહાસમાં પથમ વખત ૫૧ જેટલા વિદ્યાર્થીઓને શોધ ફેલોશીપ અંતર્ગત બે કરોડ આઠ લાખ જેટલી માતબર રકમ બે વર્ષ દરમ્યાન મળશે. ગુજરાત સરકારનાં શિક્ષણ વિભાગ દ્વારા નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત મારફતે અમલમાં મુકાયેલ પ્રતિષ્ઠિત શોધ (સ્કીમ ઓફ ડેવલપિંગ હાઈ ક્વોલિટી રિસર્ચ) ફેલોશીપ યોજના ૨૦૨૫-૨૬ અંતર્ગત લાભ મળશે. ઉલ્લેખનિય છે કે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટીનાં કુલપતિ પદે ગત વર્ષે ૧૯ જુને પ્રો.(ડો.) પ્રતાપસિંહ ચૌહાણે સુકાન સંભાળ્યા બાદ યુનિવર્સીટીનાં શૈક્ષણીક, એડમિનીસ્ટ્રેટીવ, અને માળખાગત સવલતોમાં બદલાવ સાથે વિકાસ થાય તે દિશામાં હાથ ધરાયેલ પ્રયાસો અંતર્ગત પીએચ.ડી. ક્ષેત્રે અભ્યાસોત્સુક વિદ્યાર્થીઓની માંગને પારખીને પ્રો. ચૌહાણે બે વખત પીએચ.ડી. એન્ટ્રસ પરીક્ષા પધ્ધતિ દ્વારા ૩૦૦ થી વધુ યુવાનો માટે સંશોધન ક્ષેત્રે નવી તકોનું નિર્માણ કર્યુ છે.

# આયુષ હોસ્પિટલ, જુનાગઢ ખાતે રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી માટેના અદ્યતન રોબોટનું ભવ્ય અનાવરણ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૭. તા.05 જુલાઈ, 2026ને રવિવારના રોજ આયુષ હોસ્પિટલ, જુનાગઢ ખાતે ગોઠણના સાંધા બદલવાની (Robotic Knee Joint Replacement) અદ્યતન સારવારને વધુ સુલભ બનાવવા માટે રોબોટિક સર્જરી સિસ્ટમનું ભવ્ય અનાવરણ કરવામાં આવ્યું. આ સાથે જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં પ્રથમ વખત રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીની સુવિધા ઉપલબ્ધ બની છે. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે શ્રી ચંદુભાઈ મકવાણા, જિલ્લા ભાજપ પ્રમુખ, ઉપસ્થિત રહ્યા હતા. તેમણે રોબોટનું અનાવરણ કરી આ અત્યાધુનિક સેવા માટે આયુષ હોસ્પિટલને શુભેચ્છાઓ પાઠવી હતી.કાર્યક્રમમાં જુનાગઢ તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી આશરે 250થી વધુ દર્દીઓ અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આયુષ હોસ્પિટલ ગ્રુપ ઓફ હોસ્પિટલ્સના ડિરેક્ટર તથા ઓર્થોપેડિક સર્જન ડૉ.રાજદીપસિંહ ચૌહાણ અને ઓર્થોપેડિક સર્જન ડૉ.રાકેશ જોગરાજિયા દ્વારા દર્દીઓને રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# અભ્યંગ સ્નાન એટલે યજ્ઞયાગ અને પ્રસંગો બાદ તેલ થી શરીરે હળવી માલિશ કરવી

અભ્યંગ સ્નાન એટલે શું? શાસ્ત્ર અનુસાર અભ્યંગ સ્નાન એટલે યજ્ઞયાગ અને પ્રસંગો બાદ તેલ થી શરીરે હળવી માલિશ કરી ને પરિવાર અને સગા સબંધીઓ સાથે નદી માં સ્નાન કરવું. આના પાછળ નો ખાસ હેતુ લાંબા ગાળા સુધી એક જ જગ્યા એ પૂજા વિધિ માં બેઠા બાદ સ્નાયુઓ જકડાઈ જતા હોય છે. પહેલા ના સમય માં પૂજા વિધિ ના સૂત્ર માં બંધાઈ ગયા બાદ ચા પાણી અને બાથરૂમ નો બ્રેક નહોતો. પૂજા વિધિ ના નિયમ અનુસાર પૂજા કરનાર ને ચોવીસ કલાક અન્ન પાણી નો ત્યાગ કરવો પડતો હતો. અભ્યંગ સ્નાન નું વર્ણન શ્રીમદ ભાગવતજી માં બે જગ્યા એ વર્ણવ્યું છે. વાસુદેવજીનો યજ્ઞ અને રાજા યુધિષ્ઠિરનો રાજસૂય યજ્ઞ. કુરુ ક્ષત્ર માં ગ્રહણ નિમિતે પરશુરામ જી એ ક્ષત્રિયો ના રક્ત થી બનાવેલ કુંડ માં ગ્રહણ ના મોક્ષ બાદ સ્નાન માટે ઋષિ મુનિઓ,યાદવો, પંડવો,કૌરવો, પંચાલ, નંદ બાબા સાથે નંદ ગાવ વાસીઓ વગેરે વગેરે પધાર્યા હતા. ગ્રહણ ના મોક્ષ બાદ કુંડ માં સ્નાન કરી ને બધા એ બ્રાહ્મણો ને ભોજન અને સોનું,ગાય વગેરે પુષ્કળ દાન આપ્યા. કુરુક્ષેત્ર માં પધારેલ સપ્તર્ષિ ઋષિઓ ના આશીર્વાદ લઈને વાસુદેવજી એ મનોમન "ઈશ્વર ની પ્રાપ્તિ" નો સંકલ્પ કર્યો. આ સંકલ્પ સપ્તર્ષિ ઋષિઓ આગળ વાસુદેવજી એ વ્યક્ત કર્યો ત્યારે એ આશ્ચર્ય પામ્યા પણ ચૂપ રહેવાનું પસંદ કર્યું. સભામાં બિરાજમાન નારદજી ને વાસુદેવજી નો સંકલ્પ મૂર્ખતાવશ અને અજ્ઞાનતા ભર્યો લાગ્યો. નારદજી થી એના આત્મન ભગવાન નારાયણ નું અપમાન સહન ન થતા એ પોતાના સ્થાન પરથી ઊભા થઈ ને બોલ્યા કે ખરેખર, શ્રીમાન વાસુદેવ જી નો સંકલ્પ અચરજ પમાડે તેવો છે,હોવાનો જ કેમ? જે રીતે ગંગાજી ના કિનારે રહેતા લોકો ને ગંગાજળ ની પવિત્રતા વિશે સમજણ નથી હોતી એ જ રીતે પૂર્ણ પરમાત્માની હાજરી હોવા છતાંય શ્રીમાન વાસુદેવજી નો સંકલ્પ ઈશ્વર ની પ્રાપ્તિ છે.

વાસુદેવ જી ના આગ્રહ ને વશ થઈને અને ભગવાન શ્રી કૃષ્ણ ની મૂક સહમતિ સમજી ને સપ્તર્ષિ ઋષિઓ ઓએ વિષ્ણુ યાગ યજ્ઞ ની તૈયારીઓ શરૂ કરી. વિષ્ણુ યાગ યજ્ઞ ના નિયમ અનુસાર વાસુદેવ જી ની દેવકી અને રોહિણી સહિત ની આઠ પત્નીઓ એ પોતાને સુંદર રીતે આંખ માં અંજન અને ઘરેણા માં સજાવી ધજાવી ને યજ્ઞ શાળા માં પ્રવેશ કર્યો. સપ્તર્ષિ ઋષિઓ એ "વિષ્ણુ યાગ" પૂરા વિધિ વિધાન થી કરાવ્યા બાદ અભ્યંગ સ્નાન ની પૂજા નો સમય ઘોષિત કર્યો. શ્રીમાન વાસુદેવજી અને એની આઠ પત્નીઓ એ જે ઘરેણા અને કપડાં પહેર્યા હતા એ બધુજ દાસ દાસીઓ અને નર્તક નર્તકી ઓ ને આપીને નવા વસ્ત્રો અને ઘરેણા પરિધાન કર્યા બાદ ધામ ધૂમ થી નાચ ગાન અને એક બીજા પર દહીં, દૂધ,માખણ ફેંકી ને આનંદ મસ્તી મોજ કરતા કરતા સ્ત્રી પુરુષો નો સમુદાય અભ્યંગ સ્નાન માટે નદી તરફ જવા નીકળ્યો.

શ્રીમદ ભાગવત જી માં દ્રૌપદી ના બે સ્વરૂપ દર્શાવ્યા છે પ્રથમ યુવાની અને સૌંદર્ય ના ઘમંડ માં રહેતી અને બીજું બાળકો ની "માતા" નું દયાળુ સ્વરૂપ. રાજસૂય યજ્ઞ વખતે દ્રૌપદી ના મન માંથી દ્રુપદ રાજા ની લાડલી પુત્રી અને પાંચ શક્તિશાળી પતિઓની પત્ની નો ઘમંડ વધારે હતો.

જ્યારે અંધ ધૃતરાષ્ટ્ર એ પાંડવો ને ખાંડવ વન આપ્યું ત્યારે નિર્જન હિંસક પશુઓથી ભરપુર વન નું ભોજન મય દાનવ ને મળતા એણે ત્યાં એણે ભગવાનની આજ્ઞા મેળવી ને ઈન્દ્રપ્રસ્થ નગરી નું નિર્માણ કર્યું હતું. ઈન્દ્રપ્રસ્થ નગરમાં અલૌકિક અને અદભૂત મયસભા મહેલ નું નિર્માણ કર્યું હતું. આ મહેલ એક જાદૂઈ નગરી થી પણ વધારે હતો એટલે જ બુદ્ધિશાળી અને વિચારશીલ માણસ જ એની આંટીઘૂંટી સમજી શકતો હતો મતલબ દંભ ની નજરે મહેલ જાદુઈ દેખાતો હતો પણ નિર્દોષ નિષ્કપટ,નિષ્પ્રપંચી ની નજરે રાજાઓ ને જીતી ને એની સંપત્તિઓ થી સજાવેલ દિવ્ય ઈમારત હતી.



અભ્યંગ સ્નાન

- રુપાલી દવે

રાજસૂય યજ્ઞ ના નિયમ અનુસાર ચારેય દિશા માં રાજા એ વિજય મેળવ્યો હોવો જોઈએ. ત્રણેય દિશા જીતવી સહેલી હતી પણ ચોથી દિશા માં રાજા જરાસંઘ સ્થાન જમાવી ને બેઠા હતા. ભગવાન શ્રી કૃષ્ણ સાથે જરાસંઘ એ સતર વખત લડાઈ કરી છતાંય એની તાકાત અને સૈન્ય બળ સહેજ પણ ઓછું ન્હોતું થયું. આ વાત ભગવાન જાણતા હતા એટલે સુવ્યવસ્થિત યોજના હેઠળ જરાસંઘ અને ભીમ વચ્ચે ગદા યુદ્ધ નક્કી થયું. ગદા યુદ્ધ માં ભીમ એ જરાસંઘ ને હરાવી દેતા રાજસૂય યજ્ઞ ની ઢોલ નગારા સાથે સમગ્ર નગર સહિત બધેય સતાવાર રીતે રાજસૂય યજ્ઞ ની જાહેરાત કરવામાં આવી. દેશ પરદેશ થી રાજાઓ પોતપોતાના પરિવાર અને સૈન્ય સાથે ઈન્દ્રપ્રસ્થ નગરી માં આવવા લાગ્યા.રાજા યુધિષ્ઠિર એ બધા રાજાઓનું મોટા મન થી સ્વાગત કરીને રહેવાની ભોજન ની વ્યવસ્થા કરી. હસ્તિનાપુર માં રાજસૂય યજ્ઞ નું નિમંત્રણ પોહચતા રાજા ધૃતરાષ્ટ્ર ના દુર્યોધન સહિત ના સો પુત્રો સાથે કર્ણ,ભીષ્મ પિતામહ વગેરે નું આગમન થયું. રાજા યુધિષ્ઠિર એ ભીમ ને રસોઈઘર ની,નકુલ સહદેવ ને મહેમાન ને આવકારવા ની,કર્ણ અને દુર્યોધન ને દાન આપવાની,અર્જુન અને ભગવાન શ્રી કૃષ્ણ ને વડીલો ના ચરણ પખાળવા ની સેવા માં નિયુક્ત કર્યા. રાજસૂય યજ્ઞ માટે ઉતમ બ્રાહ્મણો ની સાથે ઋષિઓ ની વરણી કરવામાં આવી. રાજા યુધિષ્ઠિર આગળ ઋષિઓ સોના ના હળ થી જમીન ખેડી ને એના પર અમુક યોજન ની યજ્ઞ વેદી ઓ બનાવવામાં આવી.


ઈન્દ્રપ્રસ્થ નગરીના મહેલની વૈભવી શોભા નિહાળતા જ પ્રથમ થી જ દુર્યોધન અચંબિત બની ગયો હતો. એમાં ભગવાન શ્રી કૃષ્ણ ની પત્નીઓ અને પાંચ પાંડવોની અન્ય સુંદર પત્નીઓનું રૂમ ઝૂમ ઝાંઝર ના અવાજ માં મહેલ માં હરવું ફરવું. આ બધી સ્ત્રીઓ વચ્ચે દ્રૌપદી ના સુંદર મોગરા ની કળી જેવા દાંત દર્શાવતા થતો હાસ્ય વિલાસ જોતા જ સ્વયંવર માં દ્રૌપદી ને જીતી ન શક્યો એ ઘાવ તાજો થઈ જતો હતો.આમ પણ દુર્યોધન થી પાંડવો ની પ્રગતિ ઈર્ષા માં બાળી ને ખાખ કરતી હતી એમાં એ વિચાર શૂન્ય બની જતો હતો. રાજસૂય યજ્ઞ ની સંપૂર્ણ વિધિ સપન્ન થતા અભ્યંગ સ્નાન માટે નગર માંથી યાત્રા નીકળી ત્યારે નર્તક નર્તકી ના નૃત્ય સાથે વારંગના ઓ અને આમંત્રિત રાજા ઓની એક બીજા પર માખણ ફેંકી ને થઈ રહેલ અટખેલીઓ,દિયરો સાથે દ્રૌપદી અને પાંડવો ની અન્ય પત્નીઓનો હર્ષોલ્લાસ જોઈને દુર્યોધન નું મન કામુક થઇ ગયું હતું. નદી કિનારે રાજસૂય યજ્ઞ ની યાત્રા પોંહચતા જ બ્રાહ્મણો એ રાજા યુધિષ્ઠિર ને પત્ની દ્રૌપદી સાથે રાજસૂય યજ્ઞ ની પૂર્ણાહુતિ ની પૂજા કરાવી ને અભ્યંગ સ્નાન નો સંકલ્પ કરાવ્યો.

વૈદિક પરંપરા અનુસાર અભ્યંગ સ્નાન નું શાસ્ત્ર માં ખાસ મહત્વ દર્શાવ્યું છે.યજ્ઞયાગ અને પૂજા વિધિ ની પૂર્ણાહુતિ બાદ દેવી દેવતા સ્વસ્થાન એ જાય છે ત્યારે મનુષ્ય ને થાક અને કંટાળા ના બદલે સદાય ખુશ રહો ને આનંદિત જીવન જીવો ના આશીર્વાદ આપતા હોય છે.આ કારણોસર જ યુગોથી દુર્ગા વિસર્જન બાદ સિંદૂર ખેલા ખેલાય છે અને ગણપતિ વિસર્જન માં ઢોલ નગારા માં અબીલ ગુલાલ એકબીજા પર ઉડાડી ને લોકો હર્ષોલ્લાસ ની લાગણીઓ અનુભવતા હોય છે. યજ્ઞ યાગ અને પૂજા વિધિ વગેરે પ્રસંગો કરવા પાછળ નો મુખ્ય હેતુ દોડધામ થી થાકેલું મન હળવું થતા શરીર રીચાર્જ થઈ ને તાજગી અનુભવે. માન્યતા મુજબ આપણે પૂજા અને યજ્ઞમાં બેઠા હોઈએ છીએ ત્યારે આપણા શરીરની અંદર બિરાજમાન દેવી દેવતાઓ જાગૃત થઈ ને આપણા ને ધાર્મિક કાર્ય કરાવે છે.પૂર્ણાહુતિ બાદ દેવી દેવતાઓ તો સ્વસ્થાને બિરાજે એવો સંકલ્પ તો કરીએ છીએ પણ

અભ્યંગ સ્નાન વિધિ એટલે કે આનંદોત્સવ કર્યા વગર દેવી દેવતા સ્વસ્થાને બિરાજતા નથી. યજ્ઞ યાગ અને પૂજા પ્રસંગ ની છેલ્લી વિધિ આત્મીય આનંદ અભ્યંગ સ્નાન ને બદલે "ભોજન ની થાળી" થઈ જતા દેવી દેવતાઓ નારાજ થઈ જાય છે.ચાર શ્લોકો બાદ કલાક અષ્ટમ પષ્ટમ દોઢ કલાક ના ભાષણ માં પૂર્ણાહુતિ ની રાહ પૂજા કરાવનાર અને યજમાન ને હોય છે, કેમ? લાંબા ભાષણો માં યજમાન કંટાળે અને વિના કારણ બોલ બોલ કરીને થાકી ગયેલ પૂજા કરાવનારા.

# અંશુલા-રોહનનું ગ્રાન્ડ રિસેપ્શન

## સિંદૂર-મંગળસૂત્ર વિના ચમકી બોની કપૂરની લાડલી, જ્હાન્વીએ ભભકાદાર જ્વેલરી પહેરી; બોબી પડતાં-પડતાં બચ્યો...








(એજન્સી) મુંબઈ | તા.08


બોની કપૂરની દીકરી અને અર્જુન કપૂરની બહેન અંશુલા કપૂરે 6 જુલાઈએ ગુજ્જુ બોયફ્રેન્ડ રોહન ઠક્કર સાથે લગ્ન કર્યા છે. ગુજરાતી-પંજાબી પરંપરાગત વિધિથી થયેલા લગ્ન પછી કપલે મંગળવારે રિસેપ્શન રાખ્યું, જેમાં બંને પરિવારોની સાથે-સાથે બોલિવૂડની અનેક મોટી હસ્તીઓ સામેલ થઈ હતી.

અંશુલાના આ આઉટફિટ અને લુકની સોશિયલ મીડિયા પર ખૂબ ચર્ચા થઈ રહી છે. સામાન્ય રીતે ભારતીય પરંપરામાં નવી દુલ્હન લગ્ન પછીના ફંક્શનમાં સિંદૂર, મંગળસૂત્ર અને હાથમાં લાલ ચૂડો પહેરતી હોય છે. જોકે, અંશુલા આ પરંપરાગત વસ્તુઓ વિના એકદમ સિમ્પલ અને એલિગન્ટ લુકમાં જોવા મળી હતી. ફેન્સ તેના મોડર્ન બ્રાઈડ લુકના વખાણ કરી રહ્યા છે.

પોતાના રિસેપ્શનમાં અંશુલા કપૂરે પરંપરાગત ને મોર્ડન લુકનું મિશ્રણ કર્યું હતું. તે બ્રાઈડલ રેડ કલરની સુંદર બનારસી સાડીમાં અત્યંત ગ્લેમરસ અને રોયલ લાગતી હતી. સાડી સાથે તેણે હેવી ગોલ્ડન જ્વેલરી મેચ કરી હતી. બીજી તરફ, તેના પતિ રોહન ઠક્કરે બ્લેક કલરની આકર્ષક શેરવાની પહેરી હતી, જેમાં તે ખૂબ જ હેન્ડસમ લાગતો હતો. બંનેએ મીડિયા સામે હસતા મુખે પોઝ આપ્યા હતા અને પાપારાઝીને મીઠાઈ પણ વહેંચી હતી.

રિસેપ્શનના આઉટફિટની તસવીરો શેર કરતા અંશુલાએ લખ્યું છે, ‘અમારી કોકટેલ પાર્ટી માટે મને શરૂઆતથી જ ખબર હતી કે હું લાલ રંગ પહેરવા માંગુ છું. એક પરિણીત મહિલા તરીકે આ મારી પહેલી સાંજ હતી, જ્યારે હું મારા જીવનના આ નવા અધ્યાયની ઉજવણી કરી રહી હતી. આવી સ્થિતિમાં, સિંદૂરી લાલ જ મને સૌથી યોગ્ય રંગ લાગ્યો. જ્યારે મેં અને અમિત (અગ્રવાલ) એ આ આઉટફિટ વિશે વાત કરવાનું શરૂ કર્યું, ત્યારે એક જ વિચાર વારંવાર મનમાં આવ્યો, હું ઈચ્છતી હતી કે આ મારી ઓળખ અને વ્યક્તિત્વનું એક રૂપક બને.’












અર્જુન કપૂરે પણ આજે સવારે સોશિયલ મીડિયા પર અંશુલા માટે એક ભાવુક પોસ્ટ શેર કરી છે. તેણે લખ્યું, મારી અંશના નામે, તું હંમેશા મારી રહીશ, પણ હવે સમય આવી ગયો છે કે હું તને નવા રસ્તે જવા દઉં. આજે તું રોહન સાથે તારા નવા જીવનની શરૂઆત કરી રહી છે. તને હસતી જોઈને મારું હૃદય, મારું મન અને મારી આત્મા ખૂબ ખુશ છે. મેં તને બાળપણથી મોટી થતી જોઈ છે અને આજે તું એક એવી શાનદાર મહિલા બની ગઈ છે, જે દરેક પગલે આપણી માતાની છબીને પોતાનામાં સમાવી રહી છે. આગળ તેમણે લખ્યું, ક્યારેય ચિંતા ન કરીશ, કારણ કે માતા હંમેશા તમને જોઈ રહી છે અને દરેક પળે તમને પોતાના આશીર્વાદ આપી રહી છે. હું હંમેશા તારી સાથે છું, હંમેશા તારો સાથ આપીશ અને હંમેશા એ સુનિશ્ચિત કરીશ કે તારા ચહેરા પરની સ્મિત ક્યારેય ઝાંખું ન પડે. ઘણો બધો પ્રેમ, તારો અર્જુન ભૈયા.



# રામ મંદિર ચોરી પર અનુપમ ખેરની પ્રતિક્રિયા

### કહ્યું, 'ખોટું કામ કરનારાઓની ટીકા થવી જોઈએ'; અયોધ્યામાં 'શ્રી રામ ભૂમિ'નું શૂટિંગ શરૂ કર્યું

પીઢ એક્ટર અનુપમ ખેર મંગળવારે અયોધ્યા પહોંચ્યા. અહીં તેમણે સૌથી પહેલા હનુમાનગઢી અને રામ જન્મભૂમિમાં દર્શન-પૂજન કરીને બજરંગબલી અને ભગવાન રામના આશીર્વાદ લીધા. ત્યારબાદ તેમણે પોતાની નવી ફિલ્મ ‘શ્રી રામ ભૂમિ’નું શૂટિંગ શરૂ કર્યું. તેમણે જણાવ્યું કે ફિલ્મનું શૂટિંગ અયોધ્યામાં લગભગ 10 થી 12 દિવસ સુધી ચાલશે. અનુપમ ખેરે કહ્યું કે, કોઈપણ નવા કામની શરૂઆત ભગવાનના આશીર્વાદથી કરવી શુભ માનવામાં આવે છે. તેમણે બધા લોકોના સુખ, શાંતિ અને સારા સ્વાસ્થ્યની કામના કરી. રામ મંદિર સાથે જોડાયેલા તાજેતરના કથિત ચોરીના મામલે તેમણે કહ્યું કે, ’ખોટું કામ કરનારાઓની ટીકા થવી જોઈએ.

પરંતુ તેનાથી મંદિરની ગરિમા અને લોકોની આસ્થા પર કોઈ અસર થતી નથી.’ તેમના મતે, દાન શ્રદ્ધા અને વિશ્વાસથી કરવામાં આવે છે, તેથી કોઈની ભૂલને ભગવાન, મંદિર કે સનાતન ધર્મ સાથે જોડવી યોગ્ય નથી.

# શું 'ડ્રીમગર્લ' બોલિવૂડની સૌથી વધુ કમાણી કરતી એક્ટ્રેસ છે?

### હેમા માલિનીએ દાવાઓને નકારતાં કહ્યું- આજના સ્ટાર્સ જેટલી ફી નથી, પૈસા માટે ક્યારેય કામ કર્યું નથી

(એજન્સી) મુંબઈ | તા.08

બોલિવૂડના દિગ્ગજ એક્ટ્રેસ અને સાંસદ હેમા માલિનીએ 1970 અને 80 ના દાયકામાં ઈન્ડસ્ટ્રીના સૌથી મોંઘા એક્ટ્રેસ હોવાના દાવાને નકારી કાઢ્યો છે. 'હિન્દી રશ' પોડકાસ્ટમાં હેમા માલિનીએ કહ્યું કે તેમને ક્યારેય આજના સ્ટાર્સ જેટલી મોટી ફી મળી નથી. તેમણે સ્પષ્ટ કર્યું કે તેઓ પૈસા માટે કામ કરતા નથી.

લોકપ્રિયતા વધવાની સાથે ફીમાં ફક્ત નજીવો વધારો થતો હતો. એક્ટ્રેસના મતે, તેમના કામને નિર્માતાઓએ પસંદ કર્યું, પરંતુ કમાણી કરતાં તેમના માટે ફિલ્મોનો અનુભવ અને ઓળખ વધુ મહત્વની હતી. દર્શકો વચ્ચે હેમા માલિનીની સ્ક્રીન પ્રેઝન્સને ખૂબ પસંદ કરવામાં આવી હતી, ત્યારબાદ તેમને બોલિવૂડની 'ડ્રીમ ગર્લ' કહેવામાં આવતી હતી. હેમા માલિનીએ ઈન્ટરવ્યુમાં પૂછ્યું કે આ કોણે કહ્યું કે તે સૌથી મોંઘી એક્ટ્રેસ હતા? તેમણે જણાવ્યું કે તેમના સમયમાં ખૂબ ઓછા પૈસા મળતા હતા. આજના સમયના કલાકારોને જે મોટી રકમ મળે છે, તેમને તેનો એક નાનો ભાગ પણ મળતો નહોતો.

એક્ટ્રેસે કહ્યું કે નિર્દેશકો અને નિર્માતાઓ તેમને ખૂબ પસંદ કરતા હતા, પરંતુ તેમણે ક્યારેય પૈસાને સામે રાખીને કામ કર્યું નહોતું. જેમ જેમ નામ વધતું ગયું, મેકર્સે પોતાની મરજીથી ચુકવણી થોડી વધારી દીધી હતી. હેમા માલિનીએ જણાવ્યું કે તેમના કામનું સંપૂર્ણ મેનેજમેન્ટ તેમની માતા સંભાળતા હતા. તેમની માતા નિર્માતાઓને લઈને ખૂબ ઉદાર હતા. જો કોઈ નિર્માતા આવીને કહેતો કે તે આ ફિલ્મ માટે વધારે પૈસા આપી શકતા નથી, તો તેમની માતા કોઈ પણ વાંધા વગર માની જતા હતા.\

# પ્રભાસને જોકર કહેવા પર અરશદની સ્પષ્ટતા :કહ્યું, 'હું ફક્ત મિત્રો સાથે જ મજાક કરું છું'

(એજન્સી) મુંબઈ | તા.08

અરશદ વારસીએ થોડા સમય પહેલા ફિલ્મ ’કલ્કિ 2898AD’ની ટીકા કરતા કહ્યું હતું કે, ’ફિલ્મમાં પ્રભાસ જોકર જેવા લાગી રહ્યા હતા.’ આ નિવેદન પર તેમની સખત ટીકા થઈ અને ફિલ્મના ડિરેક્ટર નાગ અશ્વિન અને એક્ટર સુધીર બાબુએ તેમના નિવેદનની નિંદા કરી. હવે અરશદે આ વિવાદ પર મૌન તોડ્યું છે અને કહ્યું છે કે, તે ફક્ત તેમની સાથે મજાક કરે છે, જેમને તેઓ ઓળખે છે.



પ્રભાસ પર આપેલા નિવેદન પર અરશદ વારસીએ ‘ન્યૂઝ 18’ને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું છે, ‘હું ફક્ત મારા મિત્રો સાથે જ મજાક કરું છું. સાચું કહું તો હું બીજા કોઈ સાથે મજાક કરતો નથી. જો મારે કોઈ મજાક કરવી હોય, તો હું ફક્ત તે જ લોકો સાથે કરું છું, જેમને હું સારી રીતે ઓળખું છું અને જે મારા મિત્રો છે.’

એક્ટરે આગળ કહ્યું, ‘મને ખબર હોય છે કે તેમની સામે શું કહેવું છે અને કેટલી હદ સુધી કહેવું છે. પરંતુ જો હું કોઈને ઓળખતો નથી, તો તેની સામે કંઈપણ કહેતો નથી, કારણ કે મને તેના વિશે કોઈ માહિતી હોતી નથી. વાત બસ આટલી જ છે.’

વાતચીતમાં અરશદે કહ્યું કે, આજકાલ સોશિયલ મીડિયા પર દરેક વાતને લઈને એટલી બધી તપાસ થાય છે કે લોકોને મજાકને મજાકની જેમ લેતા શીખવું જોઈએ. તેમણે કહ્યું, ’આપણે બધાએ થોડા હળવાશથી જીવવું જોઈએ.’

અરશદનું માનવું છે કે, વાસ્તવિક જીવન ઉપરાંત ફિલ્મોમાં બતાવવામાં આવતી મજાકને પણ લોકોએ મજાકની જેમ જ લેવી જોઈએ. તેણે ફિલ્મ ’મુન્નાભાઈ એમબીબીએસ’ના તે ડાયલોગનું ઉદાહરણ આપ્યું.



# રિશી કપૂર સાથેનું અફેર પકડાતાં માતાએ ઝીંકી થપ્પડ!

### લગ્ન મંડપમાં વર-વધૂ બેહોશ થઈ ગયા, જાણો નીતુ કપૂરનાં જીવનનાં ફિલ્મી કિસ્સાઓ

(એજન્સી) મુંબઈ | તા.08

બાળપણમાં પિતાનું છત્ર ગુમાવ્યા પછી, જવાબદારીઓએ નાની ઉંમરે જ તેમના હાથમાં પુસ્તકોને બદલે ફિલ્મી સ્ક્રિપ્ટ પકડાવી દીધી. કેમેરા સામે હસતી તે બાળકીએ ક્યારેય વિચાર્યું નહીં હોય કે એક દિવસ તે હિન્દી સિનેમાની સૌથી સફળ હીરોઈનોમાં ગણાશે.

પરંતુ નીતુ કપૂરનું જીવન માત્ર સ્ટારડમની કહાની નથી, પરંતુ સંઘર્ષ, પ્રેમ, ત્યાગ અને મજબૂત ઈરાદાઓની યાત્રા છે. રિશી કપૂર સાથેના સંબંધોના સમાચાર પર માતાનો થપ્પડ, લગ્નના દિવસે વર-વધૂનું બેહોશ થઈ જવું, લગ્ન પછી રિશી કપૂરનું એ કહેવું કે તેમની કારકિર્દી પર તેની અસર પડી, અને પછી પરિવાર માટે નીતુનું ફિલ્મોથી દૂર થઈ જવું, તેમના જીવનના આ કિસ્સાઓ આજે પણ ખૂબ ચર્ચામાં રહે છે.

8 જુલાઈ 1958ના રોજ દિલ્હીમાં જન્મેલા નીતુ કપૂરનું અસલી નામ હરમીત કૌર હતું. તેઓ પંજાબી શીખ પરિવારમાંથી આવે છે. તેમના જન્મ પછી પરિવાર મુંબઈ સ્થળાંતરિત થયો હતો. નાનપણમાં જ પિતાનું છત્ર ગુમાવ્યું. ત્યારબાદ પરિવારની આર્થિક સ્થિતિ બગડી ગઈ અને બે ટંકનું ભોજન મેળવવું પણ મુશ્કેલ બની ગયું.

આવી સ્થિતિમાં, રાજી કૌરે ફિલ્મોમાં કામ મેળવવાનો પ્રયાસ કર્યો, પરંતુ વારંવાર નકાર મળ્યો. તેમને અહેસાસ થયો કે તેમના માટે હવે મોડું થઈ ગયું છે. ત્યારબાદ તેમણે પોતાનું અધૂરું સ્વપ્ન પુત્રી નીતુ દ્વારા પૂરું કરવાનો નિર્ણય કર્યો. રાજી નાની નીતુને લઈને ફિલ્મ સ્ટુડિયોના ચક્કર લગાવવા લાગ્યા. શરૂઆતમાં તેમને ફરીથી નકાર મળ્યો, પરંતુ તેમણે હિંમત ન હારી.

નીતુ કપૂરે માત્ર આઠ વર્ષની ઉંમરે ફિલ્મોમાં પ્રવેશ કર્યો હતો. શરૂઆતના સમયમાં તેઓ ‘બેબી સોનિયા’ નામથી ઓળખાતા હતા. બાળ કલાકાર તરીકે તેમણે ફિલ્મ ‘સૂરજ’ (1966) થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. ત્યારબાદ તેમણે ‘દસ લાખ’, ‘દો કલિયાં’, ‘દો દૂની ચાર’ અને ‘વારિસ’ જેવી ઘણી ફિલ્મોમાં કામ કર્યું અને પોતાની નિર્દોષતાથી દર્શકોના દિલ જીતી લીધા.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

# ભારતની બે ટોચની એથ્લેટ ડોપ ટેસ્ટમાં નિષ્ફળ

## ● એથ્લેટિક્સ જગતમાં મોટો વિવાદ, ડોપ ટેસ્ટમાં નિષ્ફળ જતાં પ્રતિબંધ



(એજન્સી) નવી દિલ્હી । તા. 08

ભારતીય એથ્લેટિક્સ જગત માટે એક અત્યંત ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. દેશની બે ઉભરતી અને પ્રતિભાશાળી મહિલા એથ્લેટ્સ ડોપ ટેસ્ટમાં નિષ્ફળ રહી છે. શૉટ પુટર વિધિ ચૌધરી અને જુનિયર નેશનલ રેકોર્ડ ધારક નિપમ ચૌહાણ પર ડોપિંગના ગંભીર આરોપો લાગ્યા છે, જેના કારણે બંને ખેલાડીઓની કારકિર્દી સામે પ્રશ્નાર્થ ચિહ્ન મુકાઈ ગયું છે.

ઉત્તર પ્રદેશની ૨૧ વર્ષીય શૉટ પુટર વિધિ ચૌધરી એશિયન અન્ડર-૨૩ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાંથી બહાર થઈ ગઈ છે. ચીનના ઓરડોસમાં શરૂ થનારી આ ચેમ્પિયનશિપ માટે ૫૪ સભ્યોની ભારતીય ટીમમાં વિધિનું નામ સામેલ હતું, પરંતુ ડોપ ટેસ્ટમાં નિષ્ફળ જતાં તેને ટીમમાંથી પડતી મૂકવામાં આવી છે. વિધિએ મે મહિનામાં પંજાબના સંગરૂરમાં આયોજિત ઈન્ડિયન એથ્લેટિક્સ સિરીઝમાં ૧૬.૩૫ મીટરના અંતર સાથે પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, મે મહિનામાં લેવામાં આવેલા તેના આઉટ-ઓફ-કોમ્પિટિશન નમૂનામાં તે પોઝિટિવ આવી છે. વિધિએ પોતે આ ચેમ્પિયનશિપમાં પ્રવાસ નહીં કરતી હોવાની પુષ્ટિ કરી છે.

### નિપમ ચૌહાણ પર કામચલાઉ પ્રતિબંધ

બીજી તરફ, ભારતની સૌથી ઝડપી જુનિયર મહિલા એથ્લેટ અને એશિયન અન્ડર-૨૦ ચેમ્પિયનશિપની મેડલ વિજેતા નિપમ ચૌહાણને કામચલાઉ ધોરણે સસ્પેન્ડ કરવામાં આવી છે. ૧૯ વર્ષીય નિપમ પર એનાબોલિક સ્ટેરોઈડ 'સ્ટેનોઝોલોલ'ના સેવનનો આરોપ છે. તેણે એપ્રિલમાં કર્ણાટકના તુમકુરમાં જુનિયર ફેડરેશન કપ દરમિયાન ૧૦૦ મીટર રેસમાં ૧૧.૫૩ સેકન્ડનો સમય નોંધાવીને નવો જુનિયર નેશનલ રેકોર્ડ બનાવ્યો હતો. નિપમના બે અલગ-અલગ નમૂનાઓ - એક એપ્રિલમાં તુમકુરમાં અને બીજો મે મહિનામાં બેંગલુરુમાં - પોઝિટિવ આવતા તેને પ્રોવિઝનલ સસ્પેન્શન હેઠળ રાખવામાં આવી છે.

# FIFA વર્લ્ડ કપ મેસી ફરી છવાયો મેદાનમાં, આર્જેન્ટિના ક્વાર્ટર ફાઈનલમાં



(એજન્સી) કતાર/આર્જેન્ટિના । તા. 08

ફૂટબોલના મહાસંગ્રામ એવા FIFA વર્લ્ડ કપ ૨૦૨૬માં ફરી એકવાર લિયોનેલ મેસીનું નામ ગુંજી ઉઠ્યું છે. રાઉન્ડ ઓફ ૧૬ની એક અત્યંત રોમાંચક અને રસાકસીભરી મેચમાં આર્જેન્ટિનાએ ઈજિપ્ત સામે અદભુત વિજય મેળવીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. મેચના અંતિમ ક્ષણોમાં કરવામાં આવેલા ધુંઆધાર પ્રદર્શને પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા અને મેસી ફરી એકવાર વિશ્વના સૌથી મહાન ખેલાડી તરીકે સાબિત થયો છે.

### અવિશ્વસનીય વાપસી અને મેચનો ઘટનાક્રમ

મેચની ૭૯મી મિનિટ સુધી આર્જેન્ટિના ૨-૦થી પાછળ હતું. સ્ટેડિયમમાં હાજર આર્જેન્ટિનાના ચાહકોમાં હતાશાનું વાતાવરણ હતું, કારણ કે હાર સાફ દેખાઈ રહી હતી. પરંતુ, ફૂટબોલના જાદુગર લિયોનેલ મેસીના ઈરાદા કંઈક અલગ જ હતા. ૭૯મી મિનિટે ડિફેન્ડર ક્રિસ્ટિયન રોમેરોએ ગોલ કરીને ટીમને આશા આપી હતી. ત્યારબાદ, મેસીએ ૮૩મી મિનિટે પોતાની શાનદાર કુશળતા બતાવતા ગોલ ફટકારીને સ્કોર ૨-૨ની બરાબરી પર લાવી દીધો હતો. આ ગોલ તેની કારકિર્દીનો ૨૧મો વર્લ્ડ કપ ગોલ હતો. ત્યારબાદ વધારાના સમયમાં એન્ઝો ફર્નાન્ડિઝે વિજયી ગોલ ફટકારીને આર્જેન્ટિનાને ૩-૨થી ઐતિહાસિક જીત અપાવી હતી.

### મેસીની ભાવુક ક્ષણો

વિજયી ગોલ બાદ કેપ્ટન લિયોનેલ મેસી મેદાન પર જ ભાવુક થઈ ગયો હતો. હારની અણી પરથી જીત તરફ લઈ જનારા મેસીની આંખમાં ખુશીના આંસુ છલકાઈ ગયા હતા. લાખો ચાહકો માટે આ ક્ષણ અવિસ્મરણીય બની ગઈ હતી. આ જીત માત્ર એક મેચની જીત નથી, પરંતુ એક યોદ્ધાની જીદની જીત છે, જેણે દબાણ વચ્ચે પણ ટીમને હારવા ન દીધી. આ પ્રદર્શન સાથે મેસી હવે 'ગોલ્ડન બૂટ'ની રેસમાં પણ સૌથી આગળ નીકળી ગયો છે.

### ક્વાર્ટર ફાઈનલની રણનીતિ

હવે આગામી શનિવારે કેન્સાસ સિટીમાં આર્જેન્ટિનાનો મુકાબલો સ્વિટ્ઝરલેન્ડ અથવા કોલંબિયા સાથે થશે. આ બંને ટીમો વચ્ચેની પ્રી-ક્વાર્ટર ફાઈનલ બાદ જ સ્પષ્ટ થશે કે ક્વાર્ટરમાં આર્જેન્ટિનાની સામે કઈ ટીમ ટકરાશે. નિષ્ણાતોના મતે, જે રીતે આર્જેન્ટિનાએ ઈજિપ્ત સામે વાપસી કરી છે, તે જોતા હવે અન્ય ટીમો માટે આર્જેન્ટિનાને હરાવવું મુશ્કેલ બનશે.

### વિશ્વભરમાં ઉજવણી

આ જીત બાદ આર્જેન્ટિનામાં અને દુનિયાભરમાં મેસીના ચાહકો રસ્તા પર ઉતરી આવ્યા છે. સોશિયલ મીડિયા પર મેસીના વખાણ થતા અટકતા નથી. ઈજિપ્તની ટીમ માટે આ હાર આઘાતજનક હતી, પરંતુ આર્જેન્ટિનાની મનોસ્થિતિ હવે સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. આર્જેન્ટિનાના કોચનું માનવું છે કે મેસીની આગેવાનીમાં ટીમ હવે આ વર્લ્ડ કપ જીતવા માટે સૌથી મજબૂત દાવેદાર છે.

વર્લ્ડ કપનો આ તબક્કો દરેક ટીમ માટે પરીક્ષા સમાન છે. આર્જેન્ટિનાએ સાબિત કર્યું છે કે તેઓ કોઈપણ પરિસ્થિતિમાં વાપસી કરવાની ક્ષમતા ધરાવે છે. હવે જોવાનું એ રહેશે કે ક્વાર્ટર ફાઈનલમાં મેસીનો જાદુ ફરી એકવાર ચાલે છે કે નહીં. ચાહકો અત્યારે તો ક્વાર્ટર ફાઈનલની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.



## ટીમ ઈન્ડિયા 76 રનમાં ઓલઆઉટ

# T20માં ભારતનો સૌથી મોટો પરાજય



(એજન્સી) નોટિંગહામ । તા. 08

ક્રિકેટના મેદાનમાંથી ભારત માટે એક અત્યંત નિરાશાજનક સમાચાર સામે આવ્યા છે. નોટિંગહામના ટ્રેન્ટ બ્રિજ ખાતે રમાયેલી ત્રીજી T20 આંતરરાષ્ટ્રીય મેચમાં ઈંગ્લેન્ડે ભારતને ૧૨૫ રનના વિશાળ અંતરથી કારમી હાર આપી છે. શ્રેયસ અય્યરની કપ્તાની હેઠળ રમી રહેલી ભારતીય ટીમ માટે આ મેચ કોઈ ખરાબ સપના જેવી રહી, જેમાં ટીમ માત્ર ૭૬ રનના સ્કોર પર સમેટાઈ ગઈ હતી. આ હાર સાથે ભારત શ્રેણી જીતવાની રેસમાંથી બહાર થઈ ગયું છે.

ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લેનાર ઈંગ્લેન્ડની ટીમે ભારતીય બોલરોની આકરી કસોટી કરી હતી. ઓપનર ફિલ સોલ્ટે ૪૪ બોલમાં ૭૦ રન અને કેપ્ટન જોસ બટલરે ૩૬ રન બનાવીને ટીમને મજબૂત પાયો પૂરો પાડ્યો હતો. અંતિમ ઓવરોમાં સેમ કરનની આક્રમક બેટિંગ (૪૧ રન અણનમ) ની મદદથી ઈંગ્લેન્ડે ૨૦ વિકેટના નુકસાન પર ૨૦૧ રનનો વિશાળ સ્કોર ખડક્યો હતો. ભારત તરફથી હર્ષિત રાણા અને પ્રિન્સ યાદવે ૨-૨ વિકેટ ઝડપી હતી, પરંતુ તેઓ ઈંગ્લેન્ડના રન રેટને રોકવામાં નિષ્ફળ રહ્યા હતા.

### ભારતીય બેટિંગ લાઈનઅપનો ફિયાસ્કો

૨૦૨ રનના મોટા લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમને શરૂઆતથી જ ઝટકા લાગવાનું શરૂ થયું હતું. ઈંગ્લેન્ડના ઝડપી બોલર જોશ ટંગ અને જોફ્રા આર્ચરની ઘાતક બોલિંગ સામે ભારતીય બેટ્સમેનો ટકી શક્યા ન હતા. ભારતનો કોઈ પણ બેટ્સમેન ૧૫ રનનો આંકડો પણ પાર કરી શક્યો ન હતો. વૈભવ સૂર્યવંશી અને ઈશાન કિશન ૧૩-૧૩ રન બનાવીને ટોપ સ્કોરર રહ્યા હતા, જ્યારે કપ્તાન શ્રેયસ અય્યર માત્ર ૫ રન બનાવી પેવેલિયન ભેગો થયો હતો. પરિણામે, સમગ્ર ટીમ માત્ર ૧૧.૪ ઓવરમાં ૭૬ રનમાં ધરાશાયી થઈ ગઈ હતી.

### T20 ઈતિહાસમાં ભારતની સૌથી મોટી હાર

રનની દ્રષ્ટિએ T20 ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ભારતની આ અત્યાર સુધીની સૌથી મોટી હાર છે. અગાઉ ૨૦૧૯માં ન્યૂઝીલેન્ડ સામે ભારત ૮૦ રનથી હાર્યું હતું, પરંતુ આજના પરાજયે તમામ જૂના રેકોર્ડ તોડી નાખ્યા છે. આ ઉપરાંત, ૭૬ રનનો સ્કોર T20 ક્રિકેટમાં ભારતનો બીજો સૌથી ઓછો સ્કોર છે. ઈંગ્લેન્ડના બોલર જોફ્રા આર્ચરને તેની શાનદાર બોલિંગ બદલ 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો.

# વિમ્બલ્ડનમાં કોકો ગોફની પ્રથમ સેમીફાઈનલ

(એજન્સી) લંડન । તા. 08

વિમ્બલ્ડન ૨૦૨૬માં અમેરિકન ટેનિસ સ્ટાર કોકો ગોફે ઈતિહાસ રચ્યો છે. મંગળવારે સેન્ટર કોર્ટ પર રમાયેલા ઓલ-અમેરિકન ક્વોર્ટર ફાઈનલ મુકાબલામાં સાતમી સીડ ધરાવતી કોકો ગોફે તેની ભૂતપૂર્વ ડબલ્સ પાર્ટનર જેસિકા પેગુલાને ૪-૬, ૬-૩, ૬-૩ થી પરાજય આપીને પ્રથમ વખત વિમ્બલ્ડનની સેમીફાઈનલમાં પ્રવેશ કર્યો છે. આ જીત સાથે ૨૨ વર્ષીય ગોફ હવે મહિલા સિંગલ્સ ડ્રોમાં સૌથી ઉચ્ચ ક્રમાંકિત ખેલાડી બની ગઈ છે. મેચની શરૂઆત કોકો ગોફ માટે પડકારજનક રહી હતી. ચોથી સીડ ધરાવતી જેસિકા પેગુલાએ શરૂઆતની ગેમમાં જ ગોફની સર્વિસ તોડીને દબાણ વધારી દીધું હતું અને પ્રથમ સેટ ૪-૬ થી જીતી લીધો હતો. જોકે, બીજા સેટથી ગોફે પોતાની રમતનું સ્તર ઉંચુ કર્યું હતું. તેણે પોતાની અનફોર્સ્ડ એરર્સની સંખ્યા અડધી કરી નાખી અને આક્રમક રમત દાખવીને ૫-૩ થી લીડ મેળવીને સેટ પોતાના નામે કર્યો. નિર્ણાયક ત્રીજા સેટમાં પણ ગોફે પેગુલાને સતત દબાણમાં રાખી અને આખરે મેચ પોઈન્ટ પર વિજય મેળવીને સેમીફાઈનલમાં સ્થાન પાકું કર્યું હતું.

પોતાની આ ઐતિહાસિક જીત બાદ ગોફે જણાવ્યું હતું કે, "આ ખરેખર અવિશ્વસનીય છે. આ ટૂર્નામેન્ટ પહેલા બે વર્ષ સુધી હું ગ્રાસ કોર્ટ પર એક પણ મેચ જીતી નહોતી, તેથી આજનું મારું પ્રદર્શન જોઈને હું ખૂબ જ ખુશ છું." ગોફે સ્વીકાર્યું કે આ સપાટી પર આ સફળતા તેના માટે ખાસ છે. તેણે કહ્યું કે, "હું હવે થોડી રાહત અનુભવું છું, કારણ કે આ ટૂર્નામેન્ટમાં બાકીનું પરિણામ ગમે તે હોય, મને લાગે છે કે મેં ગ્રાસ કોર્ટ પર એક સફળતા મેળવી લીધી છે."



# વિમ્બલ્ડન ૨૦૨૬માં અર્નવ પાપારકરનો શાનદાર વિજય

(એજન્સી) લંડન । તા. 08



વિમ્બલ્ડન ૨૦૨૬માં ભારતીય ટેનિસ ખેલાડીઓએ પોતાની મજબૂત હાજરી નોંધાવી છે. બોયઝ સિંગલ્સ કેટેગરીમાં ભારતના ઉભરતા ટેનિસ સ્ટાર અર્નવ પાપારકરે શાનદાર પ્રદર્શન કરતા ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કરી લીધો છે. અર્નવે ટુર્નામેન્ટના ત્રીજા ક્રમાંકિત ખેલાડી અમેરિકાના કીટન હેન્સને એકતરફી મુકાબલામાં પરાજય આપીને આગામી રાઉન્ડમાં સ્થાન નિશ્ચિત કર્યું છે.

### અર્નવનો શાનદાર દેખાવ

કોર્ટ નંબર ૬ પર રમાયેલા આ રોમાંચક મુકાબલામાં ૧૮ વર્ષીય અર્નવ પાપારકરે આક્રમક રમતનું પ્રદર્શન કર્યું હતું. તેણે અમેરિકાના મજબૂત સ્પર્ધક હેન્સનને ૬-૨, ૬-૩ થી સીધા સેટમાં હરાવીને માત્ર એક કલાકથી વધુ સમયમાં જીત મેળવી હતી. આ અગાઉ ફ્રેન્ચ ઓપનમાં અર્નવ ત્રીજા રાઉન્ડમાં બહાર થઈ ગયો હતો, પરંતુ અહીં તે પોતાની જૂની નિષ્ફળતાને પાછળ છોડીને નવા ઉત્સાહ સાથે રમતો જોવા મળ્યો છે. હવે ત્રીજા રાઉન્ડમાં અર્નવનો સામનો જાપાનના ર્યો તાબાતા અથવા પેરુના નિકોલસ બેના વચ્ચે થનારા મુકાબલાના વિજેતા સાથે થશે.

### ગોલ્ફ જગતની હલચલ

બીજી તરફ, ભારતીય રમતગમતના અન્ય ક્ષેત્રોમાં પણ મહત્વના સમાચાર સામે આવ્યા છે. મહિલા પ્રોફેશનલ ગોલ્ફ ટૂર (WPGT) ની નવમી સીઝન હોસૂરમાં શરૂ થવા જઈ રહી છે. હિતાશી બક્ષી આ ટૂર્નામેન્ટ સાથે ફરી ઘરેલું સર્કિટમાં પરત ફરી રહી છે. લેડીઝ યુરોપિયન ટૂર પર પડકારોનો સામનો કર્યા બાદ હિતાશી હવે વણી કપૂર, રિધિમા દિલાવરી અને અમનદીપ ડ્રાલ જેવી ખેલાડીઓ સામે ટક્કર આપશે. હિતાશીને આશા છે કે ઘરેલું કોર્સ પર તેનું પ્રદર્શન તેને ફરીથી સફળતાના પથ પર લાવશે. ૮ જુલાઈ, ૨૦૨૬ સુધીના આ અપડેટ્સમાં ભારતીય ખેલાડીઓનું મિશ્ર પ્રદર્શન જોવા મળ્યું છે. એક તરફ ટેનિસ કોર્ટ પર અર્નવ પાપારકર જેવી નવી પ્રતિભાઓ આંતરરાષ્ટ્રીય સ્તરે નામ રોશન કરી રહી છે, તો બીજી તરફ ગોલ્ફ જેવી રમતોમાં પણ અનુભવી ખેલાડીઓ પોતાનું સ્થાન ફરી મેળવવા માટે તૈયારી કરી રહ્યા છે.

# સંજુ સેમસન મુદ્દે કોચ ગૌતમ ગંભીરે કરી સ્પષ્ટતા

(એજન્સી) ટ્રેન્ટ બ્રિજ । તા. 08



ભારતીય ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે મંગળવારે સંજુ સેમસનના ભવિષ્ય અંગે મોટું નિવેદન આપ્યું છે. ઈંગ્લેન્ડ સામેની ટી-૨૦ શ્રેણી દરમિયાન સંજુને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર રાખવામાં આવ્યો હતો અને તેને ઝિમ્બાબ્વે પ્રવાસ માટેની ટીમમાં પણ સ્થાન મળ્યું નથી. આ વિવાદો વચ્ચે ગંભીરે સ્પષ્ટ કર્યું છે કે સંજુ સેમસન સાથે તેમની વાતચીત થઈ ચૂકી છે અને તેને પોતાની સ્થિતિ અંગે સંપૂર્ણ સ્પષ્ટતા મળી ગઈ છે.

ગંભીરે જણાવ્યું હતું કે, "સંજુ સેમસનને જે સ્પષ્ટતાની જરૂર હતી, તે તેને મારા તરફથી મળી ગઈ છે. તે વાતચીત માત્ર એક કોચ અને ખેલાડી વચ્ચે જ રહેશે." ગંભીરે ભારપૂર્વક કહ્યું કે સંજુએ ટી-૨૦ વિશ્વકપ દરમિયાન ભારત માટે જે પ્રદર્શન કર્યું છે તે અદભૂત હતું. જોકે, હાલમાં ફોર્મ પણ એક મહત્વનું પાસું છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે એવું કોઈ નિયમ નથી કે સંજુ બાકીની બે મેચમાં વાપસી ન કરી શકે. ગંભીરના મતે, હાલમાં ટીમ ઈન્ડિયા 'રિસેટ મોડ'માં છે, જેમાં હાર્દિક પંડ્યા અને જસપ્રીત બુમરાહ જેવા દિગ્ગજ ખેલાડીઓની ગેરહાજરીમાં નવા ખેલાડીઓને તક આપવામાં આવી રહી છે.

ઈંગ્લેન્ડ સામેની ત્રીજી ટી-૨૦માં ભારતને ૧૨૫ રને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. ગંભીરે સ્વીકાર્યું કે ટીમ ઈન્ડિયાએ પરિસ્થિતિઓને બરાબર રીતે સમજી ન હતી. "આપણે માત્ર સારું રમ્યા નથી, તેટલું જ સરળ છે. ચાર મેચ રમીને કોઈ ટીમ ખરાબ બની જતી નથી. આપણે પરિસ્થિતિ વાંચવામાં ભૂલ કરી હતી," તેમ તેમણે ઉમેર્યું હતું. માત્ર ૭૬ રનમાં ઓલઆઉટ થવા છતાં ગંભીરે કહ્યું કે આ એક 'ઓફ ડે' હતો અને ટીમ પોતાની આક્રમક રમવાની શૈલી બદલશે નહીં, કારણ કે આ શૈલીએ જ ભારતને ભૂતકાળમાં સફળતા અપાવી છે.

ગૌતમ ગંભીરના મતે, ૧૫ વર્ષીય વૈભવ સૂર્યવંશી જેવા યુવા ખેલાડીઓને તક આપવી એ ટીમના લાંબા ગાળાના આયોજનનો ભાગ છે.

ચેમ્પિયન // મેચનો રોમાંચ અને ડ્રો તરફ પ્રયાણ

# વેસ્ટ ઈન્ડિઝની શ્રીલંકા સામે ટેસ્ટ શ્રેણી 1-0થી જીત

(એજન્સી) નોર્થ સાઉન્ડ । તા. 08





વેસ્ટ ઈન્ડિઝની ક્રિકેટ ટીમ માટે આજનો દિવસ ઐતિહાસિક સાબિત થયો છે. શ્રીલંકા સામેની બીજી ટેસ્ટ મેચ ડ્રોમાં પરિણમી હોવા છતાં, વેસ્ટ ઈન્ડિઝે બે ટેસ્ટ મેચની શ્રેણી ૧-૦થી પોતાના નામે કરી લીધી છે. છેલ્લા ત્રણ વર્ષમાં લાલ બોલના ફોર્મેટમાં વેસ્ટ ઈન્ડિઝની આ પ્રથમ શ્રેણી વિજય છે. ૨૦૨૩થી અત્યાર સુધીમાં ૧૧ શ્રેણીઓમાં નિષ્ફળ રહ્યા બાદ, આ જીત વેસ્ટ ઈન્ડિઝ માટે નવી ઉર્જા લઈને આવી છે.

સર વિવિયન રિચર્ડ્સ સ્ટેડિયમ ખાતે રમાયેલી અંતિમ દિવસે મેચમાં વરસાદના વિઘ્ન વચ્ચે વેસ્ટ ઈન્ડિઝે મક્કમતા દર્શાવી હતી. શ્રીલંકાએ બીજા દાવમાં ૨૫૧-૯ પર ઈનિંગ ડિકલેર કરીને વેસ્ટ ઈન્ડિઝને જીતવા માટે ૬૦ ઓવરમાં ૩૦૨ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જોકે, વેસ્ટ ઈન્ડિઝની ટીમે જોખમ લેવાને બદલે સંરક્ષણાત્મક અભિગમ અપનાવ્યો હતો. જોન કેમ્પબેલ અને બ્રેન્ડન કિંગની ઓપનિંગ જોડીએ ૪૦ ઓવર સુધી શ્રીલંકન બોલરોને હંફાવ્યા હતા અને કોઈ પણ વિકેટ ગુમાવ્યા વગર ૧૦૯ રન બનાવ્યા હતા. અંતે બંને કેપ્ટનોએ હાથ મિલાવ્યા અને મેચ ડ્રો જાહેર કરવામાં આવી હતી.

વેસ્ટ ઈન્ડિઝે પ્રથમ ટેસ્ટ એક ઈનિંગ અને ૨૧૭ રનથી જીતીને શ્રેણીમાં મજબૂત શરૂઆત કરી હતી. તે મેચમાં અમિર જાંગુના ૨૩૩ અને કેપ્ટન રોસ્ટન ચેઝના ૧૯૪ રનની ભાગીદારી આ શ્રેણીનું મુખ્ય આકર્ષણ રહી હતી. બીજી ટેસ્ટમાં પણ બંને ટીમો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી. આ શ્રેણી દરમિયાન કુલ ૧,૪૦૮ રન બન્યા હતા, જે વેસ્ટ ઈન્ડિઝ અને શ્રીલંકા વચ્ચેની ટેસ્ટ મેચનો એક નવો રેકોર્ડ છે. જસ્ટિન ગ્રીવ્સે બીજી ટેસ્ટમાં ૧૮૦ રન બનાવ્યા હતા, જેના કારણે તેને 'પ્લેયર ઓફ ધ મેચ' અને 'પ્લેયર ઓફ ધ સીરીઝ' જાહેર કરવામાં આવ્યો હતો.

શ્રેણીમાં શાનદાર પ્રદર્શન કરનાર જસ્ટિન ગ્રીવ્સે જીતનો શ્રેય ડ્રેસિંગ રૂમના વાતાવરણને આપ્યો હતો. તેણે જણાવ્યું કે, "અમે ડ્રેસિંગ રૂમમાં માત્ર એટલું જ નક્કી કર્યું હતું કે ભૂખ્યા રહેવું (stay hungry). જ્યારે તમે મેદાનમાં હોવ ત્યારે હંમેશા રન બનાવવા માટે તૈયાર રહેવું જોઈએ." વેસ્ટ ઈન્ડિઝની આ જીત તેમના માટે ખૂબ મહત્વની છે, ખાસ કરીને એક વર્ષ અગાઉ ઓસ્ટ્રેલિયા સામે માત્ર ૨૭ રનમાં ઓલઆઉટ થયા બાદ, ટીમનું આ પ્રદર્શન અત્યંત પ્રોત્સાહક છે.

બીજી તરફ, શ્રીલંકાના કેપ્ટન દિનેશ ચંદીમલે કબૂલ્યું કે ટેસ્ટ ક્રિકેટમાં ૨૦ વિકેટ લેવી એ સૌથી મોટો પડકાર છે. તેમણે જણાવ્યું કે ટીમ પાસે તે 'એક્સ-ફેક્ટર'ની કમી છે જે ગમે ત્યારે વિકેટ ઝડપી શકે. લાહિરુ ઉદારાના ૧૮૮ રન છતાં શ્રીલંકા શ્રેણી બચાવવામાં નિષ્ફળ રહ્યું. વેસ્ટ ઈન્ડિઝ માટે આ શ્રેણી વિજય દર્શાવે છે કે ટીમ હવે લાલ બોલના ક્રિકેટમાં ફરી બેઠી થઈ રહી છે. લાંબા સમયના દુષ્કાળ બાદ મળેલી આ જીત કેરેબિયન ચાહકો માટે ખુશીના સમાચાર છે. હવે વેસ્ટ ઈન્ડિઝની ટીમ આત્મવિશ્વાસ સાથે આગામી પડકારો માટે તૈયાર છે.

કોકો ગોફ સામે મુચોવાની ટક્કર

# વિમ્બલ્ડન ૨૦૨૬માં કેરોલિના મુચોવા સેમીફાઈનલમાં

(એજન્સી) લંડન । તા. 08



વિમ્બલ્ડન ૨૦૨૬માં મહિલા સિંગલ્સનો મુકાબલો અત્યંત રોમાંચક વળાંક પર પહોંચ્યો છે. મંગળવારે રમાયેલી ક્વોર્ટર ફાઈનલ મેચમાં ચેક રિપબ્લિકની કેરોલિના મુચોવાએ ચાર વખતની ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન જાપાનની નાઓમી ઓસાકાને હરાવીને સેમીફાઈનલમાં પ્રવેશ કર્યો છે. મુચોવાએ આ સંઘર્ષપૂર્ણ મુકાબલામાં ૭-૬(૪), ૬-૪ થી જીત મેળવીને પોતાની પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીતવાની આશા જીવંત રાખી છે.

લંડનના કોર્ટ નંબર ૧ પર રમાયેલી આ મેચમાં બંને ખેલાડીઓ વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી હતી. ૨૯ વર્ષીય મુચોવાએ ઓસાકા સામે અત્યંત સ્થિર રમત રમી હતી. આંકડાઓની દૃષ્ટિએ જોઈએ તો, મુચોવાએ માત્ર ૨૧ અનફોર્સ્ડ એરર કરી હતી, જ્યારે નાઓમી ઓસાકાની કુલ ભૂલોની સંખ્યા ૪૨ રહી હતી. બંને ખેલાડીઓએ ૨૪-૨૪ વિનર્સ ફટકાર્યા હતા, પરંતુ મહત્વના પોઈન્ટ્સ પર મુચોવાની ચોકસાઈ અને નેટ પર તેની રમવાની શૈલી નિર્ણાયક સાબિત થઈ હતી. મુચોવાએ ફોરહેન્ડ વિનર સાથે પ્રથમ સેટ ટાઈબ્રેકરમાં જીત્યો હતો.

ચોથા રાઉન્ડમાં ટોપ સીડ આર્યના સબાલિંકાને હરાવ્યા બાદ નાઓમી ઓસાકા પાસેથી ઘણી અપેક્ષાઓ હતી. પરંતુ ક્વોર્ટર ફાઈનલમાં તેની રમતમાંથી સાતત્ય ગાયબ જોવા મળ્યું હતું. બીજા સેટની નવમી ગેમમાં ઓસાકાએ બે ડબલ ફોલ્ટ કર્યા અને એક મહત્વપૂર્ણ ડ્રાઈવ વોલી ગુમાવતા પોતાની સર્વિસ ગુમાવી બેઠી હતી. ૨૮ વર્ષીય ઓસાકા, જે ૧૪મી સીડ હતી, તે આ આખી મેચ દરમિયાન દબાણમાં જણાઈ હતી.

## શોધખોળ અભિયાન યુદ્ધના ધોરણે તેજ, અરબ સાગરમાં ક્રેશની પ્રબળ આશંકા

# અરબ સાગરમાં પાકિસ્તાનનું કાર્ગો વિમાન ક્રેશ

(એજન્સી) કરાચી । તા. 08




શારજાહથી કરાચી આવી રહેલું પાકિસ્તાનનું એક કાર્ગો વિમાન મંગળવારે રાત્રે રહસ્યમય સંજોગોમાં રડારમાંથી ગુમ થઈ જતાં ભારે ખળભળાટ મચી ગયો છે. મીડિયા અહેવાલ અનુસાર, પાંચ ક્રૂ મેમ્બર્સ સાથેનું આ વિમાન કરાચીથી આશરે ૨૮૭ કિલોમીટર પશ્ચિમમાં બલૂચિસ્તાનના ઓરમરા નજીક અરબ સાગરના મોજાઓમાં સમાઈ ગયું હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે. આ ઘટનાએ એરિયામાં સુરક્ષા અને ટેકનિકલ સલામતીના ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે.

### દુર્ઘટનાનો સમગ્ર ઘટનાક્રમ

પાકિસ્તાન સમય મુજબ મંગળવારે રાત્રે ૯:૧૮ વાગ્યે આ વિમાને પોતાની નેવિગેશન સિસ્ટમમાં ગંભીર ખામી હોવાની જાણ એર ટ્રાફિક કંટ્રોલને કરી હતી. નિયંત્રણ કક્ષ દ્વારા તાત્કાલિક માર્ગદર્શન આપવાના તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ માત્ર ત્રણ જ મિનિટ બાદ રડાર સિસ્ટમ પર આ વિમાનનું નિશાન ગાયબ થઈ ગયું હતું. રડારના ડેટામાં વિમાન ખૂબ જ ઝડપથી નીચે તરફ ગતિ કરતું જોવા મળ્યું હતું, જે સૂચવે છે કે તે ગમે ત્યારે સમુદ્રમાં ખાબક્યું હોવું જોઈએ.

### રડાર ડેટાના ચોંકાવનારા આંકડા

દુર્ઘટના પહેલા વિમાનની ગતિવિધિ અત્યંત અસામાન્ય રહી હતી. મીડિયા અહેવાલોમાં દર્શાવ્યા મુજબ, વિમાનની ઊંચાઈમાં અચાનક ભારે ઘટાડો અને વધારો જોવા મળ્યો હતો. છેલ્લા મળેલા ડેટા પોઈન્ટ્સ અત્યંત ભયાનક હતા; વિમાન સમુદ્ર સપાટીથી માત્ર ૧,૧૦૦ ફૂટની ઊંચાઈએ હતું અને તે માઈનસ ૨૨,૪૦૦ ફૂટ પ્રતિ મિનિટની અસાધારણ ઝડપથી નીચે તરફ જઈ રહ્યું હતું. આટલી ઝડપે નીચે આવવું એ કોઈ મોટી યાંત્રિક નિષ્ફળતા અથવા ગંભીર આપાતકાલીન સ્થિતિ તરફ નિર્દેશ કરે છે.

### વિમાનની ટેકનિકલ સ્થિતિ

ગુમ થયેલું આ બોઈંગ ૭૩૭-૪૦૦ વિમાન ૨૭ વર્ષ જૂનું હતું. મૂળભૂત રીતે પેસેન્જર સેવા માટે બનેલું આ વિમાન વર્ષ ૨૦૧૨માં માલવાહક વિમાનમાં ફેરવવામાં આવ્યું હતું. તે 'કે-ટુ' એરવેઝ દ્વારા સંચાલિત હતું અને વર્ષ ૨૦૨૪માં જ તેણે પોતાની સેવાઓ શરૂ કરી હતી. વિમાનનો ઈતિહાસ દર્શાવે છે કે તેણે વર્ષ ૧૯૯૯માં રશિયાની એયરોફ્લોટ સાથે ઉડાન શરૂ કરી હતી. આટલું જૂનું વિમાન હોવાને કારણે તેના રખરખાવ અને ટેકનિકલ મજબૂતી પર પણ હવે સવાલો ઉઠી રહ્યા છે.

### યુદ્ધના ધોરણે શોધખોળ અભિયાન

સમુદ્રમાં ગુમ થયેલા કાર્ગો વિમાન અને તેમાં સવાર પાંચ ક્રૂ મેમ્બર્સનો પતો લગાવવા માટે પાકિસ્તાન એરપોર્ટ ઓથોરિટી અને વિવિધ સુરક્ષા એજન્સીઓએ સંયુક્ત રીતે મોટા પાયે શોધખોળ અભિયાન શરૂ કર્યું છે. દરિયાઈ વિસ્તારમાં નૌકાદળ અને અન્ય બચાવ ટુકડીઓ કામે લગાડવામાં આવી છે, પરંતુ હજુ સુધી વિમાનનો કોઈ કાટમાળ કે માહિતી પ્રાપ્ત થઈ શકી નથી. હાલમાં સમગ્ર વિસ્તારમાં આ ઘટનાને લઈને ચિંતાનું વાતાવરણ છે. આ ગંભીર દુર્ઘટના અંગે હજુ સુધી એરલાઈન કે બોઈંગ કંપની તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. વિમાનમાં સવાર પાંચેય સભ્યોના પરિવારજનો અત્યારે ભારે આઘાતમાં છે અને સમાચારની રાહ જોઈ રહ્યા છે.

## બહેરીનમાં સાયરન અને હાઈ એલર્ટ

# અમેરિકાના હુમલા બાદ ઈરાનનો વળતો પ્રહાર



(એજન્સી) બહેરીન/કુવૈત । તા. 08

મધ્ય પૂર્વમાં યુદ્ધના વાદળો ઘેરાયા છે અને પરિસ્થિતિ અત્યંત ગંભીર બની છે. અમેરિકા દ્વારા ઈરાન પર કરવામાં આવેલા ભીષણ હવાઈ હુમલાના જવાબમાં ઈરાને હવે વળતો પ્રહાર શરૂ કર્યો છે. આ સંઘર્ષની લપેટમાં હવે કુવૈત અને બહેરીન જેવા ખાડી દેશો પણ આવી ગયા છે. મંગળવારે મોડી રાત્રે શરૂ થયેલી આ સૈન્ય કાર્યવાહી બુધવાર સવાર સુધી યથાવત રહેતા સમગ્ર વિસ્તારમાં દહેશતનો માહોલ ફેલાયો છે.

મળતી માહિતી મુજબ, અમેરિકાએ ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈના અંતિમ સંસ્કારની વિધિ ચાલી રહી હતી ત્યારે જ ઈરાન પર મોટા પાયે હવાઈ હુમલા કર્યા. અમેરિકી સેનાએ ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) ના ૮૦થી વધુ મુખ્ય સૈન્ય મથકોને નિશાન બનાવ્યા હતા. આ હુમલામાં ઈરાનની એર ડિફેન્સ સિસ્ટમ, કમાન્ડ સેન્ટર, કોસ્ટલ રડાર સ્ટેશન અને હાઈ-સ્પીડ બોટ્સ સહિત અનેક મહત્વના લશ્કરી ઠેકાણાઓને ભારે નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. બંદર અબ્બાસ અને સીરિક જેવા વ્યૂહાત્મક વિસ્તારોમાં પણ અમેરિકાની આ આક્રમક કાર્યવાહીની અસર જોવા મળી છે.

### કુવૈત પર ઈરાનનો ડ્રોન-મિસાઈલ હુમલો

આ યુદ્ધના પ્રત્યાઘાતો કુવૈત પર પણ પડ્યા છે. ઈરાને કુવૈતને નિશાન બનાવીને અનેક ડ્રોન અને મિસાઈલો છોડી છે, જેની પુષ્ટિ કુવૈતની સેનાએ સત્તાવાર રીતે કરી છે. કુવૈતી સેનાના જનરલ સ્ટાફના જણાવ્યા અનુસાર, દેશની એર ડિફેન્સ સિસ્ટમ સક્રિય મોડ પર છે અને હવામાં જ દુશ્મન દેશના ડ્રોન અને મિસાઈલોને તોડી પાડવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આકાશમાં થતા ભયાનક ધડાકાઓ વચ્ચે નાગરિકોને ગભરાવાને બદલે સુરક્ષિત સ્થળોએ આશરો લેવા માટે સરકાર તરફથી તાકીદ કરવામાં આવી છે.

### બહેરીનમાં કટોકટી અને સાયરનનો અવાજ

સંઘર્ષની ગંભીરતાને જોતા બહેરીનના ગૃહ મંત્રાલયે સમગ્ર દેશમાં તાત્કાલિક અસરથી કટોકટીની ચેતવણી જાહેર કરી છે. દેશભરમાં ઈમરજન્સી સાયરન વગાડવામાં આવ્યા છે. મંત્રાલયે નાગરિકો અને પ્રવાસીઓને કોઈપણ પ્રકારના વિલંબ વિના નજીકના સુરક્ષિત આશ્રયસ્થાનોમાં ખસી જવા આદેશ આપ્યો છે. બહેરીનમાં સુરક્ષા એજન્સીઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે અને લોકોની સલામતી માટે સુરક્ષા એડવાઈઝરી જારી કરવામાં આવી છે.


મિડલ ઈસ્ટમાં આ તણાવ હવે કઈ દિશામાં જશે તે કહેવું અત્યારે મુશ્કેલ છે. ઈરાનના મિલિટરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર થયેલા આટલા મોટા હુમલા બાદ હવે ઈરાન વધુ કોઈ આક્રમક પગલાં લેશે કે કેમ, તે અંગે વિશ્વભરની નજર મંડાયેલી છે. હાલ તો ખાડી દેશોમાં સૈન્ય દળો તૈનાત છે અને સ્થિતિ પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે. નાગરિકોની સુરક્ષા માટે રેસ્ક્યૂ ઓપરેશન અને આશ્રયસ્થાનોને સજ્જ કરી દેવામાં આવ્યા છે.

### અફવાઓથી દૂર રહેવા તંત્રની અપીલ

યુદ્ધ જેવી સ્થિતિમાં સોશિયલ મીડિયા પર અનેક પ્રકારની અફવાઓ વહેતી થઈ રહી છે, જેને લઈને બહેરીન અને કુવૈતના ગૃહ મંત્રાલયે જનતાને સાવચેત રહેવા જણાવ્યું છે. નાગરિકોને વિનંતી કરવામાં આવી છે કે તેઓ માત્ર સત્તાવાર સરકારી માધ્યમો કે અધિકૃત સમાચાર સંસ્થાઓ દ્વારા આવતી માહિતી પર જ ભરોસો રાખે. હાલમાં કોઈ પણ પ્રકારની ખોટી માહિતી ફેલાવવાથી લોકોમાં ડર વધી શકે છે, તેથી શાંતિ જાળવી રાખવી અત્યંત આવશ્યક છે.

## ન્યૂઝ બ્રીફ

### લૉરેન્સ ગેંગ પર અમેરિકન એજન્સીનો મોટો પ્રહાર



નવી દિલ્હી/કેલિફોર્નિયા | ભારતની જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ અને તેના ગુંડાઓનું નેટવર્ક હવે વૈશ્વિક સ્તરે મુશ્કેલીમાં મુકાયું છે. અમેરિકાના ન્યાય વિભાગ અને એફબીઆઈ દ્વારા 'ઓપરેશન હાર્ડ બોલ' હેઠળ ભારતીય સંગઠિત ગુનાહિત જૂથો સામે અત્યાર સુધીનું સૌથી મોટું આંતરરાષ્ટ્રીય અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ સંયુક્ત કાર્યવાહીમાં કેલિફોર્નિયા, કેનેડા અને સ્પેન જેવા દેશોમાં ૫૦ થી વધુ સર્ચ વોરંટ બજાવીને ૨૪ રીઢા ગુનેગારોની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ૧૦ આરોપીઓ હજુ પણ પોલીસ પકડથી દૂર છે. અમેરિકી ફેડરલ ચાર્જશીટમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. ભારતીય જેલમાં બંધ રહીને પણ લોરેન્સ બિશ્નોઈ ગેરકાયદેસર મોબાઈલ અને એન્ક્રિપ્ટેડ એપ્સના માધ્યમથી પોતાનું સામ્રાજ્ય ચલાવતો હતો. આ સિન્ડિકેટમાં ઉત્તર અમેરિકાનો મુખ્ય સાગરિત ગોલ્ડી બ્રાર અને યુરોપનો ઓપરેશનલ હેડ રોહિત ગોદારા અત્યંત સક્રિય હતા. આ ટોળકી મુખ્યત્વે વિદેશમાં સ્થાયી થયેલા ભારતીય વેપારીઓને ડરાવીને લાખો ડોલરની ખંડણી વસૂલતી હતી.

### પીએમ મોદીની યોજનાઓ પર ઈન્ડોનેશિયા ફિદા



જકાર્તા | વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલ ઈન્ડોનેશિયાના રાજકીય પ્રવાસે છે, જ્યાં તેમની લોકપ્રિયતા અને વિકાસલક્ષી અભિગમની ચર્ચાએ જોર પકડ્યું છે. મંગળવારે જકાર્તામાં ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો દ્વારા વડાપ્રધાન મોદીના સન્માનમાં આયોજિત ભોજન સમારોહમાં એક મનોરંજક અને પ્રશંસનીય દ્રશ્ય જોવા મળ્યું હતું. રાષ્ટ્રપતિ સુબિયાંતોએ મજાકિયા અંદાજમાં સ્વીકાર્યું કે તેઓ પીએમ મોદીના કાર્યક્રમો અને યોજનાઓની નકલ કરે છે. ભોજન સમારોહ દરમિયાન રાષ્ટ્રપતિ સુબિયાંતોએ પીએમ મોદીની બાજુમાં બેસીને કહ્યું, "મને એ વાતની ઘણી ખુશી છે કે પીએમ મોદીની યોજનાઓ પર કોઈ કોપીરાઈટ નથી." આ ટિપ્પણી સાંભળીને સમારોહમાં હાજર તમામ મહાનુભાવો ખડખડાટ હસી પડ્યા હતા. સુબિયાંતોએ ગંભીરતાપૂર્વક ઉમેર્યું કે ભારત અને ઈન્ડોનેશિયાના વિકાસલક્ષી પડકારો સમાન છે. તેમણે કહ્યું કે, "મેં તમારા કાર્યકાળ અને કાર્યોને લાંબા સમયથી નિહાળ્યા છે.

## ભૂસ્ખલનનું તાંડવ અને રેસ્ક્યૂ ઓપરેશન

# ચીનમાં ભૂસ્ખલન થતાં 21 લોકોના દર્દનાક મોત, પૂર બાદ રહેણાંક વિસ્તારમાં સાપનો આતંક

(એજન્સી) લોંગનાન । તા. 08





ચીનમાં કુદરતી આફતોનો કહેર દિવસેને દિવસે વધી રહ્યો છે. ઉત્તર-પશ્ચિમ ચીનના ગાન્સુ પ્રાંતમાં થયેલા ભીષણ ભૂસ્ખલને ભારે તબાહી મચાવી છે, જેમાં ૨૧ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. બીજી તરફ, ગુઆંગ્શી વિસ્તારમાં પૂરના પાણીને કારણે સર્જાયેલી સ્થિતિ વધુ વિકરાળ બની છે, જ્યાં સ્નેક ફાર્મમાંથી છૂટેલા ૮૦૦થી વધુ ખતરનાક સાપ રહેણાંક વિસ્તારોમાં ઘૂસી જતાં લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો છે.

મીડિયા અહેવાલ મુજબ, ગાન્સુ પ્રાંતના લોંગનાન શહેરમાં મંગળવારે સવારે લગભગ ૭:૦૦ વાગ્યે અચાનક પહાડો ધસી પડ્યા હતા. કાટમાળ નીચે ૩૩ લોકો દબાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ વહીવટીતંત્ર દ્વારા તાત્કાલિક યુદ્ધના ધોરણે બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. બુધવાર સવાર સુધી ચાલેલા સઘન રેસ્ક્યૂ ઓપરેશન બાદ તમામ ૩૩ લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા, પરંતુ તેમાંથી ૨૧ લોકોના કમનસીબે મોત નીપજ્યા હતા. હાલમાં ૭ ઈજાગ્રસ્ત લોકો સારવાર હેઠળ છે, જ્યારે ૫ લોકો ચમત્કારિક રીતે સુરક્ષિત બચી ગયા છે. સ્થાનિક સ્તરે આ ઘટનાને લઈને ઘેરો શોક વ્યાપી ગયો છે.

### તપાસનો વિષય અને આશ્ચર્યજનક સ્થિતિ

ભૂસ્ખલન પાછળના કારણો હજુ સુધી સ્પષ્ટ થયા નથી. ચોંકાવનારી વાત એ છે કે, જે સમયે આ દુર્ઘટના ઘટી ત્યારે આકાશ એકદમ સાફ હતું અને ક્યાંય પણ વરસાદનું નામનિશાન નહોતું. સરકારી સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી તસવીરોમાં તડકો ખીલેલો જોવા મળે છે, છતાં પહાડ અચાનક તૂટી પડ્યો. હાલમાં વહીવટી તંત્ર આ આકસ્મિક ભૂસ્ખલન પાછળના કારણોની ઊંડાણપૂર્વક તપાસ કરી રહ્યું છે.

ચીન એક તરફ ભૂસ્ખલનની પીડા ભોગવી રહ્યું છે, તો બીજી તરફ ગુઆંગ્શી વિસ્તારમાં પૂરના પાણીએ નવો ખતરો ઊભો કર્યો છે. ટાયફૂન 'માયસેક'ના કારણે આવેલા પૂરથી હેંગઝોઉ ગામમાં આવેલું એક સ્નેક ફાર્મ સંપૂર્ણપણે જળમગ્ન થઈ ગયું હતું. આ કુદરતી આફતને કારણે ફાર્મમાં પાળવામાં આવેલા ૮૦૦થી વધુ ખતરનાક સાપ પાણી સાથે તણાઈને આસપાસના રહેણાંક વિસ્તારોમાં ફેલાઈ ગયા છે.

### તંત્ર માટે બેવડું પડકાર

સ્થાનિક વહીવટીતંત્ર માટે હાલમાં પૂર રાહત અને સાપના આતંક એમ બેવડા પડકારો સામે લડવું મુશ્કેલ બની રહ્યું છે. ઘરોમાં સાપ ઘૂસી આવવાને કારણે ગ્રામીણજનો જીવના જોખમે રહેવા મજબૂર બન્યા છે. મીડિયા અહેવાલ અનુસાર, વહીવટીતંત્ર હવે સાપને પકડવા માટે ખાસ ટુકડીઓ કામે લગાડી રહ્યું છે જેથી કોઈ જાનહાનિ ન થાય.

### સ્થાનિક લોકોમાં ફફડાટ

ચીનના વિવિધ પ્રાંતોમાં કુદરતી આફતોનો આ સિલસિલો થંભવાનું નામ નથી લઈ રહ્યો. એક તરફ કુદરતી કાટમાળ નીચે દબાયેલા જીવ અને બીજી તરફ ઝેરી સાપનો ડર - આ પરિસ્થિતિએ સ્થાનિક લોકોને લાચાર બનાવી દીધા છે. અત્યારે સમગ્ર વિસ્તારમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે અને નાગરિકોને ઘરની બહાર ન નીકળવા સૂચના આપવામાં આવી છે. સરકાર દ્વારા આ બંને ઘટનાઓની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક ધોરણે તમામ સુવિધાઓ પૂરી પાડવાની ખાતરી આપવામાં આવી છે.

# દુનિયાનું ટેન્શન ફરી વધ્યું, ઈરાન પર હુમલા, હાઈ એલર્ટ જાહેર કરાયું તંત્ર

(એજન્સી) હોર્મુઝ સ્ટ્રેટ । તા. 08

પશ્ચિમ એશિયામાં ફરી એકવાર યુદ્ધના વાદળો ઘેરાયા છે, જેના કારણે વિશ્વભરમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. હોર્મુઝ સ્ટ્રેટમાં ત્રણ કોમર્શિયલ જહાજો પર થયેલા હુમલા બાદ અમેરિકાએ ઈરાનના દક્ષિણ વિસ્તારો પર આકરો સૈન્ય પ્રહાર કર્યો છે. ગયા મહિને બંને દેશો વચ્ચે થયેલા અસ્થાયી યુદ્ધવિરામ બાદ આ પહેલી એવી મોટી ઘટના છે, જેણે શાંતિની આશાઓ પર પાણી ફેરવી દીધું છે.

અમેરિકન સેના દ્વારા કરવામાં આવેલી આ જવાબી કાર્યવાહી બાદ સમગ્ર દરિયાઈ વિસ્તાર રણમેદાનમાં ફેરવાઈ ગયો છે. ઈરાનના સરકારી મીડિયા અહેવાલ મુજબ, દક્ષિણ ઈરાનના મુખ્ય શહેરો બંદર અબ્બાસ, કેશ્મ અને સીરિકમાં જોરદાર વિસ્ફોટો સંભળાયા હતા. સીરિકના કોમર્શિયલ પોર્ટ પર એક પ્રોજેક્ટાઈલ પડવાથી અનેક લોકો ઘાયલ થયા હોવાના સમાચાર છે, જેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ હુમલાએ ઈરાનની સુરક્ષા વ્યવસ્થાને મોટો ફટકો માર્યો છે.

### દરિયાઈ માર્ગ માટે ગંભીર ચેતવણી

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, અમેરિકન નૌસેનાના નેતૃત્વ હેઠળના જોઈન્ટ મેરિટાઈમ ઈન્ફોર્મેશન સેન્ટર (JMIC) એ હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો માટે ખતરાનું સ્તર 'સીવિયર' (ગંભીર) જાહેર કર્યું છે. ૧૫ જૂન બાદ પ્રથમ વખત આટલું ઉચ્ચ સ્તરનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. એજન્સીએ ચેતવણી આપી છે કે આગામી દિવસોમાં દરિયાઈ વિસ્તારમાં નૌસૈનિક ગતિવિધિઓમાં નોંધપાત્ર વધારો થશે. સાથે જ જહાજોની તપાસ પ્રક્રિયા પણ વધુ કડક બનાવવામાં આવશે.

# ભારત-ઈન્ડોનેશિયા વચ્ચે બ્રહ્મોસ માટે મોટો કરાર, સંરક્ષણ અને વેપાર સહિત 14 કરાર

(એજન્સી) જકાર્તા । તા. 08




વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ત્રણ દિવસીય ઐતિહાસિક પ્રવાસ દરમિયાન ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેના સંબંધોએ નવી ઊંચાઈ સ્પર્શી છે. મંગળવારે બંને દેશોએ સંરક્ષણ ક્ષેત્રમાં મોટી સિદ્ધિ મેળવતા ૬૦ કરોડ ડોલરના સંરક્ષણ કરારો પર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર હેઠળ ભારત ઈન્ડોનેશિયાને સ્વદેશી બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલ અને અસ્ત્ર મિસાઈલ પૂરી પાડશે. આ સોદો બંને દેશો વચ્ચેની વધતી જતી વ્યૂહાત્મક ભાગીદારીનું પ્રતીક માનવામાં આવી રહ્યો છે.

### સર્વોચ્ચ સન્માન અને દ્વિપક્ષીય સંબંધો

પ્રવાસના પ્રથમ તબક્કે પહોંચેલા વડાપ્રધાન મોદીને ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો દ્વારા દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન 'બિઅંતા અદિપૂર્ણા'થી નવાજવામાં આવ્યા હતા. વૈશ્વિક સ્તરે વડાપ્રધાન મોદીને મળેલું આ ૩૪મું સન્માન છે. બંને નેતાઓએ સંયુક્ત બેઠકમાં ભારતની 'એક્ટ ઈસ્ટ' નીતિ અને મહાસાગર વિઝન હેઠળ હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં શાંતિ અને સુરક્ષા સુનિશ્ચિત કરવા અંગે ચર્ચા કરી હતી.

### રણનીતિક અને ટેકનિકલ સહયોગ

સંરક્ષણ ઉપરાંત શિક્ષણ અને ટેકનોલોજીના ક્ષેત્રમાં પણ મોટી સમજૂતીઓ થઈ છે. ભારતના પ્રતિષ્ઠિત આઈઆઈટી અને આઈઆઈએમ સંસ્થાનો હવે ઈન્ડોનેશિયામાં પોતાના કેમ્પસ સ્થાપશે. આ સાથે જ, ભારત ઈન્ડોનેશિયાની ચૂંટણી પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવા માટે વિશેષ ઈવીએમ વિકસાવવામાં ટેકનિકલ સહાય પૂરી પાડશે. ડિજિટલ પેમેન્ટ ક્ષેત્રે પણ મોટી ક્રાંતિ જોવા મળશે, જેમાં ભારતના યુપીઆઈ અને ઈન્ડોનેશિયાના ક્યુઆરઆઈએસ વચ્ચે જોડાણ કરવામાં આવશે. આનાથી ભારતીય પ્રવાસીઓ બાલી જેવા પર્યટન સ્થળો પર સરળતાથી ડિજિટલ ચૂકવણી કરી શકશે.

### સમુદ્રી સુરક્ષા અને વેપાર

હિન્દ-પ્રશાંત મહાસાગરમાં ચીનના વધતા પ્રભુત્વને રોકવા માટે બંને દેશોએ સબાંગ બંદરના સંયુક્ત વિકાસ પર સહમતિ સાધી છે. આ ઉપરાંત, બંને દેશના કોસ્ટગાર્ડ સમુદ્રી નિરીક્ષણ, રિસર્ચ અને રેસ્ક્યુ અભિયાન માટે સંયુક્ત રીતે કામ કરશે. મધ્ય પૂર્વ અને એશિયા વચ્ચેના વેપાર માર્ગ તરીકે જાણીતી સ્ટ્રેટ ઓફ મલક્કા પર સુરક્ષા વધારવા માટેનો આ નિર્ણય અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

**પ્રતિબંધ** સાયબર ફ્રોડનો ડર સર્જાયો, મેટાની મુશ્કેલીમાં થયો વધારો

# વોટ્સએપ યુઝરનેમ ફિચર પર પ્રતિબંધનો ખતરો

(એજન્સી) નવી દિલ્હી । તા. 08




મેટા કંપની દ્વારા રજૂ કરવામાં આવેલા વોટ્સએપના નવા 'યુઝરનેમ' ફિચર સામે વિશ્વભરમાં વિરોધના વંટોળ ઊભા થયા છે. ભારત સરકાર બાદ હવે સોમાલિયાએ પણ આ ફિચરની સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર સવાલો ઉઠાવતા મેટાની મુશ્કેલીઓમાં મોટો વધારો થયો છે. પ્રાઈવસી વધારવાના બહાને લાવવામાં આવેલું આ ફિચર હવે ગુનેગારો માટે સુરક્ષિત આશ્રયસ્થાન બની શકે તેવી દહેશત સરકારો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.

વોટ્સએપના આ નવા ફિચર હેઠળ, યુઝર્સ મોબાઈલ નંબર શેર કર્યા વગર માત્ર એક યુનિક યુઝરનેમ દ્વારા એકબીજા સાથે સંપર્ક કરી શકશે. મેટા કંપનીનો દાવો છે કે આનાથી પ્રાઈવસીમાં વધારો થશે અને યુઝર્સે દરેક વ્યક્તિને પોતાનો પર્સનલ નંબર આપવાની જરૂર નહીં રહે. જોકે, સરકારોનું માનવું છે કે આ ટેકનોલોજીનો દુરુપયોગ કરીને સાયબર ઠગો બેંકિંગ ફ્રોડ, સરકારી વિભાગોની નકલ કરીને છેતરપિંડી અને અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સરળતાથી કરી શકશે.

### સોમાલિયા અને ભારતની ચિંતા

ભારત સરકાર આ મુદ્દે ખૂબ જ કડક વલણ અપનાવી રહી છે. સરકારને ડર છે કે જો મોબાઈલ નંબરની ઓળખ છુપાઈ જશે, તો તપાસ એજન્સીઓ માટે શંકાસ્પદ એકાઉન્ટ ધરાવતા ગુનેગારો સુધી પહોંચવું અશક્ય બની જશે. ભારત બાદ હવે સોમાલિયા દેશે પણ આ જ મુદ્દે વાંધો નોંધાવ્યો છે. સોમાલિયાનું કહેવું છે કે તપાસ એજન્સીઓની કાર્યક્ષમતા પર આ ફિચર સીધી અસર કરશે અને ગુનેગારોને પકડવા માટે કોઈ ડિજિટલ પુરાવા નહીં મળે.

### મેટાને 9 જુલાઈ સુધીનો અલ્ટીમેટમ

આ સમગ્ર વિવાદને પગલે ભારત સરકારે વોટ્સએપને ફિચરના લોન્ચિંગ પર તાત્કાલિક રોક લગાવવા નિર્દેશ આપ્યો છે. મેટા કંપનીએ સરકાર સમક્ષ પોતાનો પક્ષ રજૂ કરવા માટે વધારાનો સમય માંગ્યો હતો, જેના પગલે સરકારે કંપનીને ૯ જુલાઈ સુધીની મહોલત આપી છે. હવે મેટાએ લેખિતમાં જવાબ આપવો પડશે કે તેઓ સાયબર ફ્રોડને રોકવા માટે કયા પ્રકારની ટેકનિકલ સુરક્ષા વ્યવસ્થા ગોઠવશે.

માત્ર વોટ્સએપ જ નહીં, પરંતુ ટેલિગ્રામ અને સિગ્નલ જેવી એપ્લિકેશન્સ પણ હવે સરકારના રડારમાં છે. સરકાર દ્વારા આ તમામ પ્લેટફોર્મ્સને નોટિસ પાઠવવામાં આવી છે.

# હોર્મુઝની ખાડીમાં ઈરાનનો ત્રણ ટેન્કર પર હુમલો

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

વિશ્વના સૌથી વ્યસ્ત દરિયાઈ માર્ગ ગણાતા હોર્મુઝની ખાડીમાં તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ઈરાન દ્વારા ત્રણ અલગ-અલગ ટેન્કરો પર ડ્રોન હુમલા કરવામાં આવ્યા હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. આ ઘટનાક્રમ ત્યારે બન્યો છે જ્યારે દેશમાં ખામેનેઈની અંતિમવિધિની પ્રક્રિયા ચાલી રહી છે. યુકે મેરીટાઈમ એજન્સીએ આ હુમલાની પુષ્ટિ કરતા તેને આંતરરાષ્ટ્રીય સુરક્ષા માટે ગંભીર ખતરો ગણાવ્યો છે.

યુકેએમટીઓના અહેવાલ મુજબ, હોર્મુઝની ખાડીમાંથી પસાર થઈ રહેલા કતારના ટેન્કર 'અલ રક્યાત' ને નિશાન બનાવવામાં આવ્યું હતું. અજાણ્યા સ્થળેથી આવેલા ડ્રોન દ્વારા કરાયેલા આ હુમલામાં ટેન્કરને આંશિક નુકસાન પહોંચ્યું છે, પરંતુ સદભાગ્યે કોઈ જાનહાનિના અહેવાલ નથી. આ પહેલા પણ ઓમાનના કિનારા નજીક એક ટેન્કર પર ડ્રોન હુમલો થયો હતો, જેમાં આગ લાગવાની ઘટના બની હતી. સતત ૨૪ કલાકમાં આ ત્રીજો હુમલો હોવાનું સામે આવતા આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

### આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન

કતારના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માજેદ અલ અન્સારીએ આ હુમલાની આકરી ટીકા કરી છે. તેમણે જણાવ્યું હતું કે, કતારના ટેન્કરને નિશાન બનાવવું એ આંતરરાષ્ટ્રીય નેવિગેશન અને વૈશ્વિક ઉર્જા સુરક્ષા પર સીધો હુમલો છે. કતારે સ્પષ્ટપણે ઈરાનને આ કાર્યવાહી માટે જવાબદાર ઠેરવ્યું છે અને તેને આંતરરાષ્ટ્રીય કાયદાનો ગંભીર ભંગ ગણાવ્યો છે.

# મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને ડીસા ખાતે જિલ્લા કક્ષાનો રોજગાર ભરતીમેળો યોજાયો


પાલનપુર | જિલ્લા રોજગાર કચેરી, પાલનપુર (બનાસકાંઠા) દ્વારા શ્રી જી.જી. માળી વિદ્યાસંકુલ, કાંટ રોડ (અજાપુરા), ડીસા ખાતે જિલ્લા કક્ષાના રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ તથા વાહનવ્યવહાર રાજ્ય કક્ષાના મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ ભરતીમેળામાં ૪૦થી વધુ નોકરીદાતા સંસ્થાઓ ઉપસ્થિત રહી ૧,૭૦૦થી વધુ ખાલી જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરી હતી.

આ પ્રસંગે રાજ્ય કક્ષાના મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, રોજગાર મેળા દ્વારા મળતી તકનો યુવાનોએ શ્રેષ્ઠ ઉપયોગ કરી નોકરીદાતાઓનો આભાર માનવો જોઈએ. કારકિર્દીની શરૂઆતમાં મુશ્કેલીઓ અને પડકારો આવે તો તેનાથી ગભરાવાની જરૂર નથી, પરંતુ દરેક પડકારમાંથી અનુભવ મેળવી મહેનત, સકારાત્મક અભિગમ, હાસ્યભાવ અને દેવતત્વની ભાવના સાથે આગળ વધવું જોઈએ.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, મુશ્કેલીઓ વિના કોઈ વ્યક્તિ મજબૂત બની શકતો નથી. કંપનીનો વિકાસ એટલે કર્મચારીનો પણ વિકાસ હોવાથી સતત પોતાની જાતને અપગ્રેડ કરતા રહેવું જરૂરી છે અને હોશિયારીનો કોઈ તોડ હોતો નથી.

# NFR એ ABSS હેઠળ ઐતિહાસિક હલ્દીબારી રેલ્વે સ્ટેશનનો પુનઃવિકાસ પૂર્ણ કર્યો

માલીગાંવ | ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેએ અમૃત ભારત સ્ટેશન યોજના (ABSS) હેઠળ પશ્ચિમ બંગાળમાં હલ્દીબારી રેલ્વે સ્ટેશનનો સફળતાપૂર્વક પુનઃવિકાસ કર્યો છે, જેનાથી સ્ટેશનને આધુનિક, સુલભ અને મુસાફરો માટે અનુકૂળ પરિવહન કેન્દ્રમાં રૂપાંતરિત કરવામાં આવ્યું છે અને સાથે સાથે તેના પ્રાદેશિક વારસાને પણ જાળવી રાખવામાં આવ્યો છે.ઉત્તર બંગાળના સૌથી જૂના રેલ્વે સ્ટેશનોમાંનું એક, હલ્દીબારી ઐતિહાસિક રીતે પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારતને જોડતા એક મહત્વપૂર્ણ પ્રવેશદ્વાર તરીકે સેવા આપી છે. મૂળ 1878 માં કાર્યરત, 2020 માં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે હલ્દીબારી - ચિલાહાટી રેલ લિંક ફરીથી ખોલવા સાથે સ્ટેશને ફરીથી વ્યૂહાત્મક મહત્વ મેળવ્યું, જેનાથી પ્રાદેશિક જોડાણ અને સરહદ પાર વેપાર મજબૂત બન્યો. માર્ચ 2026 માં પૂર્ણ થયેલા પુનર્વિકાસના કાર્યોમાં સ્ટેશન બિલ્ડીંગ અને વેઈટિંગ હોલનું નવીનીકરણ,



શૌચાલયોનું આધુનિકીકરણ, નવા 12-મીટર પહોળા ફૂટ ઓવર બ્રિજનું નિર્માણ, વધારાના પ્લેટફોર્મ આશ્રયસ્થાનો, ગ્રેનાઈટ અને કોટા પથ્થરથી પ્લેટફોર્મનું રિસરફેસિંગ, બે લિફ્ટની સ્થાપના, સુધારેલ ડ્રેનેજ અને પાર્કિંગ સુવિધાઓ સાથે વિશાળ પરિભ્રમણ વિસ્તારનો વિકાસ, ગ્રેફિટી આર્ટ દ્વારા ફ્રન્ટ એન્હાન્સમેન્ટ, લેન્ડસ્કેપિંગ અને બ્યુટીફિકેશનનો સમાવેશ થાય છે. દિવ્યાંગજન-મૈત્રીપૂર્ણ સુવિધાઓ જેમ કે રેમ્પ, ટેક્ટાઈલ પાથવે, સુલભ શૌચાલય, સુધારેલ સાઈનેજ અને અપગ્રેડ કરેલ મુસાફરોની માહિતી પ્રણાલીઓ દ્વારા મુસાફરોની સુવિધા અને સમાવેશ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. કાર્યકારી કાર્યક્ષમતા અને મુસાફરોની સલામતી વધારવા માટે આધુનિક ટેલિકોમ અને સુરક્ષા માળખાગત સુવિધાઓ પણ સ્થાપિત કરવામાં આવી છે. પુનર્વિકરણ દ્વારા સ્ટેશનના પ્રવેશદ્વાર પર ભીડ, અપૂરતી પાર્કિંગ, પાણી ભરાવું અને વૃદ્ધ માળખાગત સુવિધાઓ જેવા લાંબા સમયથી ચાલતા પડકારોનો સામનો કરવામાં આવ્યો છે. એક નવો પ્રવેશ મંડપ, બહેતર ટ્રાફિક પરિભ્રમણ, વિસ્તૃત રાહ જોવાના વિસ્તારો, મોડ્યુલર શૌચાલય સુવિધાઓ, સુધારેલ લાઈટિંગ અને ઉન્નત પ્લેટફોર્મ સુવિધાઓ હવે મુસાફરોને સુરક્ષિત, સ્વચ્છ અને વધુ આરામદાયક મુસાફરીનો અનુભવ પ્રદાન કરે છે.

# દિવ્યાંગ કલ્યાણ યોજનાઓ માટે વર્ષ 2026-27થી UDID અથવા એનરોલમેન્ટ નંબર ફરજિયાત

પાલનપુર | ગુજરાત સરકારશ્રી દ્વારા દિવ્યાંગજનોના વ્યાપક હિતને ધ્યાને લઈ વર્ષ ૨૦૨૬-૨૭થી રાજ્યની તમામ દિવ્યાંગ કલ્યાણ યોજનાઓનો લાભ મેળવવા માટે યુનિક ડિસેબિલિટી આઈડી (UDID) અથવા તેનો એનરોલમેન્ટ નંબર ફરજિયાત કરવામાં આવ્યો છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ યોજનાઓનો લાભ માત્ર પાત્ર અને સાચા લાભાર્થીઓ સુધી પારદર્શક રીતે પહોંચે તેમજ કોઈપણ વ્યક્તિ દ્વારા ખોટો લાભ લેવામાં ન આવે તે સુનિશ્ચિત કરવાનો છે.

આ સંદર્ભે બનાસકાંઠા જિલ્લામાં જે દિવ્યાંગજનોએ હજુ સુધી યુનિક ડિસેબિલિટી આઈડી (UDID) માટે નોંધણી કરાવી નવીન દિવ્યાંગતા પ્રમાણપત્ર મેળવ્યું નથી અથવા જેમના અગાઉના દિવ્યાંગતા પ્રમાણપત્રની મુદત પૂર્ણ થઈ ગઈ છે, તેઓ કોઈપણ યોજનાકીય લાભથી વંચિત ન રહે તે માટે જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલના માર્ગદર્શન હેઠળ આગામી સમયમાં 'દિવ્યાંગ સેવા સેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત એક જ સ્થળેથી UDID નોંધણી અને નવીન દિવ્યાંગતા પ્રમાણપત્રની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

બાકી રહેલા લાભાર્થીઓની માહિતી મેળવવાના હેતુથી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ગૂગલ ફોર્મ તૈયાર કરવામાં આવ્યું છે.

## News Brief

### ડોંબિવલી હોસ્પિટલ વિવાદમાં સંજય રાઉતનો સીએમ પર પ્રહાર

મુંબઈ: કલ્યાણ-ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશન (કેડીએમસી) હોસ્પિટલમાં મહિલા ડોક્ટરો અને નર્સો પર થયેલા હુમલાના કેસે મહારાષ્ટ્રના રાજકારણમાં ભારે ગરમાવો પેદા કર્યો છે. શિવસેના (યુબીટી) ના નેતા સંજય રાઉતે રાજ્યના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને આડેહાથ લેતા ગૃહ મંત્રાલયની કામગીરી પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. રાઉતે આ હુમલાને કાયદાના શાસન પર પ્રહાર ગણાવીને દોષિતો સામે કડક કાર્યવાહીની માંગ કરી છે.સંજય રાઉતે ટ્વીટ કરીને કહ્યું કે, "આદરણીય મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસજી, તમે જે ગૃહ મંત્રીનું પદ સંભાળો છો તેની પૂજા કરો! કોરોના કાળમાં લોકોની સેવા કરનાર સફેદ કપડામાં રહેલા તે દેવદૂતો, એટલે કે મહિલા ડોક્ટરો અને નર્સો પર હોસ્પિટલમાં ઘૂસીને માનવીય રીતે હુમલો કરવામાં આવે છે - શું આ જ કાયદાનું શાસન છે?" રાઉતે આરોપીઓને સખત સજા આપવાની માંગ કરતા આકરા શબ્દોમાં પ્રતિક્રિયા આપી હતી.બીજી તરફ, શિવસેનાના કોર્પોરેટર રમેશ મ્હાત્રેએ હુમલાના તમામ આરોપોને નકારી કાઢ્યા છે. તેમણે જણાવ્યું હતું કે સીસીટીવી ફૂટેજમાં જે દેખાય છે તે કેમેરાના એંગલને કારણે છે. મ્હાત્રેના મતે, તેમણે કોઈપણ તબીબી સ્ટાફ પર હાથ ઉઠાવ્યો નથી. તેમણે આરોપ લગાવ્યો કે નર્સ તેમની વાત સાંભળવાને બદલે સતત ફોન પર વાત કરી રહી હતી, તેથી તેમણે માત્ર તેમના હાથ પર ટકોર કરી હતી.

# સિંહ પ્રત્યે સંવેદનશીલતા દાખવવાને બદલે ટોળાંએ ઘેરી લઈ પથ્થરમારો કર્યો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

પાલિતાણાના ગરાજીયામાં સિંહણ દ્વારા માલધારી યુવકનો પગ જૂનાગઢ, તા.૬ પકડી રાખવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સિંહોની હિંસકતા અંગે ચર્ચાઓ જાગી છે પરંતુ વન્ય જીવ નિષ્ણાતો દ્વારા આ ઘટના પાછળનું સત્ય તદ્દન અલગ અને ચોંકાવનારૂ ગણાવાય છે. વાઈલ્ડલાઈફ રિસર્ચર અને ગુજરાત સ્ટેટ લાયન કન્ઝર્વેશન સોસાયટીના આજીવન સભ્ય ડો. જલ્પન રૂપાપરા એ આ ઘટના અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી માનવીય વર્તનને જવાબદાર ઠેરવ્યું છે. પજવણી થવા છતાં પગ પકડી રાખી ઈજા કર્યા વિના છોડી દીધો તે સિંહની ક્રૂરતા નહીં પણ શાલીનતા દર્શાવે છે, ટોળાંની હરકતો નિંદનીય હોવાનો આક્ષેપ..........તેમના જણાવ્યા અનુસાર, સિંહોએ ગામની સીમમાં એક પશુનું મારણ કર્યું હતું અને તેઓ શાંતિપૂર્વક પોતાનો ખોરાક ખાઈ રહ્યા હતા. આ દરમિયાન ગામના લોકોએ સિંહ પ્રત્યે સંવેદનશીલતા દાખવવાને બદલે ટોળાશાહી જેમ સિંહને ચારેય તરફથી ઘેરી લીધો હતો. એટલું જ નહીં સિંહ પર ભારે પથ્થરમારો પણ કરવામાં આવ્યો હતો. જ્યારે કુતરા કે ગાય જેવા સામાન્ય પ્રાણીને પણ ચારેય તરફથી ઘેરી લેવામાં આવે અને તેનો ભાગવાનો કોઈ રસ્તો ન બચે ત્યારે તે સ્વબચાવમાં નાછૂટકે હુમલો કરે છે. આ કિસ્સામાં પણ સિંહણે કોઈ હિંસકતા નહીં પણ માત્ર પોતાના બચાવ માટે નાછૂટકે માણસનો પગ પકડ્યો હતો.

# ગુજરાતના પ્રથમ 'મહા વન કવચ' પ્રોજેક્ટનો ડીસાના ડાવસ ગામેથી પ્રારંભ કરાવતા મંત્રીશ્રી પ્રવીણભાઈ માળી

પાલનપુર | પર્યાવરણ સંરક્ષણને જનઆંદોલનનું સ્વરૂપ આપવા, હરિયાળા ગુજરાતના સંકલ્પને વધુ મજબૂત બનાવવા અને ભાવિ પેઢીને સમૃદ્ધ ગ્રીન કવરનું અમૂલ્ય વારસો અર્પણ કરવાના હેતુથી રાજ્યના વન અને પર્યાવરણ, વાહનવ્યવહાર તથા ક્લાયમેટ ચેન્જ રાજ્યમંત્રી શ્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને ડીસા તાલુકાના ડાવસ ગામે બનાસ નદીના કિનારે ગુજરાતના પ્રથમ અને મહત્ત્વાકાંક્ષી 'મહા વન કવચ' પ્રોજેક્ટનો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો. 'આઓ ધરતી માં કો હમ સજાયે, એક પેડ માં કે નામ લગાયે' થીમ આધારિત 'એક પેડ માં કે નામ-૩.૦' અભિયાન અંતર્ગત શરૂ થયેલો આ પ્રોજેક્ટ રાજ્યમાં વનીકરણ, જૈવવિવિધતા સંરક્ષણ અને આબોહવા પરિવર્તન સામેના પ્રયાસોમાં માઈલસ્ટોન સાબિત થશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવા, સેવા, સમર્પણ અને સુશાસનના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસર તેમજ મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના જન્મદિવસ નિમિત્તે આયોજિત આ કાર્યક્રમમાં લોકભાગીદારીનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. જનપ્રતિનિધિઓ, અધિકારીઓ, વિદ્યાર્થીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, ગ્રામજનો અને મોટી સંખ્યામાં નાગરિકોએ ઉત્સાહપૂર્વક વૃક્ષારોપણમાં ભાગ લઈ પર્યાવરણ સંરક્ષણનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. મંત્રીશ્રી પ્રવીણભાઈ માળી દર વર્ષે પોતાના જન્મદિવસને 'ગ્રીન ડે' તરીકે ઉજવે છે અને વૃક્ષારોપણને લોકચળવળ બનાવવા માટે સતત કાર્યરત રહ્યા છે.આ પ્રસંગે મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, 'મહા વન કવચ' માત્ર વૃક્ષારોપણનો કાર્યક્રમ નથી, પરંતુ ગુજરાતના પર્યાવરણને લાંબા ગાળે સુરક્ષિત બનાવવાનો દૃઢ સંકલ્પ છે. રાજ્યમાં પ્રથમ વખત બનાસકાંઠાના ડાવસ ગામેથી શરૂ થયેલો આ પ્રોજેક્ટ ૧૨૦ એકર વિસ્તારમાં વિકસાવવામાં આવશે, જ્યાં ગુજરાતના વિવિધ ભૌગોલિક અને પર્યાવરણીય ઝોનને પ્રતિબિંબિત કરતાં વિશિષ્ટ વિભાગો ઊભા કરવામાં આવશે. આ પ્રોજેક્ટ ભવિષ્યમાં પર્યાવરણ શિક્ષણ, જૈવવિવિધતા અભ્યાસ, સંશોધન અને ઈકો-ટૂરિઝમનું મહત્વપૂર્ણ કેન્દ્ર બનશે.

# રાજપીપલા નજીક ભદામ ના ગ્રામજનો એ ખાણ ખનીજ ના અધિકારીઓ નો ઘેરાવ કર્યો

રાજપિપલા | ગઈકાલ 7 જુલાઈ 2026 ની સાંજે રાજપીપળા ના ભદામ ગામે ગ્રામજનો અને ખાણ ખનીજ વિભાગ સામસામે આવી ગયા હતા. અને હાઈવોલ્ટેજ દ્રામાં સર્જાયો હતો જે મોદી રાત સુધી ચાલ્યો હતો . પ્રાપ્ત માહિતી મુજબ ભદામ ગામ ની સીમમાંથી પંચાયત ના ઠરાવ સાથે ગામ ના માર્ગો ઉપર પડેલા ખાડા પુરવાનું કામ ચાલી રહ્યું હતું તે દરમિયાન નર્મદા ખાણ ખનીજ વિભાગ ની પેટ્રોલીંગ ટીમ દ્વારા આ મુદ્દે ટ્રેક્ટર રોકી રોયલ્ટીની માંગ કરી હતી, જેમાં ગ્રામપંચાયત ના સરપંચ અને સદસ્યો દ્વારા સદર કામગીરી ગ્રામ પંચાયત ની મંજૂરી થી કરવામાં આવતી હોવાની દલીલો કરી હતી પણ ખનીજ વિભાગ ના રોયલ્ટી ઈન્સ્પેક્ટરે ગ્રામજનોની વાત પર વિચાર્યા વગર રૂ.45,000/- દંડ ઓનલાઈન ફટકારી દેતા ગ્રામજનો રોષે ભરાયા હતા અને દંડ રદ કરવાની માંગ લઈ ખનીજ વિભાગની ગાડી ને ઘેરી લીધી હતી. જેથી ગાડીમાં ચાલક સહિતના ખનિજ વિભાગના અધિકારીએ પોતાની જાતને ગાડીમાજ કેદ કરી લીધી હતી અને ગ્રામજનોના અનુરોધ છતાં તેઓ ગાડી બહાર ઉતર્યા નોહતા, આ ઘટનાક્રમ આશરે 5 થી 6 કલાક સુધી ચાલ્યો હતો, અને ગ્રામજનો ની ભીડ વધતી જતી હતી . આ દરમિયાન મા પોલીસે આવી ને મધ્યસ્થી કરી ગાડીમાં બેઠેલાં ખનીજ વિભાગના અધિકારી સહિતનાઓને ઉગાર્યા હતા.

### તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી પ્રદીપભાઈ પટેલની અધ્યક્ષતામાં વિદાય સમારંભ યોજાયો હતો

કમલેશ પટેલ. સંખેડા

સંખેડાની સમગ્ર શિક્ષા કચેરી ખાતે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી પ્રદીપભાઈ પટેલની અધ્યક્ષતામાં વિદાય સમારંભ યોજાયો હતો. આ કાર્યક્રમમાં BRC વિમલભાઈ પટેલ સહિત ત્રણ અધિકારીઓને જિલ્લા ફેરબદલી થતાં વિદાય આપવામાં આવી હતી.વિદાય લેનારા અધિકારીઓમાં BRC શ્રી વિમલભાઈ પટેલ, દેરોલી CRC શ્રી શૈલિભાઈ પટેલ અને લોટીયા CRC શ્રી મનોજભાઈ પટેલનો સમાવેશ થાય છે. આ અધિકારીઓની જિલ્લા ફેરબદલી થઈ છે. તેમણે સંખેડા તાલુકાનું નામ શૈક્ષણિક અને વહીવટી રીતે જિલ્લા અને રાજ્ય કક્ષાએ રોશન કરવામાં યોગદાન આપ્યું હતું.

# પહેલા જ વરસાદમાં અમરેલી જિલ્લાના ડેમો છલોછલ છલકાઈ ગયા : ૨ ડેમ ઓવરફ્લો, ૫ ડેમમાં ૯૦%થી વધુ પાણીની આવક

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા ભારે વરસાદને કારણે સિંચાઈ વિભાગના ડેમોમાં પાણીની ભારે આવક થઈ છે. જિલ્લાના ૧૦ મુખ્ય ડેમોમાંથી ૨ ડેમ સંપૂર્ણ (૧૦૦%) ભરાઈ ગયા છે, જ્યારે અન્ય ૫ ડેમમાં ૯૦% થી વધુ જળસંગ્રહ નોંધાયો છે. પાણીની સતત આવકને ધ્યાનમાં રાખીને ૬ ડેમમાંથી નિયંત્રિત રીતે પાણી છોડવામાં આવી રહ્યું છે, જેના કારણે શેત્રુંજી નદીમાં ઘોડાપૂર જેવી સ્થિતિ સર્જાઈ છે.

ધાતરવડી-૧ અને સુખભાદર ડેમ: આ બંને ડેમો ૧૦૦% ભરાઈને ઓવરફ્લો થઈ રહ્યા છે. ધાતરવડી-૧ માંથી ૩૬૪ ક્યુસેક અને સુખભાદર ડેમમાંથી ૬૨૨.૯૪ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.ખોડિયાર ડેમ: ડેમમાં ૯૬.૮૩% જળસંગ્રહ થયો છે. તેના ૨ દરવાજા ૦.૧૫ મીટર સુધી ખોલીને ૮૦૦ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે.રાયડી ડેમ: ૯૫.૨૪% ભરાયેલા આ ડેમનો ૧ દરવાજો એક ફૂટ સુધી ખોલીને ૬૪ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ધાતરવડી-૨ ડેમ: ડેમમાં ૯૩.૭૨% પાણી છે અને તેના ૪ દરવાજા ૦.૩૦ મીટર સુધી ખોલીને સૌથી વધુ ૪,૦૮૪ ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે.શેલ-દેદમલ ડેમ: ડેમમાં ૭૮.૪૯% પાણીનો જથ્થો ઉપલબ્ધ છે અને હાલ સ્થિતિ સામાન્ય છે. ઓછો જળસંગ્રહ ધરાવતા ડેમો: જિલ્લાના કેટલાક ડેમોમાં હજુ પાણીની આવક ઓછી છે.

### બોલેરો જીપ ખીણમાં ખાબકી,3 ગંભીર, 12 મુસાફરોને સામાન્ય ઈજા..

ડાંગ | ડાંગ જિલ્લાનાં સુબીર-નવાપુર રાજ્ય ધોરીમાર્ગ પર મોખામાળ ફાટક નજીક બુધવારે બપોરે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો.સુબીર ખાતે ભરાતા સાપ્તાહિક હાટ બજારમાંથી મુસાફરોને લઈ સિંગાણા તરફ જતી બોલેરો જીપની બ્રેક અચાનક નિષ્ફળ જતા વાહન માર્ગની બાજુમાં આવેલી ખીણમાં ખાબક્યુ હતુ.આ અકસ્માતમાં ત્રણ મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચી હતી,જ્યારે અન્ય 12 મુસાફરોને નાની-મોટી ઈજાઓ થઈ હતી. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે સુબીર સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત ત્રણ મુસાફરોને વધુ સારવાર માટે આહવા સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે.

# લાંચિયા સરપંચ એ.સી.બી.ના સકંજામાં: દેવગઢબારીયાના આંકલી ગામના સરપંચ ₹૫૦,૦૦૦ની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા

દિપક રાવલ દાહોદ લીમખેડા

ગુજરાત સરકારના લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (ACB) દ્વારા ભ્રષ્ટાચારીઓ સામે લાલ આંખ કરવામાં આવી છે. દાહોદ જિલ્લાના દેવગઢબારીયા તાલુકાના આંકલી ગામના સરપંચ રમેશભાઈ ભીખાભાઈ બારીયાને ૫૦,૦૦૦ની લાંચ લેતા એ.સી.બી.ની ટીમે રંગેહાથ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઘટનાની વિગતવાર વિગતો: આરોપીનું નામ: રમેશભાઈ ભીખાભાઈ બારીયા (ઉંમર: ૪૮ વર્ષ, વ્યવસાય: ખેતી અને સરપંચ - આંકલી ગામ, તા. દેવગઢબારીયા, જી. દાહોદ) ગુનો બન્યા તારીખ: ૦૮/૦૭/૨૦૨૬ ગુનાનું સ્થળ: દેવગઢબારીયા તાલુકા પંચાયતની સામે, તળાવ પાસે, સમડી સર્કલ તરફ જતા રોડ ઉપર. લાંચની રકમ: ૫૦,૦૦૦/- (જે પૂરેપૂરી રિકવર કરવામાં આવી છે) આ કામના ફરિયાદીના ખેતરમાંથી આજથી આશરે ૧૫ દિવસ પહેલા પોલીસ દ્વારા ઈંગ્લીશ દારૂ પકડવામાં આવ્યો હતો. તે સમયે ફરિયાદી ઘરે હાજર ન હતા. ત્યારબાદ આંકલી ગામના સરપંચ રમેશભાઈ બારીયાએ ફરિયાદીનો વચેટિયા તરીકે સંપર્ક કર્યો હતો. સરપંચે ફરિયાદીને જણાવ્યું કે, 'તારા ખેતરમાંથી પોલીસે દારૂ પકડ્યો છે, તેથી તારે પોલીસને પૈસા આપવા પડશે. જો તારે આ કેસ પૂરો કરવો હોય તો હું તારો કેસ પતાવી આપીશ.' આ કેસ સગેવગે કરવા માટે સરપંચે ૫૦,૦૦૦ની લાંચની માંગણી કરી હતી.

### ચાણસ્મા ડેપોમાં વનીકરણ મજબુત થાય તે માટે ડેપો મેનેજરની ઉપસ્થિતીમાં વૃક્ષારોપણ કરાયું

નિતીન ઠાકર ચાણસ્મા

હાલના સમયમાં પર્યાવરણ અસંતુલિત થઈ રહ્યું છે જેના કારણે ઉનાળામાં ગરમીનું પ્રમાણ જવું ચોમાસામા માં વરસાદની અનિયમીત થઈ જવી શિયાળામાં ઠંડી ઓછી પડવી જેવી ઋતુચક્ર પર વાતાવરણીય અસરો જોવા મળી રહી છે ત્યારે પર્યાવરણને સંતુલિત કરવા માટે વૃક્ષ જ મહત્વનું પરીબળ હોઈ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા અને સરકાર દ્વારા વૃક્ષારોપણના કાર્યક્રમો થકી મજબૂત વનીકરણ કરવા પર સેવાકીય પ્રવૃત્તિઓના ભાગરૂપે કાર્ય કરવામાં આવે છે ત્યારે ચાણસ્મા ડેપો મેનેજર મનિષા ચાવડાની ઉપસ્થિતીમાં ચાણસ્મા ડેપો હરીયાળો ડેપો બને તે માટે વૃક્ષારોપણ અભિયાનના ભાગરૂપે ડેપો ની વધારાની જગ્યામાં અલગ અલગ વૃક્ષોનું વૃક્ષારોપણ કરાયું હતું.

## લગભગ ૫ વર્ષની જેલ બાદ આરોપીઓને મોટી રાહત

# સુકેશ ચંદ્રશેખરના ૨૦૦ કરોડના ખંડણી કેસમાં ૪ ને જામીન

નવી દિલ્હી: સુકેશ ચંદ્રશેખર સાથે જોડાયેલા ૨૦૦ કરોડ રૂપિયાના બહુચર્ચિત ખંડણી કેસમાં દિલ્હી હાઈકોર્ટે ચાર આરોપીઓને મોટી રાહત આપી છે. જસ્ટિસ પ્રતીક જાલને અરુણ મુથુ, કમલેશ કોઠારી, બી. મોહનરાજ અને સુધીરને જામીન આપવાનો આદેશ આપ્યો છે. આ તમામ આરોપીઓને ૨.૫ લાખ રૂપિયાના અંગત મુચરકા અને બે જામીન બોન્ડ પર મુક્ત કરવામાં આવ્યા છે. ૨૦૨૧માં દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા આ કેસ નોંધવામાં આવ્યો હતો.જસ્ટિસ પ્રતીક જાલને તેમના આદેશમાં નોંધ્યું છે કે, આ કેસમાં આરોપીઓની સંખ્યા ૨૪ છે અને સાક્ષીઓની સંખ્યા ૪૦૩ જેટલી મોટી છે. કેસની જટિલતાને જોતા આગામી સમયમાં ટ્રાયલ ઝડપથી પૂર્ણ થવાની શક્યતા ઓછી છે. કોર્ટે માન્યું કે આટલા લાંબા સમય સુધી આરોપીઓને ટ્રાયલ વગર જેલમાં રાખવા ઉચિત નથી. ખાસ કરીને અરુણ મુથુએ પહેલેથી જ લગભગ ૪ વર્ષ અને ૧૦ મહિના જેલમાં વિતાવ્યા છે. કોર્ટે બંધારણની કલમ ૨૧ હેઠળ આરોપીઓના ઝડપી ટ્રાયલના અધિકાર પર પણ ભાર મૂક્યો હતો. આ કેસમાં આરોપીઓની ભૂમિકા અંગે સુનાવણી દરમિયાન દલીલો થઈ હતી. પ્રોસીક્યુશનનો આરોપ હતો કે આ આરોપીઓ સુકેશ ચંદ્રશેખર દ્વારા લીના પોલુસને મોકલવામાં આવેલા નાણાંના વ્યવસ્થાપનમાં સામેલ હતા, જેમાં એકાઉન્ટિંગ એન્ટ્રીઓ, લક્ઝરી કારની ખરીદી અને ફિલ્મ પ્રોડક્શનનો સમાવેશ થતો હતો. જોકે, હાઈકોર્ટે નોંધ્યું હતું કે આરોપીઓ સીધી રીતે ખંડણીના કૃત્યોમાં સામેલ હોવાના કોઈ નક્કર પુરાવા પ્રાથમિક દ્રષ્ટિએ જણાતા નથી. તેમની ભૂમિકા માત્ર આર્થિક વ્યવહારો અને વ્યવસ્થાપન પૂરતી મર્યાદિત હતી. હાઈકોર્ટે જામીન આપતી વખતે યુએપીએ, પીએમએલએ અને એમસીઓસીએ જેવા ખાસ કાયદાઓ હેઠળ જામીન આપવામાં આવતી કાનૂની મર્યાદાઓ અને વ્યક્તિના બંધારણીય અધિકારો વચ્ચેના સંતુલન પર ચર્ચા કરી હતી. કોર્ટે જણાવ્યું હતું કે દરેક કેસના ગુણદોષને આધારે નિર્ણય લેવો જરૂરી છે, ખાસ કરીને જ્યારે ટ્રાયલમાં ઘણો વિલંબ થતો હોય.આ કેસમાં આરોપીઓના વકીલોએ દલીલ કરી હતી કે ચાર્જશીટ ૧૦,૦૦૦ પાનાથી વધુ લાંબી છે અને નવા આરોપીઓની ધરપકડ થવાને કારણે સપ્લીમેન્ટ્રી ચાર્જશીટ પણ દાખલ કરવી પડી શકે છે, જે ટ્રાયલને વધુ લાંબી બનાવશે.

## ડોંબિવલી હોસ્પિટલ વિવાદમાં નવો વળાંક આવ્યો

# ડોંબિવલીમાં મેડિકલ સ્ટાફ પર હુમલાનો કેસ સંપૂર્ણપણે ખોટો

ડોંબિવલી: મહારાષ્ટ્રના ડોંબિવલીમાં કલ્યાણ-ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશન (કેડીએમસી) હોસ્પિટલમાં મેડિકલ સ્ટાફ સાથેની ઝપાઝપીના કેસમાં હવે નવો વળાંક આવ્યો છે. શિવસેનાના કોર્પોરેટર મહેશ મ્હાત્રે સામે દાખલ કરવામાં આવેલો કેસ સંપૂર્ણપણે ખોટો હોવાનો દાવો દર્દીની માતા સાધના કારંડેએ કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે કોર્પોરેટર હંમેશા મદદ માટે તત્પર રહ્યા છે અને ઘટનાના દિવસે પણ તેમણે માત્ર પરિવારની મદદ કરવાનો પ્રયાસ કર્યો હતો. સાધના કારંડેએ જણાવ્યું હતું કે, તેમની ગર્ભવતી પુત્રીને ઈમરજન્સીમાં હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. તે સમયે રસ્તાઓ પર પાણી ભરાયેલા હોવાથી અન્ય કોઈ હોસ્પિટલ સુધી પહોંચવું મુશ્કેલ હતું. આમ છતાં, કેડીએમસી હોસ્પિટલના સ્ટાફે સારવાર આપવાનો ઈનકાર કર્યો હતો અને તેમને સાયન હોસ્પિટલ લઈ જવાની સલાહ આપી હતી. પરિવારે અનેક વિનંતીઓ કરી હતી કે દીકરીની હાલત ગંભીર છે, છતાં તબીબો અને સ્ટાફે એક પણ વાત સાંભળી ન હતી. પરિવારની લાચારી જોઈને સાધના કારંડેએ કોર્પોરેટર મહેશ મ્હાત્રેને ફોન કર્યો હતો. સાધના કારંડેએ મીડિયા



સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, "અમે શું કરવું તે સમજાતું ન હતું, તેથી અમે 'દાદા' (મહેશ મ્હાત્રે) ને બોલાવ્યા. તેમણે હોસ્પિટલ સ્ટાફને પૂછ્યું કે ગંભીર સ્થિતિ હોવા છતાં સારવાર કેમ આપવામાં આવતી નથી. ડોક્ટરો ફોન પણ ઉપાડતા ન હતા, તેથી દાદા અમને મદદ કરવા માટે હોસ્પિટલ પહોંચ્યા હતા." તેમણે સ્પષ્ટ કર્યું કે મ્હાત્રે સામેનો કેસ પાયાવિહોણો છે. બીજી તરફ, પ્રેસ કોન્ફરન્સમાં મહેશ મ્હાત્રેએ સમગ્ર ઘટના અંગે અફસોસ વ્યક્ત કર્યો હતો. તેમણે સ્પષ્ટતા કરી હતી કે, "મેં કોઈ મહિલા ડોક્ટર પર હાથ નથી ઉઠાવ્યો. સીસીટીવી ફૂટેજમાં એંગલને કારણે તેવું દેખાઈ શકે છે.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ની વિદ્યાર્થીનીઓએ મનોવિજ્ઞાન વિષયે પીએચ.ડી કર્યું સંપન્ન.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૮, ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલય જૂનાગઢની બે વિદ્યાર્થીની કાનાણી વૈશાલીબેન મધુભાઇ અને ધરાઈયા મેઘનાબેન જનકભાઈએ મનોવિજ્ઞાન (હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ) વિષયમાં પીએચ.ડી અભ્યાસનાં આખરી વાઈવા દરમ્યાન પોતાનાં પ્રસ્તુત કર્યા હતા. કાનાણી વૈશાલી મધુભાઈએ A STUDY OF EFFECT OF PARENTING STYLE ON SOCIAL INTELLIGENCE AND SPIRITUAL INTELLIGENCE વિષયે પોતાનાં ગાઇડ ડો.કિરીટકુમાર એલ.નંદાણીયાની ઉપસ્થિતી માં પોતાનો થીસીસ આખરી વાઈવા દરમ્યાન રજુ કર્યો હતો.

### રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK) હેઠળ કેશોદ તાલુકાના માણેકવાડા ગામના 3 વર્ષના ભાગ્યવીરને મળ્યું નવું જીવન

નરેન્દ્ર દવે જૂનાગઢ

કેશોદ તા.૮ કેશોદ તાલુકાના માનેકવાડા ગામના 3 વર્ષીય બાળક ભાગ્યવીર અક્ષય ગઢવી જન્મજાત હૃદયરોગ (Congenital Heart Disease) થી પીડિત હતો. બાળક ને શ્વાસ ચડવો, થાક લાગવો તથા અન્ય આરોગ્ય સંબંધિત તકલીફો અનુભવાતી હતી. રાષ્ટ્રીય બાળક સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK) હેઠળ આરોગ્ય ટીમ દ્વારા કરવામાં આવેલી તપાસ દરમિયાન બાળકમાં જન્મજાત હૃદયની ખામી હોવાનું નિદાન થયું હતું.

### જુનાગઢ જિલ્લામાં પ્રથમ વખત: માત્ર ૧ મહિનાના નવજાત શિશુ 'રામ' પર લેપ્રોસ્કોપિક હર્નિયા સર્જરી સફળતાપૂર્વક સંપન્ન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જુનાગઢતા.૭: જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલ (સિવિલ હોસ્પિટલ), જુનાગઢ ખાતે તબીબી ક્ષેત્રે એક સુવર્ણ અને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ થઈ છે. હોસ્પિટલ ખાતે સારવાર મેળવી રહેલા દર્દી નીમુબેન અને શૈલેષભાઈ અત્રોલિયાના માત્ર ૧ મહિનાના નવજાત પુત્ર 'રામ' ને જમણી બાજુના જન્મજાત સારણ ગાંઠ (Congenital Inguinal Hernia) હોવાનું નિદાન થયું હતું.

## 32 રસ્તાઓ પર ટ્રાફિક જામ, કાટમાળ હટાવવા યુદ્ધના ધોરણે કામગીરી

# ઉત્તરાખંડમાં તોફાની વરસાદ બાદ નદીઓ ગાંડીતૂર, ભૂસ્ખલન થવાને લીધે 32થી વધુ રોડ ઠપ

(એજન્સી) ઉત્તરાખંડ | તા.08

ઉત્તરાખંડમાં ચોમાસાના ભારે વરસાદે હાહાકાર મચાવ્યો છે. ભૂસ્ખલનને કારણે 32 મુખ્ય રસ્તાઓ બંધ થતાં અવરજવર ખોરવાઈ છે. અલકનંદા સહિતની નદીઓ બે કાંઠે વહે છે. પંતનગરમાં 107 મીમી વરસાદ નોંધાયો. રસ્તાઓ ખોલવા તંત્ર યુદ્ધના ધોરણે કામગીરી કરી રહ્યું છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ ભારે વરસાદની આગાહી કરતા લોકોને સાવચેત રહેવા અપીલ કરાઈ છે.ઉત્તરાખંડમાં ચોમાસાનો વરસાદ આફત લઈને આવ્યો છે. રાજ્યમાં થઈ રહેલા ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં ભયાનક ભૂસ્ખલનની ઘટનાઓ સામે આવી છે. ભૂસ્ખલનને લીધે અનેક રસ્તાઓ બંધ થઈ ગયા છે. જેના કારણે લોકોને અવરજવર કરવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ રસ્તાઓ પરથી કાટમાળ હટાવવા માટે તંત્રની વિવિધ ટીમો સતત દોડધામ કરી રહી છે. આ ઉપરાંત, સતત વરસી રહેલા વરસાદને કારણે અલકનંદા સહિતની પ્રમુખ નદીઓ બે કાંઠે વહી રહી છે અને જળ સ્તરમાં ચિંતાજનક વધારો થયો છે.રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર તરફથી મળેલી માહિતી



અનુસાર, ઉત્તરાખંડમાં હાલમાં 32 જેટલા મુખ્ય રસ્તાઓ ભૂસ્ખલનના કારણે સંપૂર્ણપણે બંધ થઈ ગયા છે. ઉચ્ચ અધિકારીઓએ જણાવ્યું છે કે રસ્તાઓ પરથી પથ્થરો અને કાટમાળ હટાવીને વાહનવ્યવહાર ઝડપથી પુનઃસ્થાપિત કરવા માટે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. સંબંધિત વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ આ માર્ગોને વહેલી તકે સાફ કરવા માટે ઘટનાસ્થળે તહેનાત છે, જેથી મુસાફરો અને સ્થાનિક લોકોને જલ્દી રાહત મળી શકે.દેહરાદૂન હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજ્યમાં મંગળવારે સાર્વત્રિક ભારે વરસાદ નોંધાયો હતો. જેમાં પંતનગરમાં સૌથી વધુ 107 મીમી વરસાદ ખાબક્યો હતો. આ સિવાય ચોરગલિયામાં 79.5 મીમી, રુદ્રપુરમાં 43.5 મીમી, યમકેશ્વરમાં 38 મીમી અને કિચ્છામાં 32.5 મીમી વરસાદ નોંધાયો છે. જ્યારે ખાનપુરમાં 27 મીમી, તેમજ દેહરાદૂન અને લક્સરમાં 19-19 મીમી વરસાદ રેકોર્ડ થયો છે. આ ઉપરાંત હાથીબડકલામાં 15 મીમી, પિથોરાગઢમાં 8.9 મીમી અને લોહાઘાટમાં 8 મીમી વરસાદ નોંધાતા જનજીવન પ્રભાવિત થયું છે.

હવામાન વિભાગે આગામી સમય માટે પણ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. ખાસ કરીને દેહરાદૂન, હરિદ્વાર, પૌડી, ઉધમ સિંહ નગર, નૈનીતાલ, ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ, પિથોરાગઢ અને બાગેશ્વર જેવા પહાડી તેમજ મેદાની જિલ્લાઓમાં કેટલીક જગ્યાએ ભારે વરસાદનું અનુમાન લગાવવામાં આવ્યું છે. જેને પગલે તંત્ર દ્વારા સ્થાનિક લોકોને અને પ્રવાસીઓને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

**AVAILABLE FOR SALE**

| MAKE | MODEL | REG NO |
|---|---|---|
| MARUTI ALTO VXI TAXI | 2024 | GJ-01-LT-5310 |
| MARUTI ERTIGA VXI | 2024 | GJ-01-KT-9771 |
| MAHINDRA ZOR GRAND DV 3 WHEELER | 2025 | GJ-01-TK-2653 |

IN "AS IS WHERE IS CONDITION"
CONTACT: - SUNDARAM FINANCE LTD.
212- 214, B WING, SUND WEST BANK BUILDING,
OPP VALLBH SADAN, ASHRAM ROAD AHMEDABAD 380009
WITHIN 3 DAYS PH: 9824091977 / 9723708989

## આનંદનગરમાં બેંકના નિવૃત કર્મચારી સાથે 11.42 લાખની ઠગાઈ

અમદાવાદ | અમદાવાદના એક નિવૃત બેંક કર્મચારીને APK ફાઈલ મોકલી 11.42 લાખની ઠગાઈ થઈ છે.વૃદ્ધે બેંકના ગ્રુપમાં આવેલી બેંક હેલ્પની લિંક પર ક્લિક કરતા અજાણ્યા શખ્સે વૃદ્ધ સાથે બેંક મેનેજર બનીને વાતચીત કરી હતી અને વૃદ્ધને એપીકે ફાઈલ મોકલી હતી. જે ડાઉનલોડ કરતા વૃદ્ધના ખાતામાંથી એફડી સહિત કુલ 11.42 લાખ રૂપિયા ઉપડી ગયા હતા. જે અંગે વૃદ્ધે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.આનંદનગર વિસ્તારમાં રહેતા 76 વર્ષીય વૃદ્ધિ યુનિયન બેંકમાં ફરજ બજાવતા હતા.


# સિટી એક્સપ્રેસ

THURSDAY 09 JULY-2026

AHMEDABAD


## અંબિકા નદી ગાંડીતૂર:વલસાડના મધુબન ડેમના 8 દરવાજા ખોલાયા

વલસાડ | ગુજરાત પર એક સાથે પાંચ શક્તિશાળી હવામાન સિસ્ટમ સક્રિય થતાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. 8 જુલાઈના રોજ સવારે 6 વાગ્યાથી 10 વાગ્યા સુધામાં 59 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમા સૌથી વધુ વલસાડના કપરાડામાં 1.26 ઈંચ અને નાનાપોંઢામાં 1.14 ઈંચ વરસાદ પડ્યો છે.રાજ્યના હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, વેલ માર્ક લો પ્રેશર, 2 ટ્રફ સક્રિય થતા વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે પણ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદની અગાહી કરવામાં આવી છે.





# 16 ઈંચ વરસાદથી નવસારી પાણીમાં ડૂબ્યું

## કેડસમા પાણી વચ્ચે સ્થાનિકોની વેદના- પાલિકાએ એકવાર ખીચડી ખાવા આપી, પછી કોઈ નથી આવ્યું

નવસારી | નવસારી જિલ્લામાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા સમગ્ર જિલ્લાનું જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. 7 જુલાઈએ મોડી રાત સુધીમાં વરસેલા અવિરત 16 ઈંચ જેટલા ભારે વરસાદને કારણે નવસારી શહેર પાણી-પાણી થઈ ગયું છે. ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે પૂર્ણા નદીના જળસ્તરમાં ભયજનક વધારો થયો છે. પૂર્ણા નદી પોતાની ભયજનક સપાટીથી 4 ફૂટ ઉપર એટલે કે 27 ફૂટે વહેતી થતાં શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પૂરના પાણી ફરી વળ્યા હતા.

પૂરની ગંભીર સ્થિતિને જોતા તંત્ર દ્વારા તાબડતોબ 2000થી વધુ લોકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરાવવાની ફરજ પડી હતી. ત્યારે દિવ્યભાસ્કરની ટીમ મહાનગરના સૌથી વધુ પ્રભાવિત વિસ્તારો ભેંસતખાડા અને કાશીવાડી વિસ્તારમાં પહોંચીને સ્થિતિ જાણી હતી. અહીં ભેંસતવાડામાં 7 ફૂટ અને કાશીવાડીમાં 9 ફૂટ પાણી ઘૂસ્યા છે. જેથી જનજીવન પ્રભાવિત થયું છે.

શહેરના ભેંસતખાડા વિસ્તારમાં પૂરના પાણી ઘૂસી જતાં અંદાજે 100થી 150 જેટલા ઘરો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ઘરોમાં 6થી 7 ફૂટ જેટલા પાણી ભરાઈ જતાં સ્થાનિકોને ભારે નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. જોકે, ગઈકાલે બપોરથી જ વરસાદનું જોર જોઈને લોકો સજાગ થઈ ગયા હતા અને પોતાની કિંમતી ઘરવખરી સુરક્ષિત સ્થાને અથવા માળિયા ઉપર ચડાવી દીધી હતી. તેમ છતાં, પાણીનું સ્તર એટલું ઊંચું હતું કે લોકોના ઈલેક્ટ્રોનિક સામાન, કપડાં તેમજ અનાજ સહિતની ચીજવસ્તુઓને મોટું નુકસાન પહોંચ્યું છે.

### નવસારીમાં 'રેડ એલર્ટ', તંત્ર એલર્ટ મોડમાં

હવામાન વિભાગ દ્વારા આજે પણ નવસારી જિલ્લાને 'રેડ એલર્ટ' પર રાખવામાં આવ્યો છે, જેને પગલે નાગરિકોમાં ભારે ચિંતાનો માહોલ છે. જો ઉપરવાસના જિલ્લાઓમાં ફરી ભારે વરસાદ થશે, તો નવસારીમાં પૂરની સ્થિતિ વધુ વણસી શકે છે. હાલની નાજુક પરિસ્થિતિ અને નદીની સપાટીને ધ્યાનમાં રાખીને મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણપણે સતર્ક અને એલર્ટ મોડમાં છે. હવે જોવાનું એ રહે છે કે મેઘરાજા ખમૈયા કરે છે કે ફરી પોતાનું રૌદ્ર સ્વરૂપ બતાવે છે.

આ કપરી પરિસ્થિતિમાં સ્થાનિક કોર્પોરેટર દ્વારા લોકોને સમયસર સજાગ કરી ચેતવવામાં આવ્યા હતા અને સ્થળાંતરિત થયેલા લોકો માટે નજીકની 'ધીમ્મર સમાજની વાડી'માં રહેવા તેમજ જમવાની સુવિધા ઊભી કરવામાં આવી હતી. દરિયામાં ભરતી હોવાના કારણે હાલમાં પાણી ઓસરવાની ગતિ ધીમી છે, પરંતુ ભરતી ઉતરતા જ પાણી ઝડપથી ખાલી થાય તેવી આશા છે.

બીજી તરફ, શહેરના કાશીવાડી વિસ્તારમાં પણ આકાશી આફતે ભારે તારાજી સર્જી છે. ગઈકાલ સાંજથી જ આ નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાવાના શરૂ થયા હતા. પૂર્ણા નદી 27 ફૂટે પહોંચતા કાશીવાડીમાં 8થી 9 ફૂટ જેટલા પૂરના પાણી ફરી વળ્યા હતા, જેના કારણે આશરે 300થી વધુ ઘરોના પરિવારોને રાતોરાત ઘર છોડી સ્થળાંતર કરવું પડ્યું હતું. પાણીનો પ્રવાહ એટલો તેજ હતો કે તે લોકો માટે જોખમરૂપ સાબિત થયો હતો. ઘરોમાં પાણી ભરાઈ જવાથી રોજિંદી ચીજવસ્તુઓ અને અનાજ પલળી જતાં ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો પાયમાલ થઈ ગયા છે.

સ્થાનિકોએ તંત્ર સામે આક્રોશ ઠાલવતા આક્ષેપ કર્યો છે કે, આટલી ગંભીર સ્થિતિ હોવા છતાં અત્યાર સુધી મહાનગરપાલિકા કે તંત્રનો કોઈ અધિકારી અમારી વહારે આવ્યો નથી, અને અહીં કોઈ ફૂડ પેકેજની વ્યવસ્થા પણ પહોંચાડવામાં આવી નથી. જોકે, વહેલી સવારથી પૂર્ણા નદીનું જળસ્તર ઘટવા માંડતા લોકોએ થોડી રાહતનો શ્વાસ લીધો છે અને પોતાના ઘરો તરફ પરત ફરી રહ્યા છે. પરંતુ હજુ પણ 4 ફૂટ જેટલા પાણી ભરાયેલા હોવાથી મુશ્કેલીઓ યથાવત છે.

# સરદારનગરની ગુજરાતી-હિન્દી સ્માર્ટ સ્કૂલ રોડ પર વરસાદી પાણી ભરાયા

### બાળકો ગંદા પાણીમાં ચાલવા મજબૂર, વરસાદ બંધ થયા બાદ પાણી ભરાયેલા





અમદાવાદ | અમદાવાદમાં છેલ્લા બે દિવસમાં સરેરાશ એક ઈંચ જેટલો વરસાદ પડ્યો છે, ત્યારે અલગ અલગ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા હતા. વરસાદ બંધ થયા બાદ પણ તંત્ર દ્વારા વરસાદી નિકાલના પાણીની કામગીરી ન કરવામાં આવી હોવાના દ્રશ્યો સામે આવ્યા છે. ગઈકાલે 7 જુલાઈએ સરદારનગર વિસ્તારમાં પોલીસ ચોકી નજીક જવાહર કોલોની પાસે આવેલી મ્યુનિસિપલ કોર્પોરેશનની સરદારનગર ગુજરાતી અને હિન્દી સ્માર્ટ સ્કૂલ પાસે વરસાદી પાણી ભરાયેલા હતાં. સ્કૂલે જતા બાળકોને વરસાદી પાણીમાંથી પસાર થવું પડી રહ્યું છે. મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી, ત્યારે તંત્ર સામે અનેક સવાલ ઊભા થયા છે.

સરદાર નગર વિસ્તારમાં પોલીસ ચોકી નજીક જવાહર કોલોનીમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સરદારનગર ગુજરાતી અને હિન્દી સ્માર્ટ સ્કૂલ આવેલી છે. સ્કૂલે જવાના રોડ ઉપર વરસાદ બંધ થયા બાદ પણ વરસાદી પાણી ભરાયેલા છે, જેના કારણે થઈને સ્કૂલે જતા બાળકોને વરસાદી પાણીમાંથી પસાર થવું પડે તેવી સ્થિતિ જોવા મળી રહી છે. સવારે સ્કૂલે જઈ રહેલા બાળકોને વરસાદના ગંદા પાણીમાંથી ચાલીને સ્કૂલે જવું પડી રહ્યું છે જેના કારણે બાળકોના પગ અને કપડા પણ ખરાબ થયા છે. સ્કૂલે જતા વાહનો પણ પાણીમાંથી પસાર થઈ રહ્યા છે.

# ગુજરાતના માછીમારોના હિતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો મહત્વપૂર્ણ નિર્ણય...

### માછીમારોની યાંત્રિક બોટમાં વપરાતા ડીઝલ પર વેટ રાહત આપવાની યોજનામાં કરાયો મહત્વપૂર્ણ સુધારો : બોટની ૨૦ મીટરની લંબાઈની મર્યાદા સંપૂર્ણપણે નાબૂદ

અમદાવાદ | મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં આજે મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં માછીમાર ભાઈઓના આર્થિક ઉત્થાન અને સર્વાંગી વિકાસ માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો આપતા પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, માછીમારોની યાંત્રિક બોટમાં વપરાતા ડીઝલ પર વેટ રાહત આપવાની યોજનામાં મહત્વપૂર્ણ સુધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પ્રવક્તા મંત્રીશ્રીએ વિગતવાર માહિતી આપતા ઉમેર્યું હતું કે, અગાઉના નિયમ મુજબ આ યોજનાનો લાભ માત્ર ૨૦ મીટરથી ઓછી લંબાઈ ધરાવતી યાંત્રિક બોટોને જ મળતો હતો. હવે માછીમાર સમુદાયના વ્યાપક હિતમાં આ ૨૦ મીટરની મર્યાદાને સંપૂર્ણપણે દૂર કરવાનો નિર્ણય લેવાયો છે. આ સુધારાના પરિણામે હવે રાજ્યની ડીપ-સી બોટો સહિત તમામ યાંત્રિક ફિશિંગ બોટો આ યોજનાનો લાભ મેળવી શકશે.

આ લાભ મેળવવા માટે જે-તે ફિશિંગ બોટની નોંધણી 'રિયલ ક્રાફ્ટ પોર્ટલ' પર થયેલી હોવી જોઈએ તેમજ બોટ પાસે માન્ય ફિશિંગ લાયસન્સ હોવું અનિવાર્ય છે. આ મહત્વપૂર્ણ નિર્ણયથી રાજ્યની નોંધાયેલી ૧૮,૦૦૦થી વધુ યાંત્રિક ફિશિંગ બોટો હવે ડીઝલ વેટ રાહત મેળવવા માટે પાત્ર બની છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

વધુ વિગતો આપતાં તેમણે કહ્યું હતું કે, આ યોજના હેઠળ પાત્રતા ધરાવતી તમામ યાંત્રિક બોટોને સરકાર દ્વારા 'ડીઝલ કાર્ડ' આપવામાં આવશે. આ કાર્ડ ધારક બોટોને પ્રતિ લિટર મહત્તમ રૂ. ૧૫/- લેખે ડીઝલ વેટ રાહત મળશે. જો વેટની રકમ રૂ. ૧૫ કરતાં ઓછી હશે, તો તે મુજબ સબસિડી મળવાપાત્ર રહેશે.

નાના, મધ્યમ અને મોટા–તમામ વર્ગના માછીમારોને આ સમાન લાભ મળવાને કારણે તેમના ડીઝલના દૈનિક ખર્ચમાં મોટો ઘટાડો થશે, જેનાથી તેમની આર્થિક સ્થિતિ મજબૂત બનશે અને આવકમાં નોંધપાત્ર વધારો થશે.

હજુ પણ જે માછીમાર બંધુઓને રિયલ ક્રાફ્ટ પોર્ટલ પર નોંધણી અથવા ફિશિંગ લાયસન્સ મેળવવાનું બાકી હોય તો તે સત્વરે પૂર્ણ કરવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો છે.

# અમદાવાદ સલામત ડ્રાઈવિંગમાં ગુજરાતનું નેતૃત્વ કરે છે

### ઝુનો ઈન્ડિયા રોડ સેફ્ટી રિપોર્ટ 2026

અમદાવાદ : નવા યુગની ડિજિટલ કંપની કંપની ઝુનો જનરલ ઈન્શ્યુરન્સે ઈન્ડિયા રોડ સેફ્ટી રિપોર્ટ (આઈઆરએસઆર) 2026 બહાર પાડ્યો છે, જેમાં જાણવા મળ્યું છે કે અમદાવાદે 3.48 મિલિયન કિલોમીટર ડ્રાઈવિંગ વર્તણૂકને આવરી લેતી 3 લાખથી વધુ ટ્રિપ્સના વિશ્લેષણના આધારે ગુજરાતનો સૌથી વધુ સલામત ડ્રાઈવિંગ સ્કોર 92 નોંધાવ્યો છે. અમદાવાદ વિશ્લેષણ કરાયેલાં 17 રાજ્યોમાં 4.5 મિલિયનથી વધુ ટ્રિપ્સ, 55 મિલિયન કિલોમીટર ડ્રાઈવિંગ વર્તણૂક અને ઝુનો સ્માર્ટડ્રાઈવ એપ્લિકેશનના 27 હજારથી વધુ સક્રિય વપરાશકર્તાઓના ડેટાના વ્યાપક મૂલ્યાંકનનો ભાગ છે.

સ્માર્ટફોન- આધારિત ટેલિમેટિક્સ ટેકનોલોજી પર આધારિત આ અહેવાલ ઓવર-સ્પીડિંગ, અચાનક બ્રેકિંગ, સખત એક્સિલરેશન, કોર્નરિંગ અને વિચલિત ડ્રાઈવિંગમાં વાસ્તવિક દુનિયાની ડ્રાઈવિંગ વર્તણૂકનું મૂલ્યાંકન કરે છે. અમદાવાદે 95નો મજબૂત ઓવર-સ્પીડિંગ સ્કોર પણ નોંધાવ્યો, જે શહેરી ટ્રાફિકની માગણી હોવા છતાં શિસ્તબદ્ધ ડ્રાઈવિંગ વર્તણૂકને પ્રતિબિંબિત કરે છે. આ તારણો ડ્રાઈવિંગ પેટર્ન વસતિ વિષયક લાક્ષણિકતાઓ કરતાં રસ્તાના જોખમની વધુ સારી સમજ આપે છે અને સમગ્ર ભારતમાં માર્ગ સલામતી પરિણામોને સુધારવા માટે વર્તન-આધારિત હસ્તક્ષેપોની જરૂરિયાતને અધોરેખિત કરે છે.

ઈન્ડિયા રોડ સેફ્ટી રિપોર્ટ 2026નાં મુખ્ય તારણો:

* અમદાવાદે 3.48 મિલિયન કિલોમીટર ડ્રાઈવિંગ વર્તણૂકને આવરી લેતી 3 લાખથી વધુ ટ્રિપ્સના વિશ્લેષણના આધારે 92નો સલામત ડ્રાઈવિંગ સ્કોર નોંધાવ્યો.
* રાત્રે 8 વાગ્યા પછી તીવ્ર ઘટાડો થતાં પહેલાં ડ્રાઈવિંગ સ્કોર દિવસના મોટા ભાગના સમય દરમિયાન સ્થિર રહે છે.
* સૌથી જોખમી ડ્રાઈવિંગ કલાક રાત્રે 9 વાગ્યાથી રાત્રે 10 વાગ્યા સુધી (સ્કોર: 86) છે, જ્યારે બપોરે 1 વાગ્યાથી બપોરે 2 વાગ્યા સુધી (સ્કોર: 93) સૌથી સલામત છે.
* અચાનક બ્રેક મારવી (87) અને તીવ્ર એક્સિલરેશન (91) ભારતીય વાહનચાલકોમાં સૌથી નબળાં વર્તણૂકીય પરિમાણો તરીકે ઊભરી આવ્યાં છે.
* મોસમી પરિસ્થિતિઓનો ડ્રાઈવિંગ વર્તન પર મર્યાદિત પ્રભાવ પડ્યો, ઉનાળુ, ચોમાલુ અને શિયાળા દરમિયાન સરેરાશ સ્કોર મોટા ભાગે સુસંગત રહ્યો.

અહેવાલ મુજબ ભારતમાં 80%થી વધુ માર્ગ અકસ્માતો માટે વર્તણૂકીય પરિબળો જવાબદાર છે, જે જાગૃતિ, અમલીકરણ અને ટેકનોલોજી- આધારિત હસ્તક્ષેપોના સંયોજન દ્વારા ગતિ, વિક્ષેપ અને અસુરક્ષિત દાવપેચને સંબોધવાના મહત્ત્વને રેખાંકિત કરે છે.

આ અહેવાલ પર ટિપ્પણી કરતાં ઝુનો જનરલ ઈન્શ્યુરન્સના એમડી અને સીઈઓ શનાઈ ઘોષે જણાવ્યું હતું કે, 'માર્ગ સલામતી ભારતના સૌથી મહત્ત્વપૂર્ણ જાહેર પડકારોમાંનો એક છે, જે જીવન, આજીવિકા અને આર્થિક ઉત્પાદકતાને અસર કરે છે. ઝુનો સ્માર્ટડ્રાઈવ દ્વારા અમે લાખો મુસાફરી દરમિયાન ડ્રાઈવિંગ વર્તનનો પ્રથમ હરોળમાં દ્રષ્ટિકોણ રાખ્યો છે અને એક સમજ સ્પષ્ટપણે ઊભરી આવે છે: માર્ગ અકસ્માતો ઘણી વાર ઓળખી શકાય તેવી અને માપી શકાય તેવી વર્તણૂકીય પેટર્ન દ્વારા થાય છે. ઈન્ડિયા રોડ સેફ્ટી રિપોર્ટ 2026 દર્શાવે છે કે ડેટા, ડ્રાઈવિંગ પેટર્ન અને ટેકનોલોજી સુરક્ષિત રસ્તાઓ બનાવવા માટે માળખાગત સુવિધાઓ, અમલીકરણ અને વાહન સલામતીનાં પગલાંને કેવી રીતે પૂરક બનાવી શકે છે. ભારત તેનાં માર્ગ સલામતી લક્ષ્યો તરફ કામ કરે છે તેમ ડ્રાઈવિંગ વર્તન પ્રત્યે વધુ જાગૃતિ લાવવા અને સલામત ટેવોને પ્રોત્સાહન આપવાથી મૃત્યુ ઘટાડવા અને પરિણામો સુધારવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકાય છે.'

ભારત વાર્ષિક આશરે 1.73 લાખ માર્ગ મૃત્યુ નોંધે છે, જે વૈશ્વિક માર્ગ મૃત્યુના લગભગ 11% હિસ્સો ધરાવે છે, જ્યારે માર્ગ અકસ્માતો જીડીપીના 3-5% આર્થિક બોજ લાદે છે. લગભગ બેતૃતીયાંશ મૃત્યુ 18-45 વર્ષની વયના લોકોમાં થાય છે. રસ્તા પર થતાં કુલ મૃત્યુમાં ટુ-વ્હીલર સવારોનો હિસ્સો 44% છે, જ્યારે રાહદારીઓનો હિસ્સો લગભગ 19% છે, જે સંવેદનશીલ માર્ગ વપરાશકર્તાઓ પર અપ્રમાણસર અસરને પ્રકાશિત કરે છે.

# ફરજિયાત TET પરીક્ષાને લઈને પ્રાથમિક શિક્ષક સંઘની ગાંધીનગર કૂચ : 11 જુલાઈએ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા પ્રદર્શન, 30 હજારથી વધુ શિક્ષકો સરકારને ઘેરશે

અમદાવાદ | ખેડૂતોના આંદોલન બાદ હવે શિક્ષકો પણ સરકાર સામે મોરચો ખોલવા ગાંધીનગર જઈ રહ્યા છે. સુપ્રીમ કોર્ટના TET ફરજિયાતના નિર્ણય બાદ રાજ્યમાં 2010 પહેલાં ભરતી થયેલા શિક્ષકોમાં અસંતોષ ફેલાયો છે. જેથી 2010 પહેલાના શિક્ષકોને TETમાંથી મુક્તિ આપવાની માગ સાથે રાજ્યભરમાં જિલ્લા કક્ષાએ વિરોધ અને ધરણા પ્રદર્શન કર્યા હતા.

છતાં પણ માંગણીઓ ન સ્વીકારવામાં આવતા હવે ગાંધીનગરમાં શિક્ષકો ધરણા પ્રદર્શન કરશે. 11 જુલાઈએ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણામાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી 30 હજારથી વધુ શિક્ષકો જોડાશે. 2010 પહેલાં નિયુક્ત થયેલા શિક્ષકોને TETમાંથી મુક્તિ આપવાની માંગ સાથે દિવસ ધરણા પ્રદર્શન કરશે.

સુપ્રીમ કોર્ટે શિક્ષકો માટે એક મહત્વનો ચુકાદો આપતાં નિર્દેશ આપ્યો હતો કે, શિક્ષણ સર્વિસ સાથે જોડાયેલા તમામ શિક્ષકો માટે નોકરી ચાલુ રાખવા અથવા બઢતી મેળવવા માટે ટિચર્સ એલિજિબિલિટી ટેસ્ટ (TET) પાસ કરવી ફરજિયાત રહેશે. જે શિક્ષકોની નોકરીને પાંચ વર્ષથી વધુ સમય બાકી છે, તેમણે TET પાસ કરવી ફરજીયાત કરવામાં આવ્યું છે. જો તેઓ આમ નહીં કરે તો રાજીનામું આપવું પડશે અથવા ફરજિયાત નિવૃત્તિ લેવી પડશે. જોકે કોર્ટે માત્ર પાંચ વર્ષ બાકી રહેલા શિક્ષકોને રાહત આપી છે.

જેથી સુપ્રીમ કોર્ટના આ નિર્ણયના કારણે અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ અને અન્ય શૈક્ષિક સંઘ દ્વારા વિરોધ પ્રદર્શન અને ધરણા પ્રદર્શન કરવામાં આવ્યું હતું. શિક્ષકોનો દાવો છે કે જે તે સમયે તે લોકો નોકરીમાં લાગ્યા ત્યારે નિયમ મુજબ લાગ્યા હતા જેથી હવે 2010 પહેલાના શિક્ષકોને TET પરીક્ષા આપવી જરૂરી નથી.

જેથી 2010 પહેલાના શિક્ષકોને TETમાંથી મુક્તિ આપવાની માગ સાથે રાજ્યભરમાં જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ધરણા પ્રદર્શન કરી કલેક્ટરને આવેદનપત્ર પણ આપ્યું હતું. 33 જિલ્લામાં 3 દિવસ સુધી અલગ અલગ પ્રકારે ધરણા પ્રદર્શન અને આંદોલનાત્મક કાર્યક્રમ કર્યા હતા. પરંતુ તે બાદ પણ 2010 પહેલાના શિક્ષકોને TETમાંથી મુક્તિ આપવાની માગ સ્વીકારવામાં આવી નહતી.

11 જુલાઈએ ગાંધીનગરમાં 30 હજારથી વધુ શિક્ષકો સરકારને ઘેરશે

જેના કારણે હવે અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ અને શિક્ષકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રાજ્યભરમાં જિલ્લા કક્ષાએ વિરોધ કાર્યક્રમો યોજવાની જાહેરાત કર્યા બાદ હવે 11 જુલાઈએ ગાંધીનગરના સેક્ટર 6માં આવેલા સત્યાગ્રહ છાવણી ખાતે રાજ્યસ્તરીય ધરણા પ્રદર્શન કરવાની જાહેરાત કરવામાં આવી છે.

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના આહ્વાન બાદ ગાંધીનગર ખાતે યોજાનારા ધરણા પ્રદર્શનમાં અમદાવાદ સહિત રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં શિક્ષકો જોડાવાના છે. સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા પ્રદર્શન કરી શિક્ષકો સરકાર સમક્ષ 2010 પહેલાના શિક્ષકોને TETમાંથી મુક્તિ આપવા માગ કરશે.

# નશામાં AMTSનો ડ્રાઈવર રસ્તો ભૂલી ગયો, રિવરફ્રન્ટમાં બસ ઘુસાડી પોલીસે પૂછતા કોઈ ભાન જ નહોતું



અમદાવાદ | અમદાવાદના AMTS બસના ડ્રાઈવરે બેફામ બસ દોડાવીને અકસ્માતની ગંભીર બેદરકારીનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં દારૂના ચિક્કાર નશામાં AMTS બસના ડ્રાઈવરે AMTS બસ
એલિસબ્રિજ પર ચઢાવવાની જગ્યાએ રિવરફ્રન્ટમાં ઘુસાડી દીધી હતી. જ્યાં બ્રિજની નીચે જ ડીવાઈડરને ટક્કર મારી હતી. આસપાસના લોકો ભેગા થતા પોલીસને જાણ કરી હતી જેથી પોલીસે ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધી બસ કબ્જે કરી છે.

7 જુલાઈએ મોડી રાતે 12 વાગ્યાની આસપાસ સાળંગપુરથી એક AMTS બસ પૂરઝડપે એલિસબ્રિજ તરફ જઈ રહી હતી. બસ બ્રિજ ચઢવાની જગ્યાએ બ્રીજની નીચે રિવરફ્રન્ટના રસ્તે જતી હતી. AMTS બસ બ્રિજની નીચેના ડીવાઈડર સાથે ટકરાઈ હતી. અકસ્માત જોઈને આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા. ડ્રાઈવરની તપાસ કરી તો ડ્રાઈવર દારૂના નશામાં હતો જેથી પોલીસને જાણ કરવામાં આવી હતી. બનાવની જાણ થતા બી ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્થળ પર પહોંચી હતી. પોલીસે ડ્રાઈવર સામે ગુનો નોંધી અટકાયત કરી હતી.

ડ્રાઈવર પાસેથી દારૂની ગંધ આવતી હતી જેથી તપાસ કરતા ડ્રાઈવર ચોક્કસ દારૂના નશામાં હોવાનું સામે આવ્યું છે. પોલીસે ડ્રાયવરને રૂટ વિશે પૂછ્યું ત્યારે ડ્રાઈવરને કોઈ ભાન જ નહોતું. આ અકસ્માતના બનાવમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન્હોતી.પરંતુ ડ્રાઈવરની બેદરકારીને કારણે મોટી દુર્ઘટના પણ થઈ શકતી હતી.આ ઘટના બાદ AMTS તંત્ર સામે પણ સવાલ ઊભા થઈ રહ્યા છે.